
ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજા વિરચિત

# વિનયદ્વાત્રિંશિકા

## શબ્દશઃ વિવેચન

## ઓગણત્રીશમી બત્રીશી



વિવેચક : પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મહામહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજા વિરચિત
દ્વાત્રિંશદ્દ્વાત્રિંશિકા અંતર્ગત

# વિનયદ્વાત્રિંશિકા

## શબ્દશઃ વિવેચન

✣ મૂળ ગ્રંથકાર તથા ટીકાકાર ✣

**લઘુહરિભદ્રસૂરિ મહામહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજા**

✦ આશીર્વાદદાતા ✦

વ્યાખ્યાનવાચસ્પતિ, શાસનપ્રભાવક સ્વ. પ. પૂ. આચાર્યદેવેશ
શ્રીમદ્વિજય **રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા** તથા
ષડ્દર્શનવેત્તા, પ્રાવચનિકપ્રતિભાધારક સ્વ. પ. પૂ. મુનિપ્રવર
શ્રી **મોહજિતવિજયજી મહારાજા** તથા વર્તમાન શ્રુતમર્મજ્ઞાતા વિદ્વાન
**પ. પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજા**

✣ વિવેચનકાર ✣

**પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા**

✪ સંકલન ✪

**સ્મિતા ડી. કોઠારી**

✣ પ્રકાશક ✣

गीतार्थ गंगा

૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# વિનયદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન

❖ વિવેચનકાર ❖

**પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા**


વીર સં. ૨૫૩૫ ❖ વિ. સં. ૨૦૬૫

આવૃત્તિ : પ્રથમ ❖ નકલ : ૩૦૦

મૂલ્ય : રૂ. ૫૫-૦૦


卐 આર્થિક સહયોગ 卐

ધાનેરા નિવાસી
ચંદનબેન કનૈયાલાલ પાનસોવોરા


: મુખ્ય પ્રાપ્તિસ્થાન :

ગીતાર્થ ગંગા

૯-૭

૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

❋ મુદ્રક ❋

નવરંગ પ્રિન્ટર્સ

આસ્ટોડીયા, અમદાવાદ-૧. ફોન : (મો.) ૯૪૨૮૫૦૦૪૦૧ (ઘર) ૨૬૬૧૪૬૦૩



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## 卐 : પ્રાપ્તિસ્થાન : 卐

*** અમદાવાદ :**

**ગીતાર્થ ગંગા**
૫, જૈન મર્ચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.
☎ (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ૩૨૯૧૧૪૭૧

*** મુંબઈ :**

**શ્રી નિકુંજભાઈ આર. ભંડારી**
વિષ્ણુ મહલ, ત્રીજે માળે,
ગરવારે પેવેલીયનની સામે,
ડી-રોડ, ચર્ચગેટ, મુંબઈ-૪૦૦૦૨૦.
☎ (૦૨૨) ૨૨૮૧૪૦૪૮

**શ્રી લલિતભાઈ ધરમશી**
૩૦૨, ચંદનબાળા એપાર્ટમેન્ટ,
જવાહરલાલ નહેરુ રોડ,
સર્વોદય પાર્શ્વનાથનગર,
જૈન દેરાસર પાછળ, મુલુંડ (વે), મુંબઈ-૮૦.
☎ (૦૨૨) ૨૫૬૮૦૬૧૪, ૨૫૬૮૬૦૩૦

*** સુરત :**

**ડૉ. પ્રફુલભાઈ જે. શેઠ**
ડી-૧, અર્પણ એપાર્ટમેન્ટ,
બાબુ નિવાસની ગલી,
ટીમલીયાવાડ, સુરત-૩૯૫૦૦૧.
☎ (૦૨૬૧) ૩૨૨૮૬૨૩

*** BANGALORE :**

**Shri Vimalchandji**
C/o. J. NEMKUMAR & COMPANY
Kundan Market, D. S. Lane,
Chickpet Cross, Bangalore-53.
☎ (080) (O) 22875262, (R) 22259925

**શ્રી નટવરભાઈ એમ. શાહ (આફ્રિકાવાળા)**
ફ્લેટ નં. ૫૦૧, બ્લોક-એ, રિદ્ધિવિનાયક ટાવર,
વિજયનગર રેલ્વે ક્રોસિંગની પાસે, નારણપુરા,
અમદાવાદ-૧૩.
☎ (૦૭૯) ૨૭૪૭૮૫૧૨

**શ્રી હિમાંશુભાઈ એન. શેઠ**
એ-૨/૪૧, અશોક સમ્રાટ, ત્રીજે માળે,
દફતરી રોડ, ગૌશાળા લેન, બીના જ્વેલર્સની
ઉપર, મલાડ (ઈ.), મુંબઈ-૪૦૦૦૯૭.
☎ (૦૨૨) ૩૨૪૩૮૪૩૪
(મો.) ૯૩૨૨૨૬૪૮૫૧

*** જામનગર :**

**શ્રી ઉદયભાઈ શાહ**
C/o. મહાવીર અગરબત્તી વર્કસ
C-9, સુપર માર્કેટ, જયશ્રી ટોકીઝની સામે,
જામનગર-૩૬૧૦૦૧.
☎ (૦૨૮૮) ૨૬૭૮૫૧૩

*** રાજકોટ :**

**શ્રી કમલેશભાઈ દામાણી**
"જિનાજ્ઞા", ૨૭, કરણપરા,
રાજકોટ-૩૬૦૦૦૧.
☎ (૦૨૮૧) ૨૨૩૩૧૨૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પ્રકાશકીય

"ગીતાર્થ ગંગા"નું મુખ્ય લક્ષ્ય તો આપણા ઉપકારી પૂર્વાચાર્યો જેવા કે પ. પૂ. આ. શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ, પ. પૂ. ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજ સાહેબ આદિ રચિત જૈનશાસ્ત્રોમાં પથરાયેલાં વિવિધ પરમાર્થભૂત તત્ત્વોનાં રહસ્યોનું નય, નિક્ષેપ, વ્યવહાર, નિશ્ચય સાપેક્ષ અર્થગાંભીર્યપૂર્ણ વિશ્લેષણ કરવાનું છે, જેથી શ્રી જૈનસંઘને તે તે પદાર્થોના સર્વાંગી બોધમાં સહાય મળે. આ કાર્ય અત્યંત વિસ્તારવાળું અને ગહન છે, ઘણાં સાધુ-સાધ્વીજી ભગવંતો આમાં સહાય કરી રહ્યાં છે, અનેક શ્રાવકો અને શ્રાવિકાઓ પણ સૌ સૌને યોગ્ય કાર્યો સંભાળી રહ્યાં છે, તે અનુસાર કામ બહાર આવી રહ્યું છે અને ક્રમસર આવતું રહેશે. દરમ્યાન શ્રી સંઘમાંથી જિજ્ઞાસુ મુમુક્ષુઓ તથા શ્રાવકો-શ્રાવિકાઓ તરફથી એવી માંગ વારંવાર આવે છે કે પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મહારાજ સાહેબનાં તથા પ. પૂ. આ. ભ. શ્રીમદ્ વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજ સાહેબનાં જુદા જુદા વિષયો પરનાં અપાયેલાં વ્યાખ્યાનો તથા પંડિતવર્ય શ્રી પ્રવીણભાઈ મોતાએ વિવિધ શાસ્ત્રીય વિષયો પર કરેલાં વિવેચનો છપાવીને તૈયાર કરવામાં આવે તો સકળ શ્રી સંઘને ચોક્કસ લાભદાયી નીવડે. આવી વિનંતીઓને લક્ષ્યમાં રાખીને ટ્રસ્ટે નક્કી કર્યું છે કે આવાં વ્યાખ્યાનો તથા વિવેચનોનાં પુસ્તકો પ્રકાશિત કરવાં અને તેને માત્ર એક સંલગ્ન પ્રવૃત્તિ તરીકે સ્વીકારવી. આ કામ ગીતાર્થ ગંગાના મુખ્ય લક્ષથી સહેજ ફંટાય છે, બોધની વિવિધતા અને સરળતાની દૃષ્ટિએ પણ ભિન્ન પ્રકારે છે, છતાં તત્ત્વજિજ્ઞાસુ માટે હિતકારી હોવાથી તેમ જ અતિ માંગને કારણે ઉપર્યુક્ત વિનંતી લક્ષમાં રાખીને આ પ્રવૃત્તિ ચાલુ રાખેલ છે.

તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આવાં પુસ્તકો સમ્યગ્ જ્ઞાન-દર્શન-ચારિત્રની આરાધનામાં ઉપયોગી થશે, તેવી આશા સહિત –

૫, જૈન મર્ચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

ટ્રસ્ટીગણ
ગીતાર્થ ગંગા

સર્વ હક્ક ગીતાર્થ ગંગા ટ્રસ્ટને આધીન છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ગીતાર્થ ગંગાના પ્રકાશનો

## પ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મહારાજા (મોટા પંડિત મ. સા.)ના વ્યાખ્યાનના પુસ્તકો

૧. આશ્રવ અને અનુબંધ
૨. પુદ્ગલ વોસિરાવવાની ક્રિયા
૩. ચારિત્રાચાર

## પ. પૂ. આ. ભ. શ્રીમદ્ વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજા (પંડિત મ. સા.)ના વ્યાખ્યાનના તેમજ લેખિત સંપાદિત પુસ્તકો

૧. શ્રાવકનાં બાર વ્રતોના વિકલ્પો
૨. યોગદૃષ્ટિસમુચ્ચય
૩. કર્મવાદ કર્ણિકા
૪. સદ્ગતિ તમારા હાથમાં !
૫. દર્શનાચાર
૬. શાસન સ્થાપના
૭. અનેકાંતવાદ
૮. પ્રશ્નોત્તરી
૯. ચિત્તવૃત્તિ
૧૦. ચાલો, મોક્ષનું સાચું સ્વરૂપ સમજીએ
૧૧. મનોવિજય અને આત્મશુદ્ધિ
૧૨. ભાગવતી પ્રવ્રજ્યા પરિચય
૧૩. ભાવધર્મ ભાગ-૧ (પ્રણિધાન)
૧૪. ભાવધર્મ ભાગ-૨ (પ્રવૃત્તિ, વિઘ્નજય, સિદ્ધિ, વિનિયોગ)
૧૫. जैनशासन स्थापना
૧૬. चित्तवृत्ति
૧૭. श्रावक के बारह व्रत एवं विकल्प
૧૮. લોકોત્તર દાનધર્મ "અનુકંપા"
૧૯. प्रश्नोत्तरी

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨૦. કુદરતી આફતમાં જૈનનું કર્તવ્ય
૨૧. ધર્મરક્ષા પ્રવચન શ્રેણી ભાગ-૧
૨૨. જૈનશાસન સ્વતંત્ર ધર્મ કે સંપ્રદાય ?
૨૩. जिनशासन स्वतंत्र धर्म या संप्रदाय ?
૨૪. Is Jaina Order Independent Religion or Denomination ?
૨૫. Status of religion in modern Nation State theory
૨૬. ગૃહજિનાલય મહામંગલકારી
૨૭. શ્રી ઉપધાન માર્ગોપદેશિકા

## संपादक :- प. पू. गणिवर्य श्री अरिहंतसागरजी महाराज साहब

१. पाक्षिक अतिचार

## ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત અન્ય પુસ્તકોની યાદી

| | |
|---|---|
| ૧. શ્રી સમેતશિખરજીની સંવેદના | સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ |
| ૨. શ્રી નવપદ આરાધના વિધિ | સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ |
| ૩. સ્વતંત્ર ભારતમાં ધર્મ પરતંત્ર !!!!! (ગુજ.) | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ૪. स्वतंत्र भारत में धर्म परतंत्र !!!!! (હિન્દી) | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ૫. Right to Freedom of Religion !!!!! (અંગ્રેજી) | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ૬. 'રક્ષાધર્મ' અભિયાન (ગુજ.) | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ૭. 'Rakshadharma' Abhiyaan (અંગ્રેજી) | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |

## ગીતાર્થ ગંગા અંતર્ગત ગંગોત્રી ગ્રંથમાળા દ્વારા પ્રકાશિત ગ્રંથો

૧. ધર્મતીર્થ ભાગ-૧ ૨. ધર્મતીર્થ ભાગ-૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત
## વિવેચનના ગ્રંથો

### વિવેચનકાર :- પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

૧. યોગવિંશિકા શબ્દશઃ વિવેચન
૨. અધ્યાત્મઉપનિષત્ પ્રકરણ શબ્દશઃ વિવેચન
૩. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૧
૪. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૨
૫. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૩
૬. વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન પૂર્વાર્ધ
૭. વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન ઉત્તરાર્ધ
૮. આરાધક-વિરાધક ચતુર્ભંગી શબ્દશઃ વિવેચન
૯. સમ્યક્ત્વ ષટ્સ્થાન ચઉપઈ શબ્દશઃ વિવેચન
૧૦. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૧. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૨. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૩. કૂપદૃષ્ટાંત વિશદીકરણ શબ્દશઃ વિવેચન
૧૪. પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧ (સૂત્ર ૧-૨)
૧૫. સૂત્રના પરિણામદર્શક યત્નલેશ ભાગ-૧
૧૬. પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨ (સૂત્ર ૩-૪-૫)
૧૭. સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૮. સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૯. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૩
૨૦. દાનદ્વાત્રિંશિકા-૧ શબ્દશઃ વિવેચન
૨૧. મિત્રાદ્વાત્રિંશિકા-૨૧ શબ્દશઃ વિવેચન
૨૨. યોગશતક શબ્દશઃ વિવેચન
૨૩. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૨૪. યોગભેદદ્વાત્રિંશિકા-૧૮ શબ્દશઃ વિવેચન
૨૫. યોગવિવેકદ્વાત્રિંશિકા-૧૯ શબ્દશઃ વિવેચન
૨૬. સાધુસામગ્ર્યદ્વાત્રિંશિકા-૬ શબ્દશઃ વિવેચન
૨૭. ભિક્ષુદ્વાત્રિંશિકા-૨૭ શબ્દશઃ વિવેચન
૨૮. દીક્ષાદ્વાત્રિંશિકા-૨૮ શબ્દશઃ વિવેચન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨૯. યોગદૃષ્ટિની સજ્ઝાય શબ્દશઃ વિવેચન
૩૦. કેવલિભુક્તિવ્યવસ્થાપનદ્વાત્રિંશિકા-૩૦ શબ્દશઃ વિવેચન
૩૧. પાતંજલયોગલક્ષણવિચારદ્વાત્રિંશિકા-૧૧ શબ્દશઃ વિવેચન
૩૨. જ્ઞાનસાર શબ્દશઃ વિવેચન
૩૩. સંથારા પોરિસી સૂત્રનો ભાવાનુવાદ અને હિંસાષ્ટક શબ્દશઃ વિવેચન
૩૪. જિનમહત્ત્વદ્વાત્રિંશિકા-૪ શબ્દશઃ વિવેચન
૩૫. સમ્યગ્દૃષ્ટિદ્વાત્રિંશિકા-૧૫ શબ્દશઃ વિવેચન
૩૬. યોગલક્ષણદ્વાત્રિંશિકા-૧૦ શબ્દશઃ વિવેચન
૩૭. મુક્તિઅદ્વેષપ્રાધાન્યદ્વાત્રિંશિકા-૧૩ શબ્દશઃ વિવેચન
૩૮. અપુનર્બંધકદ્વાત્રિંશિકા-૧૪ શબ્દશઃ વિવેચન
૩૯. યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૧
૪૦. યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૨
૪૧. યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૩
૪૨. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૨
૪૩. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૩
૪૪. યતિલક્ષણસમુચ્ચય પ્રકરણ શબ્દશઃ વિવેચન
૪૫. દૈવપુરુષકારદ્વાત્રિંશિકા-૧૭ શબ્દશઃ વિવેચન
૪૬. તારાદિત્રયદ્વાત્રિંશિકા-૨૨ શબ્દશઃ વિવેચન
૪૭. કુતર્કગ્રહનિવૃત્તિદ્વાત્રિંશિકા-૨૩ શબ્દશઃ વિવેચન
૪૮. સદ્દૃષ્ટિદ્વાત્રિંશિકા-૨૪ શબ્દશઃ વિવેચન
૪૯. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૫૦. માર્ગદ્વાત્રિંશિકા-૩ શબ્દશઃ વિવેચન
૫૧. દેશનાદ્વાત્રિંશિકા-૨ શબ્દશઃ વિવેચન
૫૨. જિનભક્તિદ્વાત્રિંશિકા-૫ શબ્દશઃ વિવેચન
૫૩. યોગાવતારદ્વાત્રિંશિકા-૨૦ શબ્દશઃ વિવેચન
૫૪. યોગમાહાત્મ્યદ્વાત્રિંશિકા-૨૬ શબ્દશઃ વિવેચન
૫૫. સજ્જનસ્તુતિદ્વાત્રિંશિકા-૩૨ શબ્દશઃ વિવેચન
૫૬. પૂર્વસેવાદ્વાત્રિંશિકા-૧૨ શબ્દશઃ વિવેચન
૫૭. ઈશાનુગ્રહવિચારદ્વાત્રિંશિકા-૧૬ શબ્દશઃ વિવેચન
૫૮. ક્લેશહાનોપાયદ્વાત્રિંશિકા-૨૫ શબ્દશઃ વિવેચન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## 'દ્વાત્રિંશદ્દ્વાત્રિંશિકા' ગ્રંથની ૨૯મી 'વિનયદ્વાત્રિંશિકા'ના પદાર્થોની સંકલના :

પૂર્વની બત્રીશીમાં દીક્ષાનું સ્વરૂપ બતાવ્યું, અને દીક્ષાની સફળતા વિનયના પરિણામથી થાય છે, તેથી હવે ગ્રંથકારશ્રી વિનયબત્રીશી બતાવે છે.

કર્મનું વિનયન જેનાથી થાય તે વિનય કહેવાય; તે પ્રકારની વિનયની વ્યુત્પત્તિ છે. તેથી એ ફલિત થાય કે આત્માને આત્માના ગુણો પ્રત્યે જેટલો તીવ્ર દૃઢ રાગ તેટલો આત્માના ગુણોના આવિર્ભાવને અનુકૂળ વ્યાપાર તીવ્ર થાય છે અને તે વ્યાપાર એ જ વિનય છે. તેથી આત્માના ગુણોના આવિર્ભાવના અનન્ય કારણભૂત શ્રુતજ્ઞાન પ્રત્યે જેને અત્યંત બહુમાન હોય તે પુરુષ, શક્તિ અનુસાર શ્રુતને ગ્રહણ કરવા માટે, ગ્રહણ કર્યા પછી સ્થિર કરવા માટે અને સ્થિર કર્યા પછી તે બોધને સમ્યક્ પરિણમન પમાડવા માટે જે કંઈક ઉદ્યમ કરે, તે સર્વ વિનય છે; કેમ કે તે ઉદ્યમથી આત્માના ગુણોનાં પ્રતિબંધક એવાં કર્મોનું વિનયન થાય છે. તેથી આત્માના ગુણોના આવિર્ભાવને અનુકૂળ, શાસ્ત્રવચનથી નિયંત્રિત, સ્વશક્તિ અનુસાર સર્વ યત્ન વિનયરૂપ બને છે અને તે ઉચિત પ્રયત્નમાં જે કંઈ પ્રમાદ થાય છે, તેટલા અંશમાં શાસ્ત્રવચન પ્રત્યેનો વિનય ન્યૂન થાય છે. અને તે પ્રમાદ અંશથી કર્મનું વિનયન થતું નથી.

આ રીતે યોગમાર્ગની પૂર્ણ પ્રવૃત્તિ વિનયથી અનુવિદ્ધ છે. જેમ સર્વ મિષ્ટાન્નો શર્કરાથી અનુવિદ્ધ છે, અને જે મિષ્ટાન્નમાં શર્કરા ન હોય તેને મિષ્ટાન્ન કહી શકાય નહિ, તેમ જે યોગમાર્ગની પ્રવૃત્તિમાં શક્તિ અનુસાર ઉદ્યમ હોય નહિ, તે યોગમાર્ગ વિનયરહિત બને છે. તેથી તે યોગમાર્ગની બાહ્ય આચરણા પણ પરમાર્થથી યોગમાર્ગ બને નહિ.

આ વિનયનો વિસ્તારથી બોધ કરાવવા અર્થે ગ્રંથકારે જ્ઞાનવિનય, દર્શનવિનય, ચારિત્રવિનય, તપવિનય અને ઉપચારવિનય, એમ વિનયના પાંચ ભેદો પાડેલા છે. તેમાં જે ઉપચારવિનય છે, તે ગુણવાન પ્રત્યે વિનયને અભિવ્યક્ત કરે અને આશાતનાના પરિહારમાં યત્ન કરે તેવા પ્રયત્ન સ્વરૂપ છે, અને જ્ઞાન-દર્શન-ચારિત્ર અને તપ, એ ચારવિષયક અપ્રમાદભાવથી કરાતી સર્વ પ્રવૃત્તિ વિનય છે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે બતાવવા અર્થે ગ્રંથકારે શ્લોક-૨૧માં વિનયસમાધિ, શ્રુતસમાધિ, તપસમાધિ અને આચારસમાધિ બતાવેલ છે. ત્યાં સમાધિનો અર્થ એ છે કે મોહથી અનાકુળ થયેલું એવું જે સ્વસ્થ ચિત્ત એ સમાધિ છે; અને તે સંપૂર્ણ યોગમાર્ગમાં કઈ રીતે ઉપયોગી છે, તે સ્પષ્ટ કરવા અર્થે વિનય આદિ ચાર સમાધિના એક એકના ચાર ચાર ભેદો શ્લોક-૨૨, ૨૩, ૨૪માં બતાવેલ છે. તેનો યથાર્થ બોધ કરીને સ્વભૂમિકા અનુસાર તે તે સમાધિમાં ઉદ્યમ કરવામાં આવે તો શ્રુતજ્ઞાન પ્રથમ બોધરૂપે પરિણમન પામે છે, ત્યારપછી આચરણારૂપે પરિણમન પામે છે અને અંતે સ્પર્શ નામની જ્ઞાનની પરિણતિ પ્રગટે છે, જે પરિણતિ શીઘ્ર મોક્ષનું કારણ છે, તેમ ગ્રંથકારે શ્લોક-૨૫, ૨૬માં બતાવેલ છે, અને અંતે સ્પષ્ટતા કરી કે દરેક ઉચિત સ્થાને જે જીવ વિનયને યોજન કરે છે, તે જીવને સ્વયંવરાની જેમ મોક્ષની પ્રાપ્તિ થાય છે.

છદ્મસ્થતાને કારણે આ ગ્રંથના વિવેચનમાં વીતરાગ પરમાત્માની આજ્ઞાવિરુદ્ધ કે ગ્રંથકારશ્રીના આશયવિરુદ્ધ અજાણતાં કંઈ પણ લખાયું હોય તો ત્રિવિધે ત્રિવિધે 'મિચ્છા મિ દુક્કડં' માંગું છું.

**વિ. સં. ૨૦૬૪, આસો સુદ-૧૦** — **પ્રવીણચંદ્ર ખીમજી મોતા**

**તા. ૯-૧૦-૨૦૦૮, ગુરુવાર**

**૩૦૨, વિમલવિહાર,**

**સરસ્વતી સોસાયટી,**

**પાલડી, અમદાવાદ-૭.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# સંપાદિકાનું કથન

ઉપાધ્યાય યશોવિજયજી મહારાજનાં ગ્રંથો એટલે જિનશાસનના અમૂલ્ય રત્નો. ૫૫ વર્ષના દીર્ઘ સંયમ જીવનમાં ગુજરાતના આ મહાન જ્યોર્તિધરે સંસ્કૃત, પ્રાકૃત અને ગુજરાતીમાં અનેક ગ્રંથોની રચના કરી છે.

દ્વાત્રિંશદ્દ્વાત્રિંશિકા ગ્રંથની આ ૨૯મી 'વિનયબત્રીશી'માં જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ માટે કરાતા ઉદ્યમને જ વિનય કહેલ છે. અને તેનાથી જ કર્મોનું શીઘ્ર વિનયન થાય છે. વળી, ગુણવાન એવા અરિહંત આદિ તેર પુરુષોનો અનાશતના, ભક્તિ, બહુમાન, અને ગુણોની પ્રશંસા દ્વારા ચાર-ચાર પ્રકારે એમ કુલ બાવન ભેદથી વિનય કરવાનું કહેલ છે. અને અરિહંત આદિ સર્વ પુરુષો જ્ઞાનાદિ ગુણોથી પરસ્પર અનુવિધ છે તેથી કોઈ એકની હીલનામાં સર્વની હીલનાની આપત્તિ છે અને કોઈ એકની ભક્તિથી કેવલજ્ઞાનની પ્રાપ્તિ થઈ શકે છે તેનું સુંદર નિરૂપણ ગ્રંથકારશ્રીએ કરેલ છે.

પૂર્વના મહાપુરુષોના ગ્રંથોને ગ્રહણ કરીને તેની પંક્તિ બેસાડવી એ જુદી વાત છે અને તેના રહસ્યો સમજવા એ જુદી વાત છે. પ્રસ્તુત ગ્રંથમાં પૂ. પંડિતવર્ય શ્રી પ્રવિણભાઈ મોતાએ શાસ્ત્રીય પદાર્થોના રહસ્યોનું એકવાક્યતાથી સુંદર નિરૂપણ કરીને યોગ્ય જીવોને સંવેગ પેદા થાય તે માટે યત્ન કરેલ છે.

આ ગ્રંથમાં સતત માર્ગદર્શન અને પ્રેરણા આપવા બદલ પૂ. સાધ્વીજી શ્રી ચારૂનંદિતાશ્રીજી મહારાજ સાહેબનો ઉપકાર ભૂલી શકાય તેમ નથી. ગુજરાતી અને સંસ્કૃત ભાષા ઉપર આગવું પ્રભુત્વ હોવાને કારણે સંશોધન કાર્યમાં જરૂરી સૂચનો આપવા બદલ સુશ્રાવક શ્રી શાંતિલાલ શિવલાલ શાહનો સહયોગ મળ્યો તે બદલ ધન્યતા અનુભવું છું.

ગ્રંથકારશ્રીના આશયથી અને જિનેશ્વરદેવની આજ્ઞાથી વિરુદ્ધ કાંઈપણ લખાયું હોય તે બદલ "મિચ્છા મિ દુક્કડમ્"

આપણે સૌ આત્માના ગુણોના આર્વિભાવ માટે કર્મોનું શીઘ્ર વિનયન કરી મોક્ષ પ્રાપ્ત કરીએ એજ અભ્યર્થના.

વિ.સં. ૨૦૬૪, આસો સુદ-૧૦ — **સ્મિતા ડી. કોઠારી**

ગુરૂવાર, ૯-૧૦-૨૦૦૮.

૧૨, બેંક ઓફ ઈન્ડિયા સોસાયટી,
ઉસ્માનપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ૨૯મી વિનયદ્વાત્રિંશિકાની સંક્ષિપ્ત ટ્રી

## (૧) વિનયનાં પાંચ ભેદ (શ્લોક ૧થી ૩)

૧ જ્ઞાનવિનય
૨ દર્શનવિનય
૩ ચારિત્રવિનય
૪ તપવિનય
૫ ઉપચારવિનય

## (૨) ઉપચારવિનયના બે ભેદ (શ્લોક-૩)

૧ પ્રતિરૂપ ઉપચારવિનય
૨ અનાશતનારૂપ ઉપચારવિનય

## (૩) પ્રતિરૂપ ઉપચારવિનયના ભેદ (શ્લોક ૪થી ૬)

કાયિક ઉપચારવિનય (૮ ભેદ) શ્લોક-૪
(૧) અભિગ્રહ
(૨) આસનત્યાગ
(૩) અભ્યુત્થાન
(૪) અંજલિગ્રહ
(૫) કૃત્તિકર્મ
(૬) શુશ્રૂષા
(૭) પશ્ચાત્‌ગતિ
(૮) સન્મુખગતિ.

વાચિક ઉપચારવિનય (૪ ભેદ) શ્લોક-૫
(૧) હિતકારી વચનો
(૨) પરિમિત વચનો
(૩) અપરુષ વચનો
(૪) અનુવિચિન્ત્ય વચનો.

માનસિક ઉપચારવિનય (૨ ભેદ) શ્લોક-૬
(૧) શુદ્ધપ્રવૃત્તિથી
(૨) અસદ્‌નિરોધથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**(૪) અનાશતનારૂપ ઉપચારવિનયનાં કુલ બાવન ભેદ (શ્લોક ૭થી ૮)**

(૧) અરિહંતઆદિ પરસ્પર અનુવિદ્ધ કુલ તેર પદો

૧ અરિહંત, ૨ સિદ્ધ, ૩ કુલ, ૪ આચાર્ય, ૫ ઉપાધ્યાય, ૬ સ્થવિર, ૭ ગણ

૮ સંઘ, ૯ ક્રિયા, ૧૦ ધર્મ, ૧૧ જ્ઞાન, ૧૨ જ્ઞાની, ૧૩ ગણિ

(૨) અનાશાતના, ભક્તિ, બહુમાન અને ગુણોનાકીર્તનથી ઉપચારવિનય કુલ ચાર-ચાર પ્રકારે એમ ઉપચારવિનયનાં ૧૩ x ૪ = કુલ બાવન ભેદ.

**(૫) અરિહંત આદિ તેર પદોમાં જ્ઞાનાદિ ગુણો અન્યોન્ય અનુવિદ્ધ હોવાથી એકની હીલનામાં સર્વની હીલનાની પ્રાપ્તિ અને હીલનાથી થતા અનર્થોની પ્રાપ્તિ. (શ્લોક ૯થી ૧૧)**

- યોગમાર્ગની પ્રાપ્તિનો અભાવ.
- ખરાબ ભવોની પરંપરા.
- સ્વગતચારિત્રાદિ ગુણોનો નાશ.
- શસ્ત્રની ધાર અગ્નિ, સાપ અને સિંહના કોપથી થતા દુઃખોથી પણ અધિક દુઃખની પ્રાપ્તિ.

**(૬) શ્રુતઆપનાર ગુરુનો વિનય (શ્લોક ૧૨થી ૧૭)**

૧ ધર્મ પાઠકનો કાય, વાણી અને મનની શુદ્ધિથી વિનય.

૨ અલ્પચારિત્ર પર્યાયવાળા પણ જ્ઞાનગુણથી રત્નાધિકનો વિનય.

૩ શાસ્ત્ર અધ્યયન અર્થે પ્રગટસેવીના પણ વિનયની આવશ્યકતા.

૪ શિથીલાચારીને પણ જ્ઞાનાદિ અર્થે વંદન.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

### (૭) વિનયનું ફળ (શ્લોક ૧૭થી ૨૦)

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| વિનયથી પ્રવચનની ઉન્નતિ. | વિનયથી સર્વકલ્યાણની પરંપરા. | વિનયથી સુખની પ્રાપ્તિ. | જ્ઞાનાદિના વિનયથી પૂજ્યત્વની પ્રાપ્તિ. |

### (૮) ચાર પ્રકારની સમાધિ. (શ્લોક-૨૧)

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| વિનયસમાધિ | શ્રુતસમાધિ | તપસમાધિ | આચારસમાધિ. |

### (૯) વિનયસમાધિનાં ચાર ભેદ (શ્લોક-૨૨)

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| શાસ્ત્રોનું વિનયપૂર્વક શ્રવણ કરે. | શાસ્ત્રનો સમ્યગ્ બોધ કરે. | ઉચિતઆચારોનું સમ્યગ્ સેવન કરે. | પોતે યથાર્થ સેવન કરે છે એ પ્રકારે અહંકાર ન કરે. |

### (૧૦) શ્રુતસમાધિના ચાર ભેદ. (શ્લોક-૨૩)

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| શાસ્ત્રોના પારમાર્થિક બોધની પ્રાપ્તિ થાય એ રીતે ભણે. | શ્રુતની પ્રાપ્તિથી એકાગ્રતા પ્રાપ્ત થશે તેથી ભણે. | સ્વઆત્માને શુદ્ધધર્મમાં જ સ્થાપન કરવા અર્થે ભણે. | અન્ય યોગ્ય જીવોને ધર્મમાં સ્થિર કરવા અર્થે ભણે. |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૧૧) તપસમાધિના ચાર ભેદ (શ્લોક-૨૪)

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| આલોકના સુખ માટે તપ ન કરે. | પરલોકના સુખ માટે તપ ન કરે. | કીર્તિ, આદિ માટે તપ ન કરે. | કર્મનિર્જરા સિવાય અન્ય આશયથી તપ ન કરે. |

## (૧૨) આચારસમાધિના ચાર ભેદ (શ્લોક-૨૪)

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| આલોકના સુખ માટે સંયમના આચારો ન પાળે. | પરલોકની સમૃદ્ધિ માટે સંયમના આચારો ન પાળે. | કીર્તિ, આદિ માટે સંયમના આચારો ન પાળે. | ભાવશત્રુના નાશ સિવાય અન્ય પ્રયોજનથી સંયમના આચારો ન પાળે. |

## (૧૩) વિનયસમાધિનાં ચાર સ્થાનોની અંતર્ગત શ્રુત આદિ ચાર સમાધિની પ્રાપ્તિ

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| સાધુ વિનયપૂર્વક શાસ્ત્રશ્રવણ કરે તો વિનયસમાધિનું પ્રથમ સ્થાન પ્રાપ્ત થાય. | શ્રુતસમાધિ અનુસાર અભ્યાસ કરે તો શ્રુતનો યથાર્થબોધ થાય તો વિનય-સમાધિનું બીજું સ્થાન પ્રાપ્ત થાય. | તપ અને આચાર સમાધિનું યથાવત્ સેવન કરવામાં આવે તો વિનય-સમાધિનું ત્રીજું સ્થાન પ્રાપ્ત થાય. | લેશ પણ મદરહિત સાધુ સર્વ ઉચિત પ્રવૃત્તિ કરે તો વિનયસમાધિનું ચોથું સ્થાન પ્રાપ્ત થાય. |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૧૪) વિનયસમાધિનું ફળ. (શ્લોક-૨૬થી ૨૮)

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
|---|---|---|---|---|
| નિર્જરાને અનુકૂળ એવા જ્ઞાન, દર્શન, તપ અને ચારિત્ર એ ચાર પ્રકારના પરિણામોની આત્મામાં વૃદ્ધિ. | આત્મ કલ્યાણને અનુકૂળ ચિત્તની સ્વસ્થતારૂપ સમાધિથી યુક્ત અંતઃકરણની પ્રાપ્તિ. | તત્ત્વને સ્પર્શનાર એવાં સ્પર્શ નામના જ્ઞાનની પરિણતિની પ્રાપ્તિ. | અવિલંબથી વીતરાગ-ભાવની પ્રાપ્તિ. | ઉચિત સ્થાને કરાયેલા વિનયથી મોક્ષની પ્રાપ્તિ. |

## (૧૫) વિનય કરવાનું પ્રયોજન (શ્લોક-૨૯થી ૩૨)

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| વિનયથી દોષોનો નાશ. | શ્રુતની અના-શાતનાથી દીર્ઘ સંસાર પરિભ્રમણની અપ્રાપ્તિ. | વિનયની પ્રધાનતા બતાવવા તીર્થંકરોથી પણ તીર્થને નમસ્કારની ઉચિત પ્રવૃત્તિ. | વિનયરહિત સંયમના સર્વ આચારોથી પણ અકલ્યાણની પ્રાપ્તિ. |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## અનુક્રમણિકા


| શ્લોક નં. | વિષય | પાના નં. |
|---|---|---|
| ૧. | વિનયનું લક્ષણ. | ૧-૩ |
| ૨. | પાંચ પ્રકારના વિનયના ભેદો. | ૩-૫ |
| ૩. | ઉપચારવિનયના બે ભેદો અને તેનું સ્વરૂપ. | ૬-૮ |
| ૪. | આઠ પ્રકારનો કાયિક ઉપચાર વિનય. | ૯-૧૧ |
| ૫. | ચાર પ્રકારનો વાચિક ઉપચાર વિનય. | ૧૧-૧૩ |
| ૬. | બે પ્રકારનો માનસિક ઉપચાર વિનય. | ૧૩-૧૬ |
| ૭-૮. | અનાશાતનારૂપ ઉપચાર વિનયના ૫૨ ભેદો. | ૧૬-૨૦ |
| ૯. | અરિહંત આદિ કોઈની પણ આશાતનાથી યોગમાર્ગમાં રહેલા સર્વની આશાતનાની પ્રાપ્તિ. | ૨૦-૨૩ |
| ૧૦. | અલ્પશ્રુતવાળા પણ ગુરુની હીલનાથી ચારિત્રનો નાશ. | ૨૩-૨૫ |
| ૧૧. | ગુરુહીલનાના અનર્થો. | ૨૫-૨૬ |
| ૧૨. | શ્રુત આપનાર ગુરુના વિનયની મર્યાદા. | ૨૭-૨૮ |
| ૧૩. | અલ્પચારિત્રપર્યાયવાળા પણ જ્ઞાનગુણથી રત્નાધિક. | ૨૯-૩૦ |
| ૧૪. | ધર્માચાર્યના વિનયની મર્યાદા. | ૩૦-૩૧ |
| ૧૫. | શાસ્ત્રઅધ્યયન અર્થે પ્રગટસેવીના પણ વિનયની આવશ્યકતા. | ૩૧-૩૪ |
| ૧૬. | શાસ્ત્રઅધ્યયન અર્થે પ્રગટસેવીને પણ ભાવથી વંદનની વિધિ. | ૩૪-૩૮ |
| ૧૭. | વિનયથી પ્રવચનની ઉન્નતિ. | ૩૮-૩૯ |
| ૧૮. | વિનયના અભાવમાં કલ્યાણનો અભાવ. | ૩૯-૪૦ |
| ૧૯. | વિનયથી સુખની પ્રાપ્તિ અને અવિનયથી દુઃખની પ્રાપ્તિ. | ૪૦-૪૧ |


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| શ્લોક નં. | વિષય | પાના નં. |
|---|---|---|
| ૨૦. | જ્ઞાનાદિના વિનયથી જ પૂજ્યત્વની પ્રાપ્તિ. | ૪૧-૪૨ |
| ૨૧. | ચાર પ્રકારની સમાધિ. | ૪૨-૪૩ |
| ૨૨. | વિનય સમાધિના ચાર ભેદો. | ૪૩-૪૪ |
| ૨૩. | શ્રુત સમાધિના ચાર ભેદો. | ૪૪-૪૬ |
| ૨૪. | તપ અને આચાર સમાધિના ચાર ભેદો. | ૪૬-૫૦ |
| ૨૫. | વિનયનું ફળ. | ૫૦-૫૨ |
| ૨૬. | સ્પર્શાત્મક બોધનું ફળ. | ૫૨-૫૩ |
| ૨૭. | યોગમાર્ગમાં વિનયની મુખ્યતા. | ૫૩-૫૫ |
| ૨૮. | વિનયથી દોષોનો નાશ. | ૫૫-૫૬ |
| ૨૯. | વિનયરહિત શ્રુતઅધ્યયનથી પણ દોષની પ્રાપ્તિ. | ૫૬-૫૮ |
| ૩૦. | વિનયની પ્રધાનતા બતાવવા અર્થે તીર્થંકરોથી પણ તીર્થને નમસ્કાર. | ૫૮ |
| ૩૧. | વિનયરહિત એવા સંયમના સર્વ આચારોથી પણ અકલ્યાણની પ્રાપ્તિ. | ૫૯-૬૦ |
| ૩૨. | યથાસ્થાને કરાયેલા વિનયથી મોક્ષની પ્રાપ્તિ. | ૬૦-૬૧ |


❖ ❖ ❖

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ॐ ह्रीँ अर्हं नमः ।
ॐ ह्रीँ श्रीशङ्खेश्वरपार्श्वनाथाय नमः ।
ऐँ नमः ।

न्यायविशारद-न्यायाचार्य-श्रीमद्‌यशोविजयोपाध्यायविरचिता
स्वोपज्ञवृत्तियुता

# द्वात्रिंशद्द्वात्रिंशिका

अन्तर्गत

# विनयद्वात्रिंशिका-२९

**પૂર્વની દીક્ષાબત્રીશી સાથે પ્રસ્તુત વિનયબત્રીશીનો સંબંધ :-**

अनन्तरं दीक्षा निरूपिता तस्याश्च विनयगर्भाया एव सफलत्वमिति विनयं निरूपयन्नाह –

**અર્થ :-**

અનંતર 'દીક્ષાબત્રીશી'માં દીક્ષા નિરૂપણ કરાઈ, અને વિનયગર્ભ જ એવી તેનું=દીક્ષાનું સફલપણું છે, એથી વિનયને બતાવતાં કહે છે –

**ભાવાર્થ :-**

**પૂર્વ બત્રીશીમાં દીક્ષાનું સ્વરૂપ ગ્રંથકારશ્રીએ બતાવ્યું, અને તે દીક્ષા પણ માત્ર આચરણારૂપે જ સેવાતી હોય તો સફળ નથી; પરંતુ વિનયપૂર્વક અર્થાત્ ગુણવાન એવા પુરુષો પ્રત્યેના વિનયથી સેવાતી હોય તો ઉત્તરોત્તર ગુણવૃદ્ધિ દ્વારા સંયમની વૃદ્ધિરૂપ કાર્ય કરનાર હોવાથી સફળ છે. એથી દીક્ષાનું સ્વરૂપ જાણ્યા પછી દીક્ષાને સફળ કરવાના અર્થી જીવોને વિનયનો સવિસ્તર બોધ કરાવવા અર્થે ગ્રંથકારશ્રી પ્રસ્તુત બત્રીશીમાં વિનયના સ્વરૂપનું નિરૂપણ કરતાં કહે છે –**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અવતરણિકા :-**

વિનયનું સ્વરૂપ બતાવે છે –

**શ્લોક :-**

**कर्मणां द्राग्विनयनाद्विनयो विदुषां मतः ।**
**अपवर्गफलाऽऽढ्यस्य मूलं धर्मतरोरयम् ।।१।।**

**અન્વયાર્થ :-**

कर्मणां=કર્મોને द्राक्=શીઘ્ર विनयनात्=વિનયન કરનાર હોવાથી विदुषां विनयो मतः=વિદ્વાનોને વિનય સંમત છે. अपवर्गफलाऽऽढ्यस्य=અપવર્ગરૂપી ફલથી આઢ્ય એવા धर्मतरोः=ધર્મરૂપી વૃક્ષનું अयम् मूलः=આ મૂળ છે=વિનય મૂળ છે. ।।૧।।

**શ્લોકાર્થ :-**

**કર્મોને શીઘ્ર વિનયન કરનાર હોવાથી વિદ્વાનોને વિનય સંમત છે.**

વળી, તે વિનય કેવો છે ? તે સ્પષ્ટ કરતાં કહે છે –

**અપવર્ગરૂપી ફળથી આઢ્ય એવા ધર્મરૂપી વૃક્ષનું આ મૂળ છે=વિનય ધર્મવૃક્ષનું મૂળ છે. ।।૧।।**

**ટીકા :-**

कर्मणामिति-कर्मणां=ज्ञानावरणीयादीनां द्राक्=शीघ्रं विनयनात्=अपनयनात् विदुषां विनयो मतः । अयमपवर्गफलेनाढ्यस्य=पूर्णस्य धर्मतरोर्मूलम् ।।१।।

**ટીકાર્થ :-**

कर्मणां .... धर्मतरोर्मूलम् ।। જ્ઞાનાવરણાદિ કર્મોનું શીઘ્ર વિનયન થતું હોવાથી=અપનયન થતું હોવાથી, વિદ્વાનો 'વિનય' કહે છે. આ=વિનય, અપવર્ગફળથી યુક્ત=મોક્ષરૂપ ફળથી પૂર્ણ, એવા ધર્મરૂપી વૃક્ષનું મૂળ છે. ।।૧।।

**ભાવાર્થ :-**

ગુણવાન પુરુષમાં વર્તતા ગુણોને અવલંબીને કે યોગમાર્ગના ગુણોને અવલંબીને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે ભાવને અભિમુખ ગમન થાય તે પ્રકારનો જીવનો વ્યાપાર તે 'વિનય' છે. આ વ્યાપારને વિદ્વાનો 'વિનય' કેમ કહે છે ? તે બતાવવા અર્થે કહે છે –

કર્મોનું જે વિનયન કરે તે 'વિનય' કહેવાય : એ પ્રકારની 'વિનય' શબ્દની વ્યુત્પત્તિથી, જે ક્રિયા જ્ઞાનાવરણાદિ કર્મોનું શીઘ્ર વિનયન કરે તે ક્રિયાને વિદ્વાનો 'વિનય' કહે છે. વળી, સાધક આત્મા સંયમ ગ્રહણ કર્યા પછી ગુણોને અવલંબીને ગુણોને અભિમુખ યત્ન થાય, તે પ્રકારે ઉચિત મન-વચન-કાયાનો જે વ્યાપાર કરે છે, તે રૂપ વિનયની ક્રિયાથી આત્મામાં ઉત્તરોત્તર યોગમાર્ગની વૃદ્ધિરૂપ ધર્મવૃક્ષ વૃદ્ધિ પામે છે. તેથી યોગમાર્ગની વૃદ્ધિરૂપ ધર્મવૃક્ષનું મૂળ વિનય છે, અને આ ધર્મરૂપી વૃક્ષ મોક્ષરૂપ ફળથી પૂર્ણ છે; કેમ કે વિનયથી વૃદ્ધિ પામતો ધર્મ પ્રકર્ષને પામીને શુદ્ધ આત્માના સ્વરૂપને પ્રગટ કરે છે, અને શુદ્ધ આત્માનું સ્વરૂપ એ જ સર્વકર્મરહિત જીવની મુક્તઅવસ્થા છે. તેથી મોક્ષરૂપ ફળથી પૂર્ણ એવા ધર્મના વૃક્ષનું મૂળ 'વિનય' છે, એમ કહેલ છે. **॥૧॥**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં વિનયનું સ્વરૂપ બતાવ્યું. હવે તે વિનયના ભેદો બતાવે છે –**

**શ્લોક :-**

**ज्ञानदर्शनचारित्रतपोभिरुपचारतः ।**
**अयं च पञ्चधा भिन्नों दर्शितो मुनिपुङ्गवैः ।।२।।**

**અન્વયાર્થ :-**

**च ज्ञानदर्शनचारित्रतपोभिरुपचारतः=અને જ્ઞાનથી, દર્શનથી, ચારિત્રથી, તપથી અને ઉપચારથી, अयं=આ=વિનય, पञ्चधा भिन्नो=પાંચ પ્રકારના ભેદવાળો, मुनिपुङ्गवैः=ગણધરોએ, दर्शितः=બતાવ્યો છે. ।।૨।।**

**શ્લોકાર્થ :-**

**જ્ઞાનથી, દર્શનથી, ચારિત્રથી, તપથી અને ઉપચારથી આ=વિનય, પાંચ પ્રકારના ભેદવાળો ગણધરોએ બતાવ્યો છે. ।।૨।।**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ટીકા :-**

**ज्ञानेति-ज्ञानादीनां विनयत्वं पूर्वकर्मविनयनादुत्तरकर्माबन्धाच्च द्रष्टव्यम् ।।२।।**

**ટીકાર્થ :-**

**ज्ञानादीनां ..... द्रष्टव्यम् ।। જ્ઞાનાદિનું વિનયપણું, પૂર્વકર્મના વિનયનથી અને ઉત્તર કર્મના અબંધથી જાણવું. ।।૨।।**

**ભાવાર્થ :-**

ગણધર ભગવંતોએ અંતરંગ એવા જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ માટે કરાતા ઉદ્યમને 'વિનય' કહેલ છે અને પાંચમા ભેદરૂપ ઉપચારને 'વિનય' કહેલ છે.

સામાન્યથી વિનયની ક્રિયા એટલે ગુણવાન પુરુષો પ્રત્યે નમનની ક્રિયા તેવી પ્રસિદ્ધિ છે. તેથી પ્રશ્ન થાય કે જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપને વિનય કેમ કહ્યો ? તેના સમાધાનરૂપે ટીકામાં કહ્યું કે 'વિનય' શબ્દની વ્યુત્પત્તિ પ્રમાણે જેનાથી કર્મોનું વિનયન થાય તે 'વિનય' કહેવાય. એ વ્યુત્પત્તિથી જ્ઞાનાદિના પરિણામો વિનયરૂપ છે; કેમ કે જીવમાં જ્ઞાનાદિના પરિણામો વર્તતા હોય, ત્યારે પૂર્વકર્મોનું વિનયન થાય છે, અને ઉત્તર કર્મોનો અબંધ થાય છે.

**જ્ઞાનવિનય :-** ભગવાનના વચનના પરમાર્થને જાણવા માટે અને જાણીને જીવનમાં સ્થિર કરવા માટે જ્યારે ઉદ્યમ થાય છે, ત્યારે સમ્યગ્જ્ઞાનનાં પ્રતિબંધક એવાં કર્મોનું વિનયન થાય છે. એટલું જ નહિ, પણ સમ્યગ્જ્ઞાન માટેના કરાતા ઉદ્યમથી મોહનું પણ ઉન્મૂલન થાય છે અને તત્ત્વનું સમ્યક્ પ્રકાશન થાય છે. તેથી જ્ઞાન માટે કરાતા વ્યાપારથી, મોહને કારણે પૂર્વમાં જે કર્મો બંધાયેલાં હતાં તેનો નાશ થાય છે, અને જ્ઞાનને અનુકૂળ વ્યાપારકાળમાં જેટલા અંશથી મોહથી આકુળ ચેતનાનો અભાવ થાય છે તેના કારણે પૂર્વે જે મોહના અંશથી આકુળ એવી ચેતનાથી જે કર્મો બંધાતાં હતાં એવાં કર્મ જ્ઞાનવિનયકાળમાં બંધાતાં નથી. તેથી જ્ઞાનવિનય તેટલા પ્રમાણમાં પૂર્વકર્મનાં વિનયનનું અને જ્ઞાન વિનય કાળમાં વર્તતી મોહની અનાકુળતાને અનુરૂપ ઉત્તરકર્મના અબંધનું કારણ છે. માટે જ્ઞાનના વ્યાપારને વિનય કહેલ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**દર્શનવિનય :-** વળી, કોઈ મહાત્મા દર્શનશુદ્ધિના ઉપાયભૂત સ્વદર્શન-પરદર્શનનાં શાસ્ત્રોનો અભ્યાસ કરતા હોય, અને તે શાસ્ત્રના બળથી અન્ય દર્શન કરતાં સર્વજ્ઞનાં વચન કઈ રીતે સર્વાંશે શુદ્ધ છે, તેવું યુક્તિ અને અનુભવથી જણાય, જેનાથી દર્શનની શુદ્ધિ થાય ત્યારે તે દર્શનશુદ્ધિકાળમાં વર્તતો સ્થિર રુચિઅંશ પૂર્વકર્મનું વિનયન કરે છે અને ઉત્તર કર્મના અબંધનું કારણ બને છે અર્થાત્ પૂર્વમાં જે પ્રકારનો કર્મનો બંધ થતો હતો, તે પ્રકારનો ઉત્તરમાં કર્મબંધ થતો અટકે છે. તેથી દર્શનને વિનય કહેલ છે.

**ચારિત્રવિનય :-** સાધુ અપ્રમાદભાવથી સંયમની ક્રિયામાં ઉદ્યમ કરતા હોય તો તે સંયમની ક્રિયાથી મોહનું ઉન્મૂલન થતું હોવાથી પૂર્વ પૂર્વ કરતાં ઉત્તર ઉત્તરનો વિશેષ પ્રકારનો ચારિત્રનો પરિણામ સ્ફુરણ થાય છે, અને તે પ્રકારનો ચારિત્રનો પરિણામ પૂર્વકર્મનું વિનયન કરે છે, અને જેવા પૂર્વમાં કર્મ બંધાતાં હતાં, તેવા કર્મોનો બંધ ઉત્તરમાં થતો નથી. તેથી ચારિત્રને વિનય કહેલ છે.

**તપવિનય :-** તપની આચરણા કરીને મુનિ આત્માને અણાહારીભાવથી વાસિત કરે છે અને જેમ જેમ આત્મામાં અણાહારીભાવના પરિણામનો પ્રકર્ષ ઉલ્લસિત થાય છે, તેમ તેમ અણાહારીભાવથી વિપરીત એવા આહારની વૃત્તિથી બંધાયેલાં કર્મો નાશ પામે છે, અને અણાહારીભાવના અપ્રકર્ષકાળમાં જે પ્રકારના કર્મો સાધુને બંધાતાં હતાં તે પ્રકારના કર્મો અણાહારીભાવના પ્રકર્ષના ઉત્તરમાં બંધાતાં નથી. તેથી પૂર્વકર્મનું વિનયન કરનાર અને ઉત્તરકર્મના અબંધનું કારણ તપ છે. માટે તપને વિનય કહેલ છે.

**ઉપચારવિનય :-** આગળના શ્લોકમાં બતાવાશે તે પ્રકારે, બે રીતે ઉપચાર-વિનયથી આત્મા પોતાના મૂળ સ્વભાવને પ્રગટ કરવા સમર્થ બને છે, અને મૂળ સ્વભાવથી વિપરીત એવા મોહઆવિષ્ટ સ્વભાવને ક્ષીણ કરવા સમર્થ બને છે. તેથી સમ્યગ્ રીતે સેવાયેલા ઉપચારવિનયથી જે અંશથી મોહઆવિષ્ટ સ્વભાવનું તિરોધાન થાય છે તે અંશથી પૂર્વ સંચિત કર્મનું વિનયન થાય છે, અને જે અંશથી સંશ્લેષ વગરનો જીવનો મૂળ પરિણામ પ્રગટ થાય છે, તે અંશથી ઉત્તરમાં કર્મબંધ અટકે છે. તેથી પૂર્વના સંચિત કર્મના વિનયનનું કારણ હોવાથી અને ઉત્તરમાં પૂર્વ સદૃશ કર્મના બંધનું અકારણ હોવાથી ઉપચારને 'વિનય' કહેલ છે. **॥૨॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અવતરણિકા :-**

પૂર્વશ્લોકમાં કહ્યું કે પાંચ પ્રકારનો 'વિનય' છે. તેમાંથી હવે ઉપચારવિનયના બે ભેદો બતાવે છે –

**શ્લોક :-**

प्रतिरूपेण योगेन तथानाशातनात्मना ।
उपचारो द्विधा तत्रादिमो योगत्रयात् त्रिधा ।।३।।

**અન્વયાર્થ :-**

प्रतिरूपेण योगेन=પ્રતિરૂપ યોગથી=ગુણવાન પુરુષના ગુણને અભિમુખ વીર્યને ઉલ્લસિત કરે તેવા ઉચિત યોગથી, तथा अनाशातनात्मना=અને અનાશાતનારૂપથી=આશાતનાના પરિહારથી, उपचारो द्विधा=ઉપચાર બે પ્રકારનો છે. तत्र=તેમાં=બે પ્રકારના ઉપચારવિનયમાં आदिमः=પ્રથમ=પ્રતિરૂપ યોગથી થતો ઉપચાર વિનય, योगत्रयात् त्रिधा=યોગત્રયથી ત્રણ પ્રકારનો છે. ।।૩।।

**શ્લોકાર્થ :-**

**પ્રતિરૂપ યોગથી=ગુણવાન પુરુષના ગુણને અભિમુખ વીર્યને ઉલ્લસિત કરે તેવા ઉચિત યોગથી, અને અનાશાતનારૂપથી, ઉપચાર બે પ્રકારનો છે. તેમાં=બે પ્રકારના ઉપચારવિનયમાં પ્રથમ=પ્રતિરૂપ યોગથી થતો ઉપચારવિનય, યોગત્રયથી ત્રણ પ્રકારનો છે. ।।૩।।**

**ટીકા :-**

प्रतिरूपेणेति-प्रतिरूपेणोचितेन योगेन, तथाऽनाशातनात्मना=आशातनाऽभावेन उपचारो द्विधा । तत्रादिमःप्रतिरूपयोगात्मको योगत्रयात्=त्रिधा कायिको वाचिको मानसश्चेति ।।३।।

**ટીકાર્થ :-**

प्रतिरूपे ..... मानसश्चेति ।। પ્રતિરૂપથી=ઉચિત એવા યોગથી, અને અનાશાતના સ્વરૂપથી=આશાતનાના પરિહારથી, ઉપચાર બે પ્રકારનો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**તેમાં=બે પ્રકારના ઉપચારવિનયમાં, પ્રતિરૂપયોગાત્મક પ્રથમ ઉપચારવિનય યોગત્રયથી ત્રિધા છે=કાયિક, વાચિક અને માનસ છે. 'इति' શબ્દ ત્રણ ભેદોની સમાપ્તિ માટે છે. ।।૩।।**

**ભાવાર્થ :-**

ઉપચારવિનય બે પ્રકારનો છે : (૧) પ્રતિરૂપ ઉપચારવિનય અને (૨) અનાશાતનારૂપ ઉપચારવિનય.

**(૧) પ્રતિરૂપ ઉપચારવિનય :-** ગુણવાન પુરુષને અવલંબીને તેમના ગુણો પ્રત્યે બહુમાનભાવની વૃદ્ધિ થાય તેવા ઉચિત યોગોનો વ્યાપાર પ્રતિરૂપ ઉપચારવિનય છે અર્થાત્ જેવો ગુણવાન પુરુષનો વ્યાપાર છે તત્સદૃશ તેના ભાવને અભિમુખ વિનય કરનાર પુરુષનો વ્યાપાર છે. જેમ ભગવાન વીતરાગ, સર્વજ્ઞ છે, તેથી સર્વ ભાવો પ્રત્યે નિરપેક્ષ છે, અને જે સાધક આત્મા ગુણવાન એવા જિનનું અવલંબન લઈને તેમના પ્રત્યે ભક્તિ અર્થે મન-વચન-કાયાના ઉચિત વ્યાપારો કરતો હોય ત્યારે તેનો મન-વચન-કાયાનો વ્યાપાર વીતરાગ થવાને અનુકૂળ હોવાથી વીતરાગના વ્યાપાર સદૃશ વ્યાપારવાળો છે. માટે પ્રતિરૂપ ઉપચારવિનય છે.

**(૨) આશાતનાના અભાવથી ઉપચારવિનય :-** વળી, ઉપચારવિનય આશાતનાના અભાવવાળો પણ છે. તેથી ગુણવાન પુરુષની ભક્તિ કરતી વખતે ગુણવાન પુરુષની પોતાનાથી કોઈ પ્રકારની આશાતના ન થાય તે પ્રકારનો સુદૃઢ વ્યાપાર તે વખતે વર્તતો હોય, તે પણ ગુણવાન પુરુષને અવલંબીને ગુણવૃદ્ધિનું કારણ હોવાથી વિનયરૂપ છે.

પ્રતિરૂપ વિનય અને આશાતનાના પરિહારરૂપ વિનય કર્મનું વિનયન કરનાર હોવાથી, અને ગુણવૃદ્ધિ દ્વારા પૂર્વમાં થતા કર્મબંધ સદૃશ કર્મબંધના અભાવનું કારણ હોવાથી વિનય છે.

**યુગપદ ત્રણે યોગોથી થતો ઉપચારવિનય :-** વળી, આ બંને પ્રકારના ઉપચારવિનયમાં પ્રતિરૂપ યોગથી થતો ઉપચારવિનય ત્રણ પ્રકારનો છે : (૧)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કાયિક, (૨) વાચિક અને (૩) માનસિક. જેમ કોઈ શ્રાવક ભગવાનની ભક્તિ કરતી વખતે પુષ્પાદિક પૂજા કરતા હોય ત્યારે કાયિક ક્રિયા ભગવાનના ગુણોને અભિમુખ જવાને અનુકૂળ વ્યાપારરૂપ છે, વળી તે વખતે અંતરજલ્પાકારરૂપ વચનયોગ વર્તતો હોય, તો તે વાચિકયોગ પણ ભગવાનના ગુણને અભિમુખ જવાના યત્નરૂપ છે, અને મનોયોગ પણ ભગવાનના ગુણોથી આત્માને વાસિત કરવા માટે પ્રવર્તતો હોય, તો તે ત્રણે યોગોનો વ્યાપાર પ્રતિરૂપ યોગથી ઉપચાર વિનય છે.

**કાયયોગથી થતો ઉપચારવિનય :-** તથાવિધ મનોયોગથી પ્રેરિત કાયવ્યાપાર હોય તો તે કાયિક ઉપચારવિનય છે. જેમ કોઈ શ્રાવકને ભગવાનના ગુણોનું પરિજ્ઞાન હોય અને તેના કારણે ભગવાન પ્રત્યેના બહુમાનથી પ્રેરાઈને કાયા દ્વારા ભગવાનની પુષ્પાદિક પૂજા કરતા હોય, ત્યારે સાક્ષાત્ મનોવ્યાપાર ભગવાનના ગુણોમાં ઉપયુક્ત ન હોય, પરંતુ કાયાથી થતા પુષ્પાદિક વ્યાપારમાં મન ઉપયોગવાળું હોય, અને તેના કારણે ભગવાન પ્રત્યેના બહુમાનભાવની વૃદ્ધિ થતી હોય તો તે કાયિકયોગ ઉપચારવિનય છે.

**વાચિકયોગથી થતો ઉપચારવિનય :-** તથાવિધ મનોયોગથી પ્રેરિત વાચિક વ્યાપાર હોય તો તે વાચિક ઉપચારવિનય છે. જેમ કોઈ શ્રાવકને ભગવાનના ગુણોનું પરિજ્ઞાન હોય અને તેના કારણે ભગવાન પ્રત્યેના બહુમાનથી પ્રેરાઈને વચનો દ્વારા ભગવાનની સ્તુતિ કરતા હોય, ત્યારે સાક્ષાત્ મનોવ્યાપાર ભગવાનના ગુણોમાં ઉપયુક્ત ન હોય, પરંતુ તે તે વચનો દ્વારા ભગવાન પ્રત્યેના બહુમાનભાવની વૃદ્ધિ થતી હોય તો તે વાચિકયોગ ઉપચારવિનય છે.

**માનસયોગથી થતો ઉપચારવિનય :-** કોઈ સાધક યોગી ભગવાનના પારમાર્થિક ગુણોને જાણતા હોય અને તે ગુણોના સ્મરણ દ્વારા ભગવાન પ્રત્યેના બહુમાનભાવની વૃદ્ધિ થતી હોય તો તે માનસયોગ ઉપચારવિનય છે. **॥૩॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અવતરણિકા :-**

વળી, પ્રતિરૂપ યોગ દ્વારા થતા ઉપચારવિનયના કાયિક, વાચિક અને માનસિક ભેદો કઈ રીતે પડે છે ? તે ક્રમસર સ્પષ્ટ કરવા અર્થે કહે છે –

**શ્લોક :-**

अभिग्रहासनत्यागावभ्युत्थानाऽञ्जलिग्रहौ ।
कृतिकर्म च शुश्रूषा गतिः पश्चाच्च सम्मुखम् ।।४।।

**અન્વયાર્થ :-**

अभिग्रहासनत्यागौ अभ्युत्थानाऽञ्जलिग्रहौ=અભિગ્રહ, આસનત્યાગ, અભ્યુત્થાન, અંજલિગ્રહ, कृतिकर्म=કૃતિકર્મ, शुश्रूषा=શુશ્રૂષા, पश्चाच्च सम्मुखम् च गतिः=પશ્ચાત્‌ગતિ અને સન્મુખ ગતિ : આઠ પ્રકારનો કાયિક ઉપચારવિનય છે, એમ શ્લોક-૫ સાથે સંબંધ છે. ।।૪।।

**શ્લોકાર્થ :-**

**અભિગ્રહ, આસનત્યાગ, અભ્યુત્થાન, અંજલિગ્રહ, કૃતિકર્મ, શુશ્રૂષા, પશ્ચાત્‌ગતિ અને સન્મુખગતિ : આઠ પ્રકારનો કાયિક ઉપચારવિનય છે, એમ શ્લોક-૫ સાથે સંબંધ છે. ।।૪।।**

**ટીકા :-**

अभिग्रहेति-अभिग्रहो=गुरुनियोगकरणाभिसन्धिः, आसनत्यागः=आसनदानं, पीठिकाद्युपनयनमित्यर्थः, अभ्युत्थानं निषण्णस्य सहसार्हदर्शनेन, अञ्जलिग्रहः प्रश्नादौ, कृतिकर्म च वन्दनं, शुश्रूषा विधिवददूरासन्नतया सेवनं , पश्चाद्गति-र्गच्छतः, सम्मुखं च गतिरागच्छतः इति ।।४।।

**ટીકાર્થ :-**

अभिग्रहो ..... गतिरागच्छतः इति ।। (૧) અભિગ્રહ :- ગુરુના નિયોગના કરણની અભિસંધિ=ગુરુના કૃત્યોના કરણની અભિસંધિ.

(૨) આસનત્યાગ :- આસનદાન=ગુરુ આવેલા હોય તો પોતાના આસનનો ત્યાગ કરીને તે આસનનું દાન કરે અને બેસવા માટે પીઠિકા આદિનું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ઉપનયન કરે=પીઠિકા આદિનું સ્થાપન કરે.**

**(૩) અભ્યુત્થાન :- બેઠેલ શિષ્ય ગુરુના સહસા દર્શનથી ઊભો થાય તે અભ્યુત્થાન.**

**(૪) અંજલિગ્રહ :- પ્રશ્નાદિમાં અંજલિનો ગ્રહ=બે હાથ જોડીને પૃચ્છા.**

**(૫) કૃતિકર્મ :- વંદન.**

**(૬) શુશ્રૂષા :- વિધિપૂર્વક અદૂર અને અનાસન્નપણાથી ગુરુ આદિનું સેવન.**

**(૭) પશ્ચાત્‌ગતિ :- જતા એવા ગુરુની પાછળ ગમન.**

**(૮) સન્મુખ ગતિ :- આવતા એવા ગુરુની સન્મુખ ગમન.**

✤ 'इति' શબ્દ આઠ ભેદોની સમાપ્તિ માટે છે. **॥૪॥**

**ભાવાર્થ :-**

**કાયિક ઉપચાર વિનય :-**

**(૧) અભિગ્રહ :-** ગુણવાન ગુરુના ગુણો પ્રત્યેના આદરથી ગુરુસંબંધી ઉચિત વ્યાપાર કરવાની અભિસંધિ તે અભિગ્રહ છે અર્થાત્ ગુણવાન ગુરુની ભક્તિ કરવાનો સંકલ્પ છે, અને તે સંકલ્પપૂર્વકની તેને અનુરૂપ સર્વ પ્રવૃત્તિ તે પ્રથમ પ્રકારનો કાયિક વિનય છે. આ કાયિકવિનયકાળમાં ગુણવાન ગુરુના બહુમાનની વૃદ્ધિને અનુકૂળ પરિણામપૂર્વક સર્વ કાયિક ક્રિયામાં ઉચિત યતના વર્તતી હોય તો જીવમાં ગુણવૃદ્ધિને અનુકૂળ અંતરંગ વ્યાપાર થાય છે, તેથી અભિગ્રહ વિનય બને છે. અને તેવા પ્રકારનો અંતરંગ વ્યાપાર ન હોય અને બાહ્ય ક્રિયા કરવામાં આવે અથવા પોતે ગુરુનું કૃત્ય નહિ કરે તો પોતાનું ખરાબ દેખાશે ઇત્યાદિ જે તે અભિસંધિથી કૃત્ય કરે, તો તે અભિગ્રહ સ્થૂલથી અભિગ્રહ ગણાય, પરંતુ કર્મના વિનયનનું કારણ નહિ હોવાથી અભિગ્રહ વિનય બને નહિ.

**(૨) આસનત્યાગ :-** ગુણવાન ગુરુ કોઈક નિમિત્તે સન્મુખ આવેલા હોય તો પોતાના આસનનો ત્યાગ કરીને ગુરુને બેસવા માટે આસન અને પીઠિકા આદિનું સ્થાપન કરે, તે વખતે ગુણવાન ગુરુના વધતા જતા બહુમાનથી યુક્ત પોતાના આસનત્યાગની ક્રિયા તે કાયિક ઉપચાર વિનય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૩) **અભ્યુત્થાન :-** સહસા ગુણવાન ગુરુના દર્શનમાં બેઠેલા એવા ગુણના પક્ષપાતી જીવની બહુમાનથી ઊભા થવાની ક્રિયા, એ ગુણ પ્રત્યેના બહુમાનમાંથી ઊઠેલી કાયિક ક્રિયા હોવાથી કર્મનું વિનયન કરનાર બને છે. તેથી અભ્યુત્થાન કાયિક ઉપચારવિનય છે.

(૪) **અંજલિગ્રહ :-** પ્રશ્નાદિમાં બે હાથ જોડવા. શાસ્ત્રઅધ્યયનકાળમાં કોઈ સ્થાનમાં શિષ્યને સંશય થયો હોય ત્યારે ગુરુને પ્રશ્ન પૂછવામાં આવે, અથવા કોઈ કાર્ય વિષયક ગુણવાન ગુરુને પૃચ્છા કરવાની હોય ત્યારે ગુરુ પ્રત્યેના બહુમાનપૂર્વક બે હાથ જોડીને પ્રશ્ન પૂછવામાં આવે ત્યારે ગુણવાન ગુરુ પ્રત્યેના વધતા જતા બહુમાનના કારણે કર્મનું વિનયન થાય છે. માટે અંજલિગ્રહ એ કાયિક ઉપચારવિનય છે.

(૫) **કૃતિકર્મ :-** ગુણવાન ગુરુના ગુણોના સ્મરણપૂર્વક તેમના પ્રત્યેના ગુણોના વધતા જતા બહુમાનને અનુકૂળ વંદનક્રિયાકાળમાં બોલાતાં સૂત્રો દ્વારા અર્થની ઉપસ્થિતિ થવાથી જે આદરનો અતિશય થાય છે, તેના કારણે કર્મનું વિનયન થાય છે. માટે કૃતિકર્મ એ કાયિક ઉપચારવિનય છે.

(૬) **શુશ્રૂષા :-** ગુણવાન ગુરુની સેવાની ક્રિયા તે શુશ્રૂષા છે. તે ક્રિયામાં વિધિપૂર્વક અતિ દૂર નહિ અને અતિ આસન્ન નહિ તે રીતે તેમની સેવા કરવી તે શુશ્રૂષા છે. તે શુશ્રૂષાકાળમાં તે મહાત્માના તે તે ગુણો પ્રત્યેના બહુમાનથી વધતા જતા આદરના પરિણામથી કર્મનું વિનયન થાય છે. તેથી શુશ્રૂષા તે કાયિક ઉપચારવિનય છે.

(૭) **પશ્ચાત્‌ગતિ :-** ગુણવાન ગુરુ કોઈ સ્થાને જતા હોય તો તેમના પ્રત્યેના આદરથી તેમની પાછળ ચાલવું, તે પશ્ચાત્‌ગતિ નામનો કાયિક ઉપચારવિનય છે.

(૮) **સન્મુખ ગતિ :-** ગુણવાન ગુરુ આવતા હોય ત્યારે તેમના પ્રત્યેના પૂજ્યભાવથી તેમની સન્મુખ યતનાપૂર્વક જવાની ક્રિયા સન્મુખ ગતિરૂપ કાયિક ઉપચારવિનય છે. **॥૪॥**

**અવતરણિકા :-**

**પ્રતિરૂપ યોગથી થતા ઉપચારવિનયના ત્રણ ભેદો છે, એમ શ્લોક-૩માં બતાવ્યું. તેમાંથી કાય ઉપચારવિનયના આઠ ભેદો શ્લોક-૪માં બતાવ્યા. હવે વાક્ ઉપચારવિનયના ચાર ભેદો બતાવે છે –**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**શ્લોક :-**

कायिकोऽष्टविधश्चायं वाचिकश्च चतुर्विधः ।
हितं मितं चापरुषं ब्रुवतोऽनुविचिन्त्य च ।।५।।

**અન્વયાર્થ :-**

अयं च=અને આ=શ્લોક-૪માં બતાવ્યું એ, अष्टविधः कायिकः=કાયિક ઉપચાર આઠ પ્રકારનો છે. च=અને, हितं मितं च अपरुषं=હિત, મિત, અપરુષને, अनुविचिन्त्य च बुवतः=અને વિચારીને બોલતા પુરુષનો, वाचिकश्च चतुर्विधः=અને વાચિક ઉપચારવિનય ચાર પ્રકારનો છે. ।।૫।।

**શ્લોકાર્થ :-**

**અને આ=શ્લોક-૪માં બતાવ્યું એ, કાયિક ઉપચાર આઠ પ્રકારનો છે અને હિત, મિત, અપરુષને અને વિચારીને બોલતા પુરુષનો વાચિક ઉપચારવિનય ચાર પ્રકારનો છે. ।।૫।।**

**ટીકા :-**

कायिक इति-अयं चाष्टविधः कायिक उपचारः, वाचिकस्तु चतुर्विधः, हितं=परिणामसुन्दरं ब्रुवतः प्रथमः, मितं=स्तोकाक्षरं ब्रुवतो द्वितीयः, अपरुषं= चानिष्ठुरं ब्रुवतस्तृतीयः, अनुविचिन्त्य=स्वालोच्य च ब्रुवतश्चतुर्थ इति ।।५।।

**ટીકાર્થ :-**

अयं ..... इति ।। અને આ=શ્લોક-૪માં બતાવ્યું એ આઠ પ્રકારનો કાયિક ઉપચાર છે=કાયિક ઉપચારવિનય છે. વળી, વાચિક ચાર પ્રકારનો છે. હિત=પરિણામસુંદર બોલનાર પુરુષનો પ્રથમ છે, મિત=સ્તોક અક્ષર બોલનાર પુરુષનો બીજો છે અને અપરુષ=અનિષ્ઠુર બોલનાર પુરુષનો ત્રીજો છે, અને અનુવિચિંતન કરીને=સુઆલોચન કરીને બોલનાર પુરુષનો ચોથો છે. ।।૫।।

**ભાવાર્થ :-**

**વાચિક ઉપચાર વિનય :-**

કર્મોના વિનયનનું કારણ બને તેવો વાચિક ઉપચારવિનય ચાર પ્રકારનો છે -

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧. **हितं ब्रुवतः** :- જે વચનપ્રયોગથી પરિણામ સુંદર આવે અર્થાત્ કોઈનું અહિત થાય નહિ અને યોગ્ય જીવને હિતની પ્રાપ્તિ થાય, એવું વચન બોલનારનો પ્રથમ વાક્ વિનય છે અથવા કોઈક સ્થાને શંકા થઈ હોય અને યોગ્ય સ્થાને પૃચ્છા કરવાથી પરિણામ સુંદર આવે એવું જે બોલે, તેનો પ્રથમ વાક્વિનય છે.

૨. **मितं ब्रुवतः** :- પરિણામ સુંદર એવો વચનપ્રયોગ કરનાર પણ ઉપયોગી વચનથી વધારે વચનપ્રયોગો કરે તો તે કર્મબંધનું કારણ છે, પરંતુ ઉચિત વિનય નથી. તેથી હિતકારી વચન બોલનારે પણ ઉપયોગી એટલા પરિમિત શબ્દો જ બોલવા જોઈએ, જેથી વધારે પ્રમાણમાં વચનપ્રયોગ કરીને શક્તિનો વ્યય ન થાય અને નિરર્થક વચનપ્રયોગ કરવાની પ્રકૃતિ વધે નહિ. આ પ્રકારે પરિમિત શબ્દો બોલનારનો બીજા પ્રકારનો વાક્વિનય છે.

૩. **अपरुषं ब्रुवतः** :- વળી, બોલતી વખતે જેમ હિતકારી પરિમિત શબ્દો બોલવા આવશ્યક છે, તેમ કઠોરતાના પરિહારવાળા શબ્દો બોલવાથી કર્મોનું વિનયન થાય છે. તેથી અપરુષ વચન બોલનારનો ત્રીજા પ્રકારનો વાક્વિનય છે.

૪. **अनुविचिन्त्य ब्रुवतः** :- વળી, જે કાંઈ બોલવાનું હોય તે વિચારીને અર્થાત્ આ બોલવા માટે ઉચિત છે કે મૌન લેવું ઉચિત છે, તેનો સમ્યક્ નિર્ણય કરીને બોલવામાં આવે, તે સુઆલોચન કરીને બોલનારનો ચોથા પ્રકારનો વાક્વિનય થાય છે.

વચનપ્રયોગની ક્રિયામાં આ ચારે પ્રકારનો ઉચિત વિવેક છે, અને ઉચિત વિવેકપૂર્વક બોલાયેલા પ્રયોગો કર્મનું વિનયન કરે છે. માટે આ ચાર પ્રકારના વચનપ્રયોગને વાક્ ઉપચારવિનયરૂપે કહેલ છે. **॥૫॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૩માં કહેલ કે પ્રતિરૂપ વિનય ત્રણ પ્રકારનો છે. તેથી હવે ક્રમપ્રાપ્ત પ્રતિરૂપ વિનયના માનસયોગ ઉપચારવિનયના બે ભેદોને બતાવે છે –**

**શ્લોક :-**

**मानसश्च द्विधा शुद्धप्रवृत्त्याऽसन्निरोधतः ।**
**छद्मस्थानामयं प्रायः सकलोऽन्यानुवृत्तितः ।।६।।**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અન્વયાર્થ :-**

शुद्धप्रवृत्त्याऽसन्निरोधतः च=શુદ્ધ પ્રવૃત્તિથી અને અસદ્‌નિરોધથી, मानसः द्विधा=માનસવિનય બે પ્રકારનો છે. प्रायः छद्मस्थानाम्=પ્રાયઃ છદ્મસ્થોને, अयं सकलः=આ સકલ=કાયિક, વાચિક, માનસિક એવો પ્રતિરૂપ યોગાત્મક સકલ વિનય, अन्यानुवृत्तितः=અન્યની અનુવૃત્તિથી છે. ॥૬॥

**શ્લોકાર્થ :-**

**શુદ્ધ પ્રવૃત્તિથી અને અસદ્‌નિરોધથી માનસવિનય બે પ્રકારનો છે. પ્રાયઃ છદ્મસ્થોને આ સકલ=કાયિક, વાચિક, માનસિક એવો પ્રતિરૂપ યોગાત્મક સકલ વિનય અન્યની અનુવૃત્તિથી છે. ॥૬॥**

**ટીકા :-**

**मानसश्चेति-मानसश्च=उपचारो द्विधा शुद्धप्रवृत्त्या=धर्मध्यानादिप्रवृत्त्या, असन्निरोधतः=आर्तध्यानादिप्रतिषेधात् । अयं च सकलः प्रायः प्रतिरूपो विनयश्छद्मस्थानामन्यानुवृत्तित आत्मव्यतिरिक्तप्रधानानुवृत्तेः, प्रायोग्रहणादज्ञातकेवलभावदशायां केवलिनामपि, अन्यदा तु तेषामप्रतिरूप एव विनयस्तथैव तत्कर्मविनयनोपपत्तेः । तदुक्तं –**

"पडिरूवो खलु विणओ पराणुअत्तिमइओ मुणेअव्वो ।
अप्पडिरूवो विणओ णायव्वो केवलीणं तु" ॥१॥ ॥६॥

**ટીકાર્થ :-**

मानसश्च ..... तु" ॥ માનસ ઉપચાર બે પ્રકારનો છે : શુદ્ધ પ્રવૃત્તિથી= ધર્મધ્યાનાદિની પ્રવૃત્તિથી પ્રથમ છે, અસદ્‌નિરોધથી=આર્તધ્યાન આદિના પ્રતિષેધથી બીજો છે; અને પ્રાયઃ આ સકલ=કાયિક, વાચિક, માનસ પ્રતિરૂપ વિનય છદ્મસ્થોને અન્યની અનુવૃત્તિથી=પોતાનાથી વ્યતિરિક્ત એવા પ્રધાન પુરુષની=ગુણવાન પુરુષની અનુવૃત્તિથી છે=અનુસરણથી છે.

શ્લોકમાં "પ્રાયઃ" શબ્દના ગ્રહણથી અજ્ઞાત કેવલભાવદશામાં કેવલીઓને પણ આત્મ વ્યતિરિક્ત પ્રધાન પુરુષની અનુવૃત્તિથી પ્રતિરૂપ વિનય છે. વળી, અન્યદા=કેવલી તરીકે જ્ઞાત હોય ત્યારે તેઓને=કેવલીઓને અપ્રતિરૂપ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**જ વિનય છે; કેમ કે તે પ્રકારે જ=અપ્રતિરૂપ વિનયનું સેવન કરે તે પ્રકારે જ, તેમના કર્મના વિનયનની ઉપપત્તિ છે=કેવલીના કર્મના નાશની ઉપપત્તિ છે. તે કહેવાયું છે=પૂર્વમાં કહ્યું કે પ્રાયઃ છદ્મસ્થોને આ સકલ વિનય અન્યની અનુવૃત્તિથી છે, અને કેવલીને અપ્રતિરૂપ વિનય છે, તે દશવૈકાલિક-નિર્યુક્તિ ૯/૩૨૩માં કહેવાયું છે.**

"ખરેખર પ્રતિરૂપ વિનય પરની અનુવૃત્તિમય જાણવો. વળી કેવલીને અપ્રતિરૂપ વિનય જાણવો." ॥૬॥

**ભાવાર્થ :-**

**માનસ ઉપચાર વિનય :-**

માનસ ઉપચારવિનય બે પ્રકારનો છે : (૧) કોઈ સાધક આત્મા ધર્મધ્યાન આદિની પ્રવૃત્તિ કરવા અર્થે તીર્થંકર આદિ પુરુષોનું અવલંબન લઈને ધ્યાન આદિમાં ઉદ્યમ કરતો હોય ત્યારે, આત્માથી વ્યતિરિક્ત એવા તીર્થંકર આદિને આશ્રયીને શુદ્ધ પ્રવૃત્તિથી, માનસ ઉપચાર વિનય છે. (૨) વળી કોઈક સાધક આત્માને, કોઈક નિમિત્તને પામીને આર્તધ્યાન આદિ થતું હોય ત્યારે તેના નિરોધ માટે પૂર્વના ઉત્તમ પુરુષોના ચારિત્રનું અવલંબન લે, ત્યારે અસદ્નિરોધથી તે સાધકનો માનસ ઉપચાર વિનય છે.

શ્લોક-૩માં બે પ્રકારના વિનય બતાવ્યા. તેમાં પ્રતિરૂપ યોગથી અને આશાતનાના પરિહારથી બે પ્રકારનો ઉપચારવિનય છે, તેમ બતાવ્યું. તે બે પ્રકારના ઉપચારવિનયમાંથી પ્રતિરૂપ યોગથી થતો ઉપચારવિનય, ત્રણ યોગોથી ત્રણ પ્રકારનો છે, એમ બતાવ્યું, અને તેના પેટા ભેદોથી કાયયોગથી આઠ પ્રકારનો, વાક્યોગથી ચાર પ્રકારનો અને મનોયોગથી બે પ્રકારનો છે, એમ બતાવ્યું. આ સકલ પ્રતિરૂપ વિનય છદ્મસ્થોને પોતાના આત્માથી ભિન્ન એવા તીર્થંકર આદિ પુરુષોને અવલંબીને થાય છે.

આનાથી એ ફલિત થાય કે તીર્થંકર આદિને અવલંબીને જ્ઞાનવિનય, દર્શનવિનય, ચારિત્રવિનય કે તપવિનય થનારા નથી, પરંતુ આત્માના જ્ઞાનાદિ ભાવોને સ્ફુરણ કરવાના યત્નથી કર્મોનું વિનયન થતું હોવાથી જ્ઞાનાદિ ભાવોના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્ફુરણના વ્યાપારરૂપ જ્ઞાનાદિવિનય છે. અને તીર્થંકર આદિ પુરુષોને અવલંબીને થતો કાયનો વ્યાપાર, વચનનો વ્યાપાર કે મનનો વ્યાપાર તે પ્રતિરૂપ યોગથી થતો ઉપચારવિનય છે, કેવલજ્ઞાન થયા પછી "આ કેવલી છે" તેવું કોઈને જ્ઞાન ન હોય ત્યારે કેવલી પૂર્વની જેમ ગુરુ આદિને વંદના કરતા હોય ત્યારે કેવલીને પણ પ્રતિરૂપ વિનય છે. તે સિવાય કેવલીને અપ્રતિરૂપ વિનય છે. અપ્રતિરૂપ વિનય એટલે વીતરાગભાવને અનુકૂળ થતો આત્માનો વ્યાપાર, અને કેવલી વીતરાગ હોવાથી સહજ વીતરાગભાવમાં વર્તે છે. તેથી પૂર્વમાં અવીતરાગભાવથી બંધાયેલાં કર્મો વીતરાગભાવના પરિણામથી નાશ પામે છે. તેથી કેવલીને અપ્રતિરૂપ વિનય છે. **॥૬॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૩માં ઉપચારવિનય બે પ્રકારનો છે, તેમ બતાવેલ. તેમાં પ્રતિરૂપ યોગથી થતો ઉપચારવિનય અત્યાર સુધી બતાવ્યો. હવે અનાશાતના રૂપ ઉપચારવિનય બતાવતાં કહે છે –**

**શ્લોક :-**

**अर्हत्सिद्धकुलाचार्योपाध्यायस्थविरेषु च ।**
**गणसङ्घक्रियाधर्मज्ञानज्ञानिगणिष्वपि ।।७।।**
**अनाशातनया भक्त्या बहुमानेन वर्णनात् ।**
**द्विपञ्चाशद्विधः प्रोक्तो द्वितीयश्चौपचारिकः ।।८।।**

**અન્વયાર્થ :-**

च अर्हत्सिद्धकुलाचार्योपाध्यायस्थविरेषु=**અને અરિહંત, સિદ્ધ, કુલ, આચાર્ય, ઉપાધ્યાય, સ્થવિરોમાં,** गणसङ्घक्रियाधर्मज्ञानज्ञानिगणिष्वपि=**ગણ, સંઘ, ક્રિયા, ધર્મ, જ્ઞાન, જ્ઞાની અને ગણિમાં પણ=ગણાધિપતિમાં પણ. ॥૭॥**

अनाशातनया=**અનાશાતનાથી,** भक्त्या=**ભક્તિથી,** बहुमानेन=**બહુમાનથી,** वर्णनात्=**વર્ણનથી=ગુણોની પ્રશંસાથી,** द्वितीयश्चोपचारिकः=**બીજો ઔપચારિક વિનય,** द्विपञ्चाशद्विधः=**બાવન ભેદવાળો,** प्रोक्तः=**કહેવાયેલો છે. ॥૮॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**શ્લોકાર્થ :-**

**અરિહંત, સિદ્ધ, કુલ, આચાર્ય, ઉપાધ્યાય, સ્થવિર, ગણ, સંઘ, ક્રિયા, ધર્મ, જ્ઞાન, જ્ઞાની અને ગણિમાં પણ=ગણાધિપતિમાં પણ; ॥૭॥**

**અનાશાતનાથી, ભક્તિથી, બહુમાનથી, વર્ણનથી, બાવન ભેદવાળો બીજો ઔપચારિક વિનય કહેવાયેલો છે. ॥૮॥**

**ટીકા :-**

अर्हदिति–अर्हन्तः=तीर्थकराः, सिद्धाः=क्षीणाष्टकर्ममलाः, कुलं=नागेन्द्रादि, आचार्यः=पञ्चविधाचारानुष्ठाता तत्प्ररूपकश्च, उपाध्यायः=स्वाध्यायपाठकः, स्थविरः=सीदतां स्थिरीकरणहेतुः, गणः=कौटिकादिः, सङ्घः=साध्वादिसमुदायः, क्रियाऽस्तिवादरूपा, धर्मः=श्रुतधर्मादिः, ज्ञानं=मत्यादि, ज्ञानिनस्तद्वन्तः, गणिर्गणाधिपतिः ।।७।।

अनाशातनयेति–अनाशातनया=सर्वथाऽहीलनया, भक्त्या=उचितोपचाररूपया, बहुमानेनान्तरभावप्रतिबन्धरूपेण, वर्णनात्=सद्भूतगुणोत्कीर्तनात्, द्वितीयश्चानाशातनात्मक औपचारिकविनयो द्विपञ्चाशद्विधः प्रोक्तः, त्रयोदशपदानां चतुर्भिर्गुणने यथोक्तसंख्यालाभात् ।।८।।

**ટીકાર્થ :-**

अर्हन्त ..... संख्यालाभात् ।। અરિહંતો=તીર્થંકરો, સિદ્ધો=ક્ષીણ થયેલા આઠ કર્મમલવાળા, કુલ=નાગેન્દ્ર આદિ કુલ, આચાર્ય=પાંચ પ્રકારના આચારના અનુષ્ઠાતા અને તેના પ્રરૂપક=પાંચ પ્રકારના આચારના પ્રરૂપક, ઉપાધ્યાય=સ્વાધ્યાયપાઠક=સ્વાધ્યાય કરાવવા માટે સૂત્રો આપનારા, સ્થવિર=સિદાતા સાધુઓને સ્થિરીકરણના હેતુ એવા સાધુ, ગણ=કૌટિક આદિ ગણ, સંઘ=સાધુ આદિનો સમુદાય=સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકાનો સમુદાય, ક્રિયા=અસ્તિવાદરૂપ ક્રિયા, ધર્મ=શ્રુતધર્માદિ, જ્ઞાન=મતિજ્ઞાન આદિ પાંચ જ્ઞાન, જ્ઞાની=મતિ આદિ પાંચ જ્ઞાનવાળા પુરુષો, ગણિ=ગણાધિપતિ. ॥૭॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પૂર્વમાં વર્ણન કરાયેલા તેર ભેદોના વિષયમાં અનાશાતનાથી=સર્વથા અહીલનાથી, ભક્તિથી=ઉચિત ઉપચારરૂપ ભક્તિથી, બહુમાનથી=અંતરંગ ભાવપ્રતિબંધરૂપ બહુમાનથી, વર્ણનથી=સદ્ભૂત એવા ગુણોના કીર્તનથી, બીજા પ્રકારનો=અનાશતનાત્મક ઔપચારિક વિનય બાવન પ્રકારનો કહેવાયો છે; કેમ કે તેર પદોને=શ્લોક-૭માં કહેવાયેલાં તેર પદોને, ચાર વડે ગુણવામાં યથોક્ત સંખ્યાનો લાભ છે=બાવન સંખ્યાનો લાભ છે. ॥૮॥**

**ભાવાર્થ :-**

તીર્થંકરો યોગમાર્ગના પ્રરૂપક છે અને તીર્થની સ્થાપના કરીને જગત ઉપર મહાન ઉપકાર કરનારા છે. વળી, પોતે વીતરાગ સર્વજ્ઞ છે અને નજીકમાં સિદ્ધ અવસ્થાને પામનારા છે. તે રૂપે તીર્થંકરની ઉપસ્થિતિ કરીને (૧) પોતાના દ્વારા તેઓના કોઈ ગુણનો અપલાપ ન થાય તે રીતે આશાતનાનો પરિહાર કરવાથી, (૨) ગુણવાન એવા જગત્ગુરુ પ્રત્યે ઉચિત ઉપચારરૂપ ભક્તિ કરવાથી, (૩) તેમના ગુણો પ્રત્યે અંતરંગ ભાવથી પ્રીતિ ધારણ કરવા રૂપ બહુમાનથી અને (૪) તેમના વાસ્તવિક ગુણોનું ઉચિત સ્થાને વર્ણન કરવાથી ચાર પ્રકારનો અરિહંતોનો અનાશાતનાત્મક ઉપચારવિનય થાય છે. તે રીતે સિદ્ધ ભગવંત આદિ અન્ય ૧૨ પુરુષોમાં પણ અનાશાતનાદિ ચાર ચાર પ્રકારનો અનાશાતનાત્મક ઉપચારવિનય થાય છે. તેથી ઉપચારવિનયના બાવન ભેદોની પ્રાપ્તિ થાય છે.

વળી, સિદ્ધ ભગવંતોની ઉપસ્થિતિ સર્વકર્મરહિત, દેહરહિત, મોહથી અનાકુળ એવા કેવળજ્ઞાન-કેવળદર્શનમય સ્વરૂપે થાય છે.

વળી, તેઓના સ્વરૂપવિષયક સંદેહ કરવાથી કે તેમના સ્વરૂપને જાણવા પ્રત્યેની ઉપેક્ષા આદિ ભાવોથી આશાતના થાય છે. તેનો પરિહાર કરીને વારંવાર સિદ્ધ ભગવાનના સ્વરૂપને ઉપસ્થિત કરવામાં આવે, વળી, તેમનું સ્મરણ કરીને ઉચિત ઉપચારરૂપ ભક્તિથી આદર કરવામાં આવે અર્થાત્ તેમનું સ્મરણ કરી બે હાથ જોડીને મસ્તક આદિ નમાવીને તેમના પ્રત્યે ભક્તિની વૃદ્ધિ થાય તેવો યત્ન કરવામાં આવે, અને તેમના નિર્મળ સ્વરૂપ પ્રત્યે અંતરંગ પ્રીતિ ઉલ્લસિત થાય તે પ્રકારે બહુમાન કરવામાં આવે, અને સિદ્ધ અવસ્થામાં વર્તતા આત્માઓના સદ્ભુત ગુણોનું વારંવાર કીર્તન કરવામાં આવે તો તેમનો વિનય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

થાય છે. આ પ્રકારે અનાશાતનાદિ ચાર પ્રકારે વિનય કરવાથી કર્મનું વિનયન થાય છે.

વળી, ભગવાનના શાસનમાં સંયમ લેનાર સાધુઓનાં નાગેન્દ્ર આદિ કુળો હતાં. તેઓ અનેક ગુણોથી યુક્ત હતા. તેમનું સ્મરણ કરીને તેમના પ્રત્યે ભક્તિની વૃદ્ધિ થાય તે પ્રકારે ઉચિત પ્રવૃત્તિ કરવામાં આવે તો અનાશતનાદિ ચાર પ્રકારે વિનય કરવાથી કર્મનું વિનયન થાય છે.

વળી, આચાર્ય મહાસત્ત્વથી રત્નત્રયીની વૃદ્ધિના કારણભૂત પાંચ પ્રકારના આચારને પાળનારા હોય છે, અને તે આચારોની સુવિશુદ્ધ પ્રરૂપણા કરીને યોગ્ય જીવોને તે આચારોની પ્રાપ્તિ કરાવે છે. તે રીતે આચાર્યની ઉપસ્થિતિ કરીને અનાશાતનાદિ ચાર પ્રકારે વિનય કરવાથી કર્મનું વિનયન થાય છે.

વળી, ઉપાધ્યાય ભગવાન શાસનનાં સૂત્રો આદિનું અધ્યયન કરાવીને યોગ્ય જીવોને સંયમવૃદ્ધિમાં પ્રબળ કારણ બને છે. તે રીતે તેમના ગુણોની ઉપસ્થિતિ કરીને અનાશાતનાદિ ચાર પ્રકારે વિનય કરવાથી કર્મનું વિનયન થાય છે.

વળી, યોગમાર્ગમાં પ્રવૃત્ત એવા સાધુઓ પણ કર્મના દોષથી સિદાતા હોય ત્યારે સ્થવિરો તેઓને યોગમાર્ગમાં સ્થિર કરવાનું કારણ બને છે. એવા સ્થવિરોના ગુણોની ઉપસ્થિતિ કરીને અનાશાતનાદિ ચાર પ્રકારે વિનય કરવાથી કર્મનું વિનયન થાય છે.

વળી, એક ગણિની નિશ્રામાં રહેલો સાધુઓનો સમુદાય તે ગણ કહેવાય, અને ભગવાનના શાસનમાં કૌટિક આદિ ગણ પ્રસિદ્ધ છે. તે ગણના ગુણો આદિનું સ્મરણ કરીને અનાશાતનાદિ ચાર પ્રકારે વિનય કરવા઼ ર્મનું વિનયન થાય છે.

ભગવાનના શાસનમાં સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકાના સમુદાયરૂપ શ્રીસંઘ છે, અને ભગવાનના વચનને પરતંત્ર થઈને સ્વભૂમિકા અનુસાર શ્રીસંઘમાં જેઓ મોક્ષમાર્ગની આરાધના કરી રહ્યા છે અને સર્વ ઉદ્યમથી વીતરાગ થવા માટેની શક્તિનો સંચય કરી રહ્યા છે, તેઓ ચતુર્વિધ શ્રીસંઘમાં સ્થાન પામે છે, અને તેવા ગુણોથી કલિત એવા ચતુર્વિધ શ્રીસંઘની ઉપસ્થિતિ કરીને અનાશાતનાદિ દ્વારા ચાર પ્રકારે વિનય કરવામાં આવે તો કર્મનું વિનયન થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વળી, ક્રિયા અસ્તિવાદરૂપ છે=ભગવાને બતાવેલ ઉચિત કૃત્યોરૂપ જે ક્રિયા તે જીવની વાસ્તવિક અવસ્થાની પ્રાપ્તિનું કારણ છે. તેથી તે ક્રિયા અસ્તિવાદરૂપ છે, અને જે ક્રિયા જીવને ચારગતિના પરિભ્રમણનું કારણ છે, તે ક્રિયા નાસ્તિવાદરૂપ છે. આ રીતે ક્રિયાનું પારમાર્થિક સ્વરૂપ વિચારવાથી એ પ્રાપ્ત થાય કે ભગવાને બતાવેલી અસ્તિવાદરૂપ સર્વ ક્રિયાઓ આત્મામાં વીતરાગભાવને અભિમુખ ઉત્તમ સંસ્કારો આદાન કરે છે, માટે જીવનું એકાંત હિત છે. એ પ્રકારે તેના સ્વરૂપનું આલોચન કરીને અનાશાતનાદિ ચાર પ્રકારથી વિનય કરવામાં આવે તો કર્મનું વિનયન થાય છે.

વળી, ધર્મ, શ્રુત અને ચારિત્રરૂપ છે. શ્રુતધર્મ જીવને તત્ત્વનો બોધ કરાવનાર છે, અને ચારિત્રધર્મ જીવના પારમાર્થિક સ્વરૂપને પ્રગટ કરવાના યત્ન સ્વરૂપ છે, અને તે શ્રુત-ચારિત્રરૂપ ધર્મ જ સર્વ કલ્યાણનું કારણ છે, તે પ્રકારે ધર્મના સ્વરૂપનું ચિંતવન કરીને અનાશાતનાદિ ચાર પ્રકારથી વિનય કરવામાં આવે તો કર્મનું વિનયન થાય છે.

વળી, મતિ આદિ પાંચ જ્ઞાનો છે. તે પાંચે જ્ઞાનો સર્વ કલ્યાણોની પરંપરાનાં કારણો છે. તે પ્રકારે પાંચે જ્ઞાનોનું સ્વરૂપ સૂક્ષ્મ બુદ્ધિથી વિચારીને અનાશાતનાદિ ચારે પ્રકારે તેનો વિનય કરવામાં આવે તો કર્મનું વિનયન થાય છે.

વળી, જ્ઞાની=મતિ આદિ પાંચ જ્ઞાનવાળા પુરુષો. જેમ જ્ઞાનનો અનાશાતનાદિથી વિનય થાય છે, તેમ તે જ્ઞાનવાળા પુરુષોનો પણ અનાશાતનાદિથી વિનય કરવામાં આવે તો કર્મનું વિનયન થાય છે.

વળી, ગણિ=ગણના અધિપતિ અર્થાત્ સાધુના સમુદાયરૂપ જે ગણ તેના અધિપતિ તે ગણિ એવા સાધુ, ઘણા યોગ્ય સાધુઓને યોગમાર્ગમાં પ્રવર્તાવીને કલ્યાણની પરંપરાનું કારણ બને છે. તેવા ગણિ સાધુના ગુણોનું સ્મરણ કરીને અનાશાતનાદિ દ્વારા વિનય કરવાથી કર્મનું વિનયન થાય છે. **||૭-૮||**

**અવતરણિકા :-**

**શ્લોક-૭ અને ૮માં અરિહંત આદિ તેરને આશ્રયીને બાવન પ્રકારનો અનાશાતનાત્મક ઔપચારિક વિનય બતાવ્યો. હવે તે બાવન ભેદના વિષયભૂત અરિહંત આદિ તેર વસ્તુઓ પરસ્પર અનુવિદ્ધ છે, એમ બતાવીને**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એકની આશાતનામાં સર્વની આશાતનાનું પાપ છે, તે બતાવવા અર્થે કહે છે –

**શ્લોક :-**

एकस्याशातनाप्यत्र सर्वेषामेव तत्त्वतः ।
अन्योऽन्यमनुविद्धा हि तेषु ज्ञानादयो गुणाः ।।९।।

**અન્વયાર્થ :-**

अत्र=અહીં=અરિહંત આદિ તેર પદોમાં, एकस्याऽपि आशातना=એકની પણ આશાતના, तत्त्वतः सर्वेषां एव=તત્ત્વથી બધાની જ આશાતના છે; हि=જે કારણથી, तेषु=તેઓમાં=અરિહંત આદિ સર્વમાં, ज्ञानादयो गुणाः= જ્ઞાનાદિ ગુણો, अन्योऽन्यमनुविद्धाः=અન્યોન્ય અનુવિદ્ધ છે. ।।૯।।

**શ્લોકાર્થ :-**

**અહીં=અરિહંત આદિ તેર પદોમાં, એકની પણ આશાતના તત્ત્વથી બધાની જ આશાતના છે; हि=જે કારણથી, તેઓમાં=અરિહંત આદિ સર્વમાં, જ્ઞાનાદિ ગુણો અન્યોન્ય અનુવિદ્ધ છે. ।।૯।।**

**ટીકા :-**

एकस्येति-अत्र=अर्हदादिपदेषु, एकस्यापि आशातना तत्त्वतः सर्वेषां, हि= यतस्तेषु ज्ञानादयो गुणा अन्योऽन्यमनुविद्धाः यदेव ह्येकस्य शुद्धं ज्ञानं तदेवापरस्यापि, इत्थं च हीलनाविषयीभूतज्ञानादिसम्बन्धस्य सर्वत्राविशेषा-देकहीलने सर्वहीलनापत्तेर्दारुणविपाकत्वमवधार्य न कस्यापि हीलना कार्येति भावः ।।९।।

**ટીકાર્થ :-**

अत्रार्हदादि ..... भावः ।। આમાં=અરિહંત આદિ પદોમાં, એકની પણ આશાતના તત્ત્વથી સર્વની આશાતના છે; જે કારણથી તેઓમાં=અરિહંત આદિ તેર પદોમાં, જ્ઞાનાદિ ગુણો પરસ્પર અનુવિદ્ધ છે અર્થાત્ જે એકનું શુદ્ધ જ્ઞાન છે, તે જ બીજાનું પણ છે, અને આ રીતે=પૂર્વમાં કહ્યું કે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અરિહંત આદિ તેર પદોમાં જ્ઞાનાદિ ગુણો અન્યોન્ય અનુવિદ્ધ છે એ રીતે, હીલનાના વિષયીભૂત જ્ઞાનાદિનો સંબંધ સર્વત્ર અવિશેષ હોવાના કારણે= અરિહંતાદિ તેર પદોમાં જ્ઞાનાદિનો સંબંધ અવિશેષ હોવાના કારણે, એકની હીલનામાં સર્વની હીલનાની આપત્તિ હોવાથી, દારુણ વિપાકનું અવધારણ કરીને=હીલનાના મહાવિડંબનારૂપ ફળનો નિર્ણય કરીને, કોઈની પણ હીલના કરવી જોઈએ નહિ, એ પ્રકારનો ભાવ છે. ॥૯॥**

**ભાવાર્થ :-**

શ્લોક-૭માં કહેલ તેર સ્થાનોનું પારમાર્થિક સ્વરૂપ વિચારીએ તો યોગમાર્ગ, યોગમાર્ગના સ્થાપક તીર્થંકરો, યોગમાર્ગનું ફળ સિદ્ધ અવસ્થા અને યોગમાર્ગમાં પ્રસ્થિત એવા આચાર્યાદિ સર્વ જીવોનો સંગ્રહ થાય છે, અને તે સર્વ જ્ઞાનાદિ ગુણોથી પરસ્પર અનુવિદ્ધ છે; કેમ કે જે એકનું જ્ઞાન છે, તે જ બીજાનું જ્ઞાન છે. તેથી તે તેર પદોમાંથી કોઈ એક પણ પદની આશાતના કરવામાં આવે તો તત્ત્વથી બધાની આશાતના થાય; કેમ કે હીલનાના વિષયભૂત જ્ઞાનાદિ પરિણતિરૂપ યોગમાર્ગ સર્વત્ર સમાન છે. તેથી યોગમાર્ગની હીલના કરવાથી ઘણા ભવો સુધી યોગમાર્ગની પ્રાપ્તિને અનુકૂળ ઉત્તમ ભાવો પણ મળે નહિ, અને યોગમાર્ગ પણ મળે નહિ, પરંતુ સંસારના ખરાબ ભવોની પરંપરાની પ્રાપ્તિ થાય. માટે શ્લોક-૭માં કહેલા તેર સ્થાનોમાંથી કોઈપણ સ્થાનની હીલના કરવી જોઈએ નહિ.

અહીં વિશેષ એ છે કે જ્ઞાન શબ્દથી મતિ આદિ પાંચ જ્ઞાનો ગ્રહણ કર્યાં, તેથી એ પ્રાપ્ત થાય કે મોક્ષમાર્ગને અનુકૂળ એવું જે મતિજ્ઞાન છે, તે જ પ્રકર્ષને પામીને કેવળજ્ઞાનમાં વિશ્રાંત થાય છે. તેથી મતિજ્ઞાનની આશાતના કરવાથી અર્થથી કેવળજ્ઞાનની પણ આશાતના થાય છે. તેથી યોગમાર્ગને સેવનારા જે યોગીઓ છે, તેઓમાં વર્તતું મોક્ષમાર્ગને અનુકૂળ એવું મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન પણ કેવળજ્ઞાનનું કારણ છે. તેથી કોઈ યોગીની આશાતના કરવામાં આવે તો તેમનામાં વર્તતા મતિ આદિ જ્ઞાનની આશાતના થાય છે, અને અર્થથી તે આશાતના કેવળજ્ઞાનીની અને સિદ્ધની પણ થાય છે. આથી જ કોઈ છદ્મસ્થ સાધુ યોગમાર્ગની આરાધના કરતા હોય, અને તેમના પ્રત્યે ઉપાસકને ભક્તિનો પ્રકર્ષ થાય તો ભક્તિ કરનાર ઉપાસકને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ શકે છે, અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભક્તિના વિષયભૂત તે સાધુ તેવા વીર્યના પ્રકર્ષવાળા ન થયા હોય તો તે સાધુને કેવળજ્ઞાન થતું નથી. જેમ છદ્મસ્થ અવસ્થામાં વીરભગવાન સાધના કરતા હતા, અને તેમનાં પ્રત્યેની ભક્તિનો અધ્યવસાય જીરણશેઠને થાય છે ત્યારે, વધતા જતા ભાવને કારણે ક્ષપકશ્રેણી માંડવાની નજીકની ભૂમિકાને જીરણશેઠ પામ્યા, અને જો પારણાની દુંદુભિ ન વાગત તો કેવળજ્ઞાન પણ પ્રાપ્ત થાત; તેથી એ ફલિત થાય કે જીરણશેઠની ભક્તિના વિષયભૂત એવા વીરભગવાનને ત્યારે કેવળજ્ઞાન ન થયું, અને જીરણશેઠને તેમના ભક્તિના પરિણામથી કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાત.

આનાથી એ પ્રાપ્ત થાય કે યોગમાર્ગની વિષયભૂત સર્વ ક્રિયાઓ, સર્વ જ્ઞાનો પ્રકર્ષને પામીને સિદ્ધ અવસ્થામાં વિશ્રાંત થનારાં છે. તેથી યોગમાર્ગના વિષયભૂત સર્વ ભાવો, યોગમાર્ગમાં પ્રસ્થિત સર્વ જીવો, અને યોગમાર્ગના ફળભૂત સિદ્ધ અવસ્થા, પરસ્પર અનુવિદ્ધ છે. આથી કોઈ એકની ભક્તિથી કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ શકે છે, અને કોઈ એકની હીલનાથી બધાની હીલના થઈ શકે છે. **॥૯॥**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં સ્થાપન કર્યું કે તેર સ્થાનોમાંથી કોઈ એકની આશાતના કરવાથી સર્વની આશાતના થાય છે. તેને દૃઢ કરવા માટે કહે છે –**

**શ્લોક :-**

नूनमल्पश्रुतस्यापि गुरोराचारशालिनः ।
हीलना भस्मसात्कुर्याद् गुणं वह्निरिवेन्धनम् ।।१०।।

**અન્વયાર્થ :-**

अल्पश्रुतस्यापि गुरोः आचारशालिनः=અલ્પશ્રુતવાળા પણ આચારશાલી એવા ગુરુની, हीलना=હીલના, इन्धनमिव वह्निः=ઇંધણને વહ્નિની જેમ, गुणं=ગુણને, नूनं=નક્કી भस्मसात् कुर्यात्=ભસ્મસાત્ કરે. ।।૧૦।।

**શ્લોકાર્થ :-**

**અલ્પશ્રુતવાળા પણ આચારશાલી એવા ગુરુની હીલના ઇંધણને વહ્નિની જેમ ગુણને નક્કી ભસ્મસાત્ કરે. ।।૧૦।।**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

✤ 'अल्पश्रुतस्यापि'માં 'अपि'થી એ કહેવું છે કે બહુશ્રુતવાળા એવા આચાર્યની હીલના તો ગુણનો નાશ કરે, પરંતુ અલ્પશ્રુતવાળા પણ આચાર્યની હીલના ગુણનો નાશ કરે.

**ટીકા :-**

**नूनमिति-नूनं=निश्चितमल्पश्रुतस्याप्यनधीतागमस्यापि कारणान्तरस्थापितस्य गुरोः=आचार्यस्याचारशालिनः पञ्चविधाचारनिरतस्य हीलना गुणं= स्वगत-चारित्रादिकं भस्मसात् कुर्यात्, इन्धनमिव वह्निः ।।१०।।**

✤ 'स्वगतचारित्रादिकं'માં 'आदि' પદથી જ્ઞાન-દર્શનનું ગ્રહણ કરવું.

**ટીકાર્થ :-**

**नूनं ..... वह्निः ॥ અલ્પશ્રુતવાળા પણ=નહિ ભણેલા આગમવાળા પણ, કારણાન્તરથી સ્થાપિત એવા આચારશાલી ગુરુની હીલના=પાંચ પ્રકારના આચારમાં નિરત એવા આચાર્યની હીલના, ગુણને=સ્વગત ચારિત્રાદિ ગુણને, અગ્નિ ઇંધણને ભસ્મ કરે છે, તેમ નિશ્ચિત ભસ્મસાત્ કરે. ॥૧૦॥**

**ભાવાર્થ :-**

સામાન્યથી આચાર્ય પદવી ગીતાર્થને જ આપવાની વિધિ છે. અગીતાર્થને આચાર્ય પદવી આપનાર ગુરુને પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ છે. આમ છતાં, વિશિષ્ટ લાભનું કારણ હોય એવા સંજોગોમાં અપવાદથી અગીતાર્થને પણ આચાર્ય પદવી આપવાની વિધિ છે. જેમ કોઈ ગચ્છમાં અન્ય ગીતાર્થ સાધુઓ હોય, આમ છતાં પોતાના ઉત્તરાધિકારને સંભાળવામાં સમર્થ અન્ય કોઈ નવા સાધુ હોય, અને ભણીને ગીતાર્થ થઈ શકે તેમ છે; અને ગીતાર્થ ગુરુને પોતાનું આયુષ્ય અલ્પ જણાય, અને પોતાની હાજરીમાં આમને આચાર્ય પદવી આપવાથી ગચ્છની વ્યવસ્થા સુબદ્ધ રીતે રહી શકે તેમ જણાય, વળી પાછળથી તે વ્યવસ્થા ન થઈ શકે તેવું જણાય, ત્યારે અન્ય ગીતાર્થોને જણાવીને, અગીતાર્થ એવા પણ તે નવા સાધુને આચાર્ય પદવી આપે; અને અન્ય ગીતાર્થોને કહે કે જ્યાં સુધી આ મહાત્મા ભણીને ગીતાર્થ ન થાય ત્યાં સુધી સમુદાયની મર્યાદા તમારે સાચવવાની, અને તે નૂતન આચાર્યને પણ કહે કે જ્યાં સુધી તેઓ શાસ્ત્ર ભણીને ગીતાર્થ ન થાય ત્યાં સુધી સર્વ પ્રયોજનોમાં ગીતાર્થને પૂછીને ઉચિત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કૃત્યો તમારે કરવાં. જેથી ભગવાનના શાસનની મર્યાદા અનુસાર સાધુગણની સંયમની વ્યવસ્થા સુરક્ષિત રહે.

આ રીતે કારણાન્તરથી અલ્પ શ્રુતવાળાને આચાર્ય પદવી આપવામાં આવેલ હોય, અને કોઈ સાધુ અગીતાર્થ માનીને તે આચાર્યની હીલના કરે તો તે સાધુનાં ચારિત્રાદિ ગુણો ભસ્મસાત્ થાય છે; કેમ કે પૂર્વમાં વર્ણન કરાયેલા અરિહંત આદિ તેરમાંથી કોઈપણ એકની આશાતના કરવામાં આવે તો સર્વની આશાતનાની પ્રાપ્તિ છે. તેથી તે સાધુ આચાર્યની હીલના કરીને તીર્થંકર આદિ સર્વની હીલનાના પાપને પ્રાપ્ત કરે છે, અને જે સાધુ તીર્થંકર આદિ સર્વની હીલના કરતા હોય તે સાધુ ચારિત્રના સુંદર આચારો પાળતા હોય તોપણ ચારિત્રાદિ ગુણોથી રહિત છે. **॥૧૦॥**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં કહ્યું કે આચારશાલી એવા ગુરુની હીલનાથી સ્વગત ચારિત્રાદિ ભસ્મ થાય છે. હવે તે હીલનાકૃત અન્ય અનર્થો બતાવે છે –**

**શ્લોક :-**

**शक्त्यग्रज्वलनव्यालसिंहक्रोधातिशायिनी ।**
**अनन्तदुःखजननी कीर्तिता गुरुहीलना ।।११।।**

**અન્વયાર્થ :-**

शक्त्यग्रज्वलनव्यालसिंहक्रोधातिशायिनी=શક્તિના અગ્રથી=શસ્ત્રના અગ્રભાગથી, જ્વલન=અગ્નિથી, વ્યાલ અને સિંહના ક્રોધથી=સાપ અને સિંહના ક્રોધથી અતિશાયીવાળી अनन्तदुःखजननी=અનંત દુઃખને દેનારી गुरुहीलना=ગુરુની હીલના कीर्तिता=કહેવાઈ છે. ॥૧૧॥

**શ્લોકાર્થ :-**

**શક્તિના અગ્રથી=શસ્ત્રના અગ્રભાગથી, જ્વલનથી, વ્યાલ અને સિંહના ક્રોધથી અતિશાયી એવી અનંત દુઃખને દેનારી ગુરુની હીલના કહેવાઈ છે. ॥૧૧॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ટીકા :-**

शक्त्यग्रेति–शक्तिः प्रहरणविशेषस्तदग्रं शक्त्यग्रं, ज्वलनोऽग्निः, व्याल-सिंहयोः=सर्पकेसरिणोः क्रोधः=कोपः, तदतिशायिनी=तेभ्योऽप्यधिका अनन्त-दुःखजननी गुरुहीलना कीर्तिता दशवैकालिके ।।११।।

**ટીકાર્થ :-**

शक्तिः ..... दशवैकालिके ।। **શક્તિ=પ્રહરણવિશેષ=નાશ કરવાના સાધનભૂત એવું શસ્ત્રવિશેષ, તેનો અગ્રભાગ=શસ્ત્રની ધાર, અગ્નિ, અને સાપ-સિંહનો કોપ જે દુઃખ આપે તેનાથી અતિશાયી=તેનાથી પણ અધિક, અનંત દુઃખને નિષ્પન્ન કરનારી ગુરુની હીલના દશવૈકાલિક સૂત્રમાં કહેવાયેલી છે. ॥૧૧॥**

**ભાવાર્થ :-**

કોઈ પુરુષ મારવાના સાધનભૂત એવા તલવાર આદિના અગ્રભાગથી પોતાના દેહ ઉપર સ્પર્શ કરે અને જે દુઃખ થાય, તેનાથી અધિક અનંત દુઃખ ગુરુની હીલના કરવાથી થાય છે.

વળી, અગ્નિમાં પડવાથી જે દુઃખ થાય છે, તેનાથી પણ અધિક અનંત દુઃખને દેનારી ગુરુની હીલના છે.

વળી, સાપ કે સિંહને છંછેડવામાં આવે તો તેના કોપથી જે દુઃખની પ્રાપ્તિ થાય છે, તેનાથી અધિક અનંત દુઃખની પ્રાપ્તિ ગુરુની હીલનાથી થાય છે. એ પ્રમાણે દશવૈકાલિક સૂત્રમાં કહ્યું છે.

અહીં વિશેષ એ છે કે ગુણવાન એવા ગુરુની હીલના કરવાથી યોગમાર્ગની હીલના થાય છે, યોગમાર્ગમાં પ્રસ્થિત એવા ગુણવાન પુરુષોની હીલના થાય છે. યોગમાર્ગના પ્રરૂપક એવા તીર્થંકરોની હીલના થાય છે, અને યોગમાર્ગના ફળભૂત એવા સિદ્ધોની પણ હીલના થાય છે. તેથી ઘણા ભવો સુધી સન્માર્ગની પ્રાપ્તિ દુર્લભ થાય છે, અને અનેક દુર્ગતિઓની પરંપરાની પ્રાપ્તિ થાય છે. તેથી ગુણવાન પુરુષની આશાતનાના પરિહાર અર્થે સર્વ ઉદ્યમ કરવો જોઈએ. **॥૧૧॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અવતરણિકા :-**

પૂર્વશ્લોકમાં ગુરુની હીલનાથી થતા અનર્થો બતાવ્યા. હવે જેની પાસેથી શ્રુતની પ્રાપ્તિ થાય, તેમનો પણ વિનય કરવાથી કલ્યાણની પ્રાપ્તિ થાય છે, તે બતાવવા અર્થે કહે છે –

**શ્લોક :-**

पठेद्यस्यान्तिके धर्मपदान्यस्यापि सन्ततम् ।
कायवाङ्मनसां शुद्ध्या कुर्याद्विनयमुत्तमम् ।।१२।।

**અન્વયાર્થ :-**

यस्यान्तिके धर्मपदानि=જેની પાસે ધર્મપદોને पठेत्=ભણે, अस्य=એનો कायवाङ्मनसां शुद्ध्या=કાય, વાણી અને મનની શુદ્ધિથી सन्ततमपि= સતત પણ उत्तमं विनयं कुर्यात्=ઉત્તમ વિનય કરવો જોઈએ. ।।૧૨।।

**શ્લોકાર્થ :-**

**જેની પાસે ધર્મપદોને ભણે એનો કાય, વાણી અને મનની શુદ્ધિથી સતત પણ ઉત્તમ વિનય કરવો જોઈએ. ।।૧૨।।**

**ટીકા :-**

पठेदिति-यस्यान्तिके धर्मपदानि=धर्मफलानि सिद्धान्तपदानि पठेत् अस्य सन्ततमपि=निरन्तरमपि, न तु सूत्रग्रहणकाल एव, कुशलानुबन्धव्यवच्छेद-प्रसङ्गात् कायवाङ्मनसां शुद्ध्या उत्तमं विनयं कुर्यात् ।।१२।।

**ટીકાર્થ :-**

यस्यान्तिके ..... कुर्यात् ।। જેની પાસે ધર્મપદોને ભણે=શ્રુત અને ચારિત્રરૂપ ધર્મફલ છે જેનું એવાં સિદ્ધાન્તપદોને ભણે, એનો કાય, વાણી અને મનની શુદ્ધિથી ઉત્તમ વિનય સતત પણ=નિરંતર પણ કરે, પરંતુ સૂત્રગ્રહણ-કાળમાં જ નહિ; કેમ કે કુશલ અનુબંધના વ્યવચ્છેદનો પ્રસંગ છે અર્થાત્ સૂત્રગ્રહણકાળમાં જ વિનય કરવામાં આવે, શેષકાળમાં કરવામાં ન આવે તો કુશલ ફળના અભાવની પ્રાપ્તિ થાય. ।।૧૨।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

❖ 'अस्यापि'માં રહેલ 'अपि' શબ્દનો સંબંધ 'सन्ततम्' સાથે છે, અને 'अपि' થી એ કહેવું છે કે સૂત્રગ્રહણકાળમાં તો વિનય કરવો જોઈએ, પરંતુ સૂત્રગ્રહણકાળ સિવાય સર્વ પણ કાળમાં વિનય કરવો જોઈએ.

**ભાવાર્થ :-**

ધર્મપદનો અર્થ કર્યો કે સિદ્ધાન્તપદો, અને સિદ્ધાન્તપદનું વિશેષણ કર્યું કે ધર્મફળવાળાં સિદ્ધાન્તપદો છે. તેથી એ પ્રાપ્ત થાય કે ભગવાને બતાવેલ માર્ગને કહેનારાં જે શાસ્ત્રવચનો છે, તે સિદ્ધાન્તપદો છે, અને તેનું અધ્યયન કરવાથી આત્મામાં શ્રુત અને ચારિત્રરૂપ ધર્મ પ્રાપ્ત થાય છે, અને જે આરાધક જીવ જેની પાસેથી સિદ્ધાન્તપદો ભણે તે પુરુષનો કાય, વાણી અને મનની શુદ્ધિ દ્વારા સતત ઉત્તમ વિનય કરે અર્થાત્ ઔપચારિક વચનપ્રયોગરૂપ કે ચેષ્ટારૂપ નહિ, પરંતુ તે શ્રુતધર પ્રત્યે હૈયાના બહુમાનપૂર્વક વિનય કરે.

વળી, તે વિનય સૂત્રગ્રહણકાળમાં જ કરવામાં આવે અને શેષકાળમાં ન કરવામાં આવે તો તે શ્રુતધરમાં વર્તતા શ્રુત પ્રત્યેના અનાદરના કારણે અધ્યયન કરેલ શ્રુત સમ્યગ્ પરિણમન પામતું નથી, અને કુશલ ફળના વ્યવચ્છેદની પ્રાપ્તિ થાય છે.

આશય એ છે કે શ્રુત પ્રત્યેના બહુમાનભાવપૂર્વક જેના હૈયામાં શ્રુતધર પ્રત્યે બહુમાન છે, તેવા જીવોને શ્રુતધર પાસેથી શ્રુત પણ તે પ્રકારના યથાર્થ અર્થરૂપે પ્રાપ્ત થાય છે અને યથાર્થ પરિણમન પામે છે, અને જેઓને તે શ્રુતધર પ્રત્યે સતત વિનયનો પરિણામ નથી, તેઓ શ્રુતધર પાસેથી વચનપ્રયોગ દ્વારા યથાર્થ શ્રુતને પ્રાપ્ત કરે તોપણ શ્રુતધર પ્રત્યેનો તેવો વિશેષ આદર નહિ હોવાથી, શ્રુતધરના ઉચિત વિનયના અભાવને કારણે તેને તે શ્રુત પણ સમ્યગ્ પરિણમન પામતું નથી. તેથી ભણેલા શ્રુતથી પણ તેને કુશલ ફળની પ્રાપ્તિ થતી નથી. માટે કુશલ ફળના અર્થીએ અધ્યાપક એવા શ્રુતધરનો ઉચિત વિનય સતત કરવો જોઈએ. **॥૧૨॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અવતરણિકા :-**

પૂર્વશ્લોકમાં કહ્યું કે જેની પાસેથી શ્રુતની પ્રાપ્તિ થાય તેનો પણ ઉત્તમ વિનય કરવો જોઈએ. તેની પુષ્ટિ કરવા અર્થે શાસ્ત્રવચનની યુક્તિ આપે છે –

**શ્લોક :-**

पर्यायेण विहीनोऽपि शुद्धज्ञानगुणाऽधिकः ।
ज्ञानप्रदानसामर्थ्यादतो रत्नाधिकः स्मृतः ।।१३।।

**અન્વયાર્થ :-**

अतः=આથી=પૂર્વશ્લોકમાં કહ્યું એ રીતે ધર્મપાઠક સદા વિનય કરવા યોગ્ય છે આથી, पर्यायेण=પર્યાયથી विहीनोऽपि=વિહીન પણ=ચારિત્રપર્યાયથી અલ્પ પણ, शुद्धज्ञानगुणाऽधिकः=શુદ્ધ જ્ઞાનગુણથી અધિક સાધુ ज्ञानप्रदान-सामर्थ्यात्=જ્ઞાનપ્રદાનના સામર્થ્યના કારણે, रत्नाधिक स्मृतः=રત્નાધિક કહેવાયા છે. ।।૧૩।।

**શ્લોકાર્થ :-**

**આથી=પૂર્વશ્લોકમાં કહ્યું એ રીતે ધર્મપાઠક સદા વિનય કરવા યોગ્ય છે આથી, પર્યાયથી વિહીન પણ=ચારિત્રપર્યાયથી અલ્પ પણ, શુદ્ધ જ્ઞાનગુણથી અધિક સાધુ જ્ઞાનપ્રદાનના સામર્થ્યને કારણે રત્નાધિક કહેવાયા છે. ।।૧૩।।**

**ટીકા :-**

पर्यायेणेति–अतो=धर्मपाठकस्य सदा विनयार्हत्वात्, पर्यायेण=चारित्रपर्यायेण, विहिनोऽपि शुद्धज्ञानगुणेनाधिको ज्ञानप्रदानसामर्थ्यमधिकृत्य रत्नाधिकः स्मृत आवश्यकादौ, स्वापेक्षितरत्नाधिक्येन तत्त्वव्यवस्थितेः, विवेचितमिदं सामाचारीप्रकरणे ।।१३।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ટીકાર્થ :-**

**अतो ..... प्रकरणे ।। આથી=ધર્મપાઠકનું સદા વિનયયોગ્યપણું હોવાથી, પર્યાયથી=ચારિત્રપર્યાયથી, વિહીન પણ શુદ્ધ જ્ઞાનગુણથી અધિક એવા સાધુ જ્ઞાનપ્રદાનના સામર્થ્યને આશ્રયીને રત્નાધિક=અધિક ગુણવાળા આવશ્યક આદિમાં કહેવાયેલા છે; કેમ કે સ્વઅપેક્ષિત એવા રત્નના આધિક્યથી તત્ત્વની વ્યવસ્થિતિ છે=શ્રુતઅધ્યયનકાળમાં શ્રુતઅધ્યયન કરનાર સાધુને અપેક્ષિત એવું જે શ્રુતવિશેષ તે રૂપ રત્નના આધિક્યને કારણે અધ્યાપકમાં રત્નાધિકપણાની વ્યવસ્થિતિ છે. આ=અલ્પપર્યાયવાળા પણ જ્ઞાનગુણથી અધિક રત્નાધિક છે, એ સામાચારી પ્રકરણમાં વિવેચન કરાયું છે. ।।૧૩।।**

**ભાવાર્થ :-**

શ્લોક-૧૨માં કહ્યું કે ધર્મપદોનું જેની પાસે અધ્યયન કરવામાં આવે તેનો સદા વિનય કરવો જોઈએ. તેની જ પુષ્ટિ કરતાં કહે છે કે ધર્મપાઠકનો સદા વિનય કરવો ઉચિત છે. આથી કોઈ સાધુ ચારિત્રપર્યાયથી નાના હોય છતાં શુદ્ધ જ્ઞાનગુણથી અધિક હોય અર્થાત્ ભગવાનના વચનના પારમાર્થિક બોધને આશ્રયીને અધિક જ્ઞાનગુણવાળા હોય તે સાધુ તેમના જ્ઞાનપ્રદાનના સામર્થ્યને આશ્રયીને અધિક ચારિત્રપર્યાયવાળા કરતાં પણ રત્નાધિક છે, તેમ આવશ્યક આદિમાં કહેવાયું છે; કેમ કે રત્નાધિકની ભક્તિ કરીને તે ગુણ પોતાનામાં પ્રગટ કરવો તે ઉદ્દેશથી રત્નાધિકનો વિનય કરવામાં આવે છે; અને જે સાધુ સંયમપર્યાયથી નાના હોવા છતાં જ્ઞાનગુણની અપેક્ષાએ અધિક છે, તેથી તેમનો વિનય કરીને તે ગુણ પોતાનામાં પ્રગટ કરવો હોય ત્યારે અધિક પર્યાયવાળા સાધુ માટે પણ તે જ્ઞાનગુણથી અધિક સાધુ રત્નાધિક છે. **।।૧૩।।**

**અવતરણિકા :-**

**વ્યવહારિક દૃષ્ટાંતથી જ્ઞાનગુણથી અધિક એવા ધર્માચાર્યોનો વિનય ઉચિત છે, તે બતાવે છે –**

**શ્લોક :-**

**शिल्पार्थमपि सेवन्ते शिल्पाचार्यं जनाः किल ।**
**धर्माचार्यस्य धर्मार्थं किं पुनस्तदतिक्रमः ।।१४।।**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અન્વયાર્થ :-**

शिल्पार्थमपि=શિલ્પ માટે પણ, जनाः=લોકો, शिल्पाचार्यं किल सेवन्ते= શિલ્પાચાર્યને ખરેખર સેવે છે. पुनः=વળી, धर्मार्थं=ધર્મ માટે, धर्माचार्यस्य तद् अतिक्रमः=ધર્માચાર્યનો તેનો અતિક્રમ=સેવનનો અતિક્રમ किं=કેમ હોય ? અર્થાત્ ન હોય. ।।૧૪।।

**શ્લોકાર્થ :-**

**શિલ્પ માટે પણ લોકો શિલ્પાચાર્યને ખરેખર સેવે છે. વળી, ધર્મ માટે ધર્માચાર્યનો તેનો અતિક્રમ=સેવનનો અતિક્રમ કેમ હોય ? અર્થાત્ ન હોય. ।।૧૪।।**

**ભાવાર્થ :-**

સંસારમાં શિલ્પશાસ્ત્રના જ્ઞાન અર્થે લોકો શિલ્પાચાર્યનો ઉચિત વિનય કરે છે. તેથી સંસારની કળા અર્થે પણ કલાચાર્યનો ઉચિત વિનય હોય તો સર્વ કલ્યાણનું એક કારણ એવા ધર્મની પ્રાપ્તિ અર્થે ધર્માચાર્યના વિનયનો અતિક્રમ કરવો તે કોઈ રીતે ઉચિત ગણાય નહિ. **।।૧૪।।**

**અવતરણિકા :-**

ધર્મ માટે ધર્માચાર્યનો વિનય આવશ્યક છે, તેમ પૂર્વશ્લોકમાં કહ્યું. તેની જ પુષ્ટિ કરવા અર્થે શાસ્ત્રવચનની યુક્તિ આપે છે –

**શ્લોક :-**

ज्ञानार्थं विनयं प्राहुरपि प्रकटसेविनः ।
अत एवापवादेनान्यथा शास्त्रार्थबाधनम् ।।१५।।

**અન્વયાર્થ :-**

अत एव=આથી જ=જ્ઞાનાદિગ્રહણમાં વિનય આવશ્યક છે આથી જ, ज्ञानार्थं=જ્ઞાન માટે, अपवादेन=અપવાદથી, प्रकटसेविनोऽपि=પ્રગટસેવીના પણ विनयं=વિનયને प्राहु=કહે છે=શાસ્ત્રકારો કહે છે. अन्यथा=જ્ઞાનગ્રહણ માટે પ્રગટસેવીનો વિનય કરવામાં ન આવે તો, शास्त्रार्थबाधनम्=શાસ્ત્રાર્થનું બાધન થાય=શાસ્ત્રઆજ્ઞાનું ઉલ્લંઘન થાય. ।।૧૫।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**શ્લોકાર્થ :-**

**આથી જ=જ્ઞાનાદિગ્રહણમાં વિનય આવશ્યક છે આથી જ, જ્ઞાન માટે અપવાદથી પ્રગટસેવીના પણ વિનયને શાસ્ત્રકારોએ કહેલ છે. અન્યથા=જ્ઞાનગ્રહણ માટે પ્રગટસેવીનો વિનય કરવામાં ન આવે તો, શાસ્ત્રાર્થનું બાધન થાય=શાસ્ત્રઆજ્ઞાનું ઉલ્લંઘન થાય. ।।૧૫।।**

**ટીકા :-**

**ज्ञानार्थमिति–अत एव=ज्ञानादिग्रहणे विनयपूर्वकत्वनियमस्य सिद्धान्तसिद्धत्वादेव, अपवादेन ज्ञानार्थं प्रकटसेविनोऽपि विनयमाहुः, पर्यायादिकारणेष्वेतदन्तर्भावात्, अन्यथा=तथाविधकारणेऽपि तद्विनयानादरे, शास्त्रार्थबाधनं= शास्त्राज्ञाव्यतिक्रमः । तदुक्तं –**

"एयाइं अकुव्वंतो जहारिहं अरिहदेसिए मग्गे ।
ण हवइ पवयणभत्ती अभत्तिमंतादओ दोसा" ।।

**(कल्पभाष्य गाथा-४५४९) ।।१५।।**

**ટીકાર્થ :-**

अत ..... विनयमाहुः, **આથી જ=જ્ઞાનાદિગ્રહણમાં, વિનયપૂર્વકત્વના નિયમનું સિદ્ધાન્ત સિદ્ધપણું હોવાથી જ, અપવાદથી જ્ઞાન માટે પ્રગટસેવીના પણ વિનયને કહે છે=શાસ્ત્રકારો વિનય કરવાનું કહે છે.**

અહીં પ્રશ્ન થાય કે જેઓ સાધુવેષમાં રહીને શાસ્ત્રવિરુદ્ધ આચારો સેવે છે, તેવા પ્રગટસેવીને વંદન આદિ કરવાથી તેઓના દોષની અનુમોદનાનો પ્રસંગ પ્રાપ્ત થશે. માટે તેઓને વંદન કરવું ઉચિત છે, તેમ કેમ કહી શકાય ? તેથી તેના સમાધાન અર્થે હેતુ કહે છે –

पर्यायादि..... दोसा" ।। **પર્યાય આદિ કારણોમાં=વિનયના પ્રયોજક એવા પર્યાય આદિ કારણોમાં, આનો અંતર્ભાવ છે=પ્રગટસેવી એવા સાધુમાં વર્તતા જ્ઞાનાદિ ગુણોનો અંતર્ભાવ છે. અન્યથા=તથાવિધ કારણમાં પણ તેના વિનયનો અનાદર કરાયે છતે=જ્ઞાનઅધ્યયનનું કારણ હોવા છતાં પણ પ્રગટસેવીના વિનયનો અનાદર કરાયે છતે, શાસ્ત્રાર્થનું બાધન છે=શાસ્ત્રઆજ્ઞાનો વ્યતિક્રમ છે. તે કહેવાયું છે=તેવા પ્રકારના કારણમાં**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પણ પ્રગટસેવીનો વિનય ન કરવામાં આવે તો શાસ્ત્રાર્થનું બાધન થાય છે, એમ બૃહત્કલ્પભાષ્ય શ્લોક-૪૫૪૯માં કહેવાયું છે –**

અરિહંત ભગવાનના માર્ગમાં રહેલ જે સાધુ યથાયોગ્ય આને કરતા નથી=યથાયોગ્ય પાસત્થાદિને નમસ્કાર કરતા નથી, (તેનાથી) પ્રવચનભક્તિ કરાયેલી થતી નથી, (પરંતુ) અભક્તિમત્ત્વાદિ દોષો થાય છે=ભગવાનની અભક્તિ આદિ દોષો થાય છે. **॥૧૫॥**

**ભાવાર્થ :-**

શ્લોક-૧૨માં કહ્યું કે જેમની પાસે સિદ્ધાંતપદો ભણે તેમનો સતત વિનય કરવો જોઈએ, અને તેની પુષ્ટિ શ્લોક-૧૩-૧૪થી કરી. હવે શાસ્ત્રવચનથી પણ તે સ્વીકૃત છે, તે બતાવતાં કહે છે કે જ્ઞાન-વ્રતાદિ વિનયપૂર્વક ગ્રહણ કરવાં જોઈએ, તેવો સિદ્ધાંત છે. આથી જ વિશેષ પ્રકારના શાસ્ત્રનું અધ્યયન કરાવી શકે તેવા સમર્થ સાધુ ઉપલબ્ધ ન હોય ત્યારે કોઈ સુસાધુ અપવાદથી સંયમમાં શિથિલ આચારવાળા સાધુ પાસે પણ જ્ઞાન ગ્રહણ કરે ત્યારે તે શિથિલ આચારવાળા સાધુનો વિનય કરવો જોઈએ, એમ શાસ્ત્રકારો કહે છે.

ત્યાં કોઈને શંકા થાય કે શિથિલાચારી સાધુને સુસાધુ કઈ રીતે વંદનાદિ કરીને વિનય કરી શકે ? તેથી કહે છે – વંદનાદિનાં અનેક કારણો છે. જેમ કોઈ સાધુ પર્યાયથી મોટા હોય તો તેમને વંદન કરવામાં આવે છે, તેથી તે સ્થાનમાં વંદનનું કારણ પર્યાય છે. તેમ કોઈ સાધુ પર્યાયથી નાના હોય પણ જ્ઞાનગુણથી અધિક હોય અને તેમની પાસે અધ્યયન કરવાનું હોય ત્યારે તેમને વંદન કરવામાં આવે છે, તેથી તે સ્થાનમાં વંદન કરવાનું કારણ તેમનામાં રહેલો જ્ઞાનગુણ છે. તેથી વંદન કરવાનાં પર્યાયાદિ કારણો છે, તેમાં જ્ઞાન માટે પ્રગટસેવીને વંદન કરવાનો પણ અંતર્ભાવ છે. માટે પ્રગટસેવીને પણ જ્ઞાન માટે સુસાધુ વંદન કરે તેમાં દોષની પ્રાપ્તિ નથી.

વળી, અપવાદથી પ્રગટસેવી પાસે કોઈ સાધુ ભણતા હોય ત્યારે તેમને વંદન કરવાનું કારણ ઉપસ્થિત હોવા છતાં તેમને વંદન કરવામાં ન આવે તો શાસ્ત્રઆજ્ઞાનું ઉલ્લંઘન થાય છે, અને તે શાસ્ત્રઆજ્ઞાને જ ગ્રંથકારશ્રીએ બૃહત્કલ્પભાષ્યની સાક્ષીથી બતાવેલ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેનાથી એ ફલિત થાય કે ભગવાનના માર્ગમાં રહેલા સાધુ પણ તેવા પ્રકારના કારણમાં પાસત્થાદિને યથાયોગ્ય વંદન ન કરે તો પાસત્થામાં રહેલા જ્ઞાનગુણરૂપ પ્રવચનની ભક્તિ થતી નથી, પરંતુ તે જ્ઞાનની અભક્તિ આદિ દોષો પ્રાપ્ત થાય છે અર્થાત્ પાસત્થાને વંદન કર્યા વગર તેમની પાસે શાસ્ત્ર ભણવાથી તેમનામાં રહેલા જ્ઞાનગુણ પ્રત્યે અનાદર થાય છે, અને શાસ્ત્રકારોએ તે પ્રસંગે પાસત્થાદિને વંદન કરવાનું કહેલ છે, તે આજ્ઞાનું ઉલ્લંઘન થાય છે. **॥૧૫॥**

**અવતરણિકા :-**

**नन्वेवमपवादतोऽपि प्रकटप्रतिषेविणोऽग्रहिलग्रहिलनृपन्यायेन द्रव्यवन्दनमेव यदुक्तं तद्भङ्गापत्तिर्ज्ञानगुणबुद्ध्या तद्वन्दने भाववन्दनावतारादित्याशङ्क्य तदुक्तिप्रायिकत्वाभिप्रायेण समाधत्ते –**

**અવતરણિકાર્થ :-**

**આ રીતે=પૂર્વશ્લોકમાં કહ્યું એ રીતે, અપવાદથી પણ પ્રગટસેવીને અગ્રહીલ-ગૃહીલ-નૃપન્યાયથી દ્રવ્યવંદન જ જે કહેવાયું છે તેના ભંગની આપત્તિ છે; કેમ કે જ્ઞાનગુણની બુદ્ધિથી તેમને વંદન કરવામાં ભાવવંદનનો અવતાર છે. એ પ્રકારની આશંકા કરીને, તદ્ઉક્તિના=પ્રગટસેવીને અગ્રહીલ-ગૃહીલ-નૃપન્યાયથી દ્રવ્યવંદનની ઉક્તિના, પ્રાયિકત્વના અભિપ્રાયથી સમાધાન કહે છે –**

**ભાવાર્થ :-**

પૂર્વશ્લોકમાં ગ્રંથકારે કહ્યું કે પ્રગટસેવીને પણ અપવાદથી જ્ઞાન માટે વંદન કરવું જોઈએ, અને તેની સાક્ષી બૃહત્કલ્પભાષ્યના શ્લોક-૪૫૪૯થી આપી. વસ્તુતઃ તે શ્લોકના પૂર્વશ્લોકોમાં પ્રગટસેવીને જે વંદન કરવાનું કથન કરેલ છે, તે દ્રવ્યવંદનને આશ્રયીને જ છે, ભાવવંદનને આશ્રયીને નથી; અને તે કથનને સામે રાખીને ઉપદેશપદાદિમાં અગૃહીલ-ગૃહીલ-નૃપન્યાયથી પ્રગટ સેવીને વંદન કરવાનું કથન કરેલ છે. હવે જો ગ્રંથકારે પૂર્વના શ્લોકમાં કહ્યું તેમ જ્ઞાન માટે પ્રગટસેવીને વંદન કરવામાં આવે તો, અપવાદથી પ્રગટસેવીને જે દ્રવ્યવંદન કરવાનું ઉપદેશપદાદિમાં કથન કરેલ છે, તેના ભંગની પ્રાપ્તિ થાય; કેમ કે પ્રગટસેવીના જ્ઞાનગુણને સામે રાખીને વંદન કરવામાં આવે તો ભાવવંદનની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રાપ્તિ થાય. એ પ્રકારની શંકા કરીને, પ્રગટસેવીને અગૃહીલ-ગૃહીલ-નૃપન્યાયને સામે રાખીને જે દ્રવ્યવંદનનું કથન બૃહત્કલ્પભાષ્યમાં અને ઉપદેશપદાદિ ગ્રંથોમાં છે. તે દ્રવ્યવંદનનું કથન પ્રાયિક છે, સર્વત્ર વ્યાપક નથી. એ અભિપ્રાયથી શ્લોકમાં સમાધાન કરે છે.

**શ્લોક :-**

न चैवमस्य भावत्वाद् द्रव्यत्वोक्तिर्विरुध्यते ।
सद्भावकारणत्वोक्तेर्भावस्याप्यागमाख्यया ।।१६।।

**અન્વયાર્થ :-**

चैवम्=અને આ રીતે=પૂર્વશ્લોકમાં કહ્યું કે જ્ઞાન માટે પ્રગટસેવીનો પણ વિનય કરવો જોઈએ એ રીતે, अस्य=આનું=જ્ઞાન માટે કરાતા વિનયનું, भावत्वाद्=ભાવપણું હોવાથી=ભાવવંદનપણું હોવાથી, द्रव्यत्वोक्तिः=દ્રવ્યત્વની ઉક્તિ=ઉપદેશપદાદિ પ્રસિદ્ધ અપવાદિક વિનયના દ્રવ્યવંદનનું કથન, न विरुध्यते=વિરોધ પામતું નથી; भावस्याऽपि आगमाख्यया सद्भावकारणत्वोक्तेः= કેમ કે ભાવનું પણ આગમ નામથી સદ્‌ભાવકારણત્વની ઉક્તિ છે=બૃહત્કલ્પ-ભાષ્યના શ્લોકમાં 'આગમ' શબ્દથી આગમ ભણવા માટે કરતાં વંદનને આશ્રયીને પુષ્ટઆલંબનપણાનું વચન છે. ।।૧૬।।

**શ્લોકાર્થ :-**

**અને આ રીતે=પૂર્વશ્લોકમાં કહ્યું કે જ્ઞાન માટે પ્રગટસેવીનો પણ વિનય કરવો જોઈએ. એ રીતે, આનું=જ્ઞાન માટે કરાતા વિનયનું, ભાવપણું હોવાથી=ભાવવંદનપણું હોવાથી, દ્રવ્યત્વની ઉક્તિ વિરોધ પામતી નથી; કેમ કે ભાવનું પણ 'આગમ' નામથી=સદ્‌ભાવકારણત્વની ઉક્તિ છે=બૃહત્કલ્પભાષ્યના શ્લોકમાં આગમ શબ્દથી આગમ ભણવા માટે કરતાં વંદનને આશ્રયીને પુષ્ટઆલંબનપણાનું વચન છે. ।।૧૬।।**

**ટીકા :-**

न चैवमिति–न चैवं ज्ञानार्थं प्रकटप्रतिषेविणोऽपि विनयकरणेऽस्य= ज्ञानार्थविनयस्य भावत्वाद् द्रव्यत्वोक्तिरापवादिकविनयस्योपदेशपदादिप्रसिद्धा

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

विरुध्यते, भावस्यापि आगमाख्यया=आगमनाम्ना सद्भावकारणत्वोक्तेः= पुष्टालम्बनत्ववचनादस्वारसिककारणस्थल एवोक्तनियमादिति । भावलेशस्तु मार्गानुसारी यत्र क्वचिदपि मार्गोद्भासनार्थं वन्दनादिविनयार्हतानिमित्तमेव श्रूयते ।

यदुक्तं बृहत्कल्पभाष्ये –

"दंसणनाणचरित्तं तवविणयं जत्थ जत्तियं पासे (जाणे)।
जिणपन्नत्तं भत्तीइ पूयए तं तहिं भावं" ।।

(कल्पभाष्य गाथा-४५५३) ।।१६।।

**ટીકાર્થ :-**

न चैवं ..... भावं" ।। **અને આ રીતે=પૂર્વશ્લોકમાં કહ્યું એ રીતે જ્ઞાન માટે પ્રગટસેવીનો પણ વિનય કરાયે છતે, આનું=જ્ઞાનાર્થ વિનયનું, ભાવપણું હોવાથી અપવાદિક વિનયના ઉપદેશપદાદિ પ્રસિદ્ધ દ્રવ્યત્વની ઉક્તિ વિરોધ પામે છે, એમ ન કહેવું; કેમ કે ભાવનું પણ આગમ નામથી=બૃહત્કલ્પભાષ્ય-૪૫૫૦માં અપવાદિક વંદનનાં કારણ બતાવ્યાં તેમાં 'આગમ' એ પ્રકારનું જે કહેલ છે તેનાથી, સદ્ભાવ કારણત્વની ઉક્તિ હોવાથી=પુષ્ટઆલંબન-પણાનું વચન હોવાથી, અસ્વારસિક કારણના સ્થળમાં જ=જ્ઞાનાદિની વૃદ્ધિરૂપ કારણથી અન્ય એવા અસ્વારસિક કારણના સ્થળમાં જ, ઉક્ત નિયમ છે. પ્રગટસેવીને દ્રવ્યથી વંદન કરવાનો નિયમ છે. 'इति' શબ્દ શ્લોકાર્થ સ્પર્શી ટીકાની સમાપ્તિ માટે છે.**

અહીં પ્રશ્ન થાય કે પ્રગટસેવીને ઉપદેશપદાદિમાં દ્રવ્યથી વંદન કરવાનું કહ્યું છે, તે નિયમ પ્રમાણે પ્રગટસેવી પાસે ભણતી વખતે દ્રવ્યવંદનનો સ્વીકાર કરવામાં આવે, પરંતુ જ્ઞાન માટે પ્રગટસેવીને વંદન કરવું ઉચિત નથી, એમ સ્વીકારવામાં આવે, તો શું વાંધો ? તેથી કહે છે –

**વળી, જ્યાં ક્યાંય પણ માર્ગાનુસારી ભાવ લેશ માર્ગઉદ્ભાસન માટે વંદનાદિ વિનયની યોગ્યતાનું નિમિત્ત જ સંભળાય છે, જે બૃહત્કલ્પભાષ્યમાં કહેવાયું છે –**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જે પાસત્થાદિ પુરુષમાં દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ, વિનય જેટલા પ્રમાણમાં જણાય તેમાં=તે પાસત્થાદિમાં તે જિનપ્રજ્ઞપ્ત ભાવ ભક્તિથી=તેટલી જ ભક્તિથી પૂજવું જોઈએ. **(કલ્પભાષ્ય ગાથા-૪૫૫૩)** ।।૧૬।।

❖ 'जत्तियं पासे'ના સ્થાને "जत्तियं जाणे"નો પાઠ બૃહત્કલ્પભાષ્યમાં છે.

**ભાવાર્થ :-**

"અપવાદથી પ્રગટસેવી પાસે શાસ્ત્ર ભણતી વખતે પ્રગટસેવીમાં વર્તતા જ્ઞાનનો વિનય કરવો જોઈએ." એમ, શ્લોક-૧૫માં ગ્રંથકારે સ્થાપન કર્યું, એ રીતે સ્વીકારીએ તો પ્રગટસેવીને ભાવથી વંદનની પ્રાપ્તિ થાય, જ્યારે પ્રગટસેવીના અપવાદિક વિનયને કહેનાર ઉપદેશપદાદિનું વચન પ્રગટસેવીને દ્રવ્યથી વંદન કરવાનું કહે છે. વળી ગ્રંથકારશ્રીએ શ્લોક-૧૫માં બૃહત્કલ્પભાષ્યનો ૪૫૪૯મો શ્લોક સાક્ષીરૂપે બતાવ્યો. તે શ્લોકનો સંદર્ભ બૃહત્કલ્પભાષ્યમાં ઉત્તરના ૪૫૫૦ શ્લોક સાથે જોડવાથી જ્ઞાનાર્થે અપવાદથી ભાવવંદનની પ્રાપ્તિ હોવા છતાં બૃહત્કલ્પભાષ્યનાં તે શ્લોકનો સંદર્ભ બૃહત્કલ્પભાષ્યનાં ૪૫૪૮ શ્લોક સાથે જોડવામાં આવે તો બૃહત્કલ્પભાષ્યનાં વચનથી પણ પ્રગટસેવીને અપવાદથી દ્રવ્યવંદન કરવાનું કહેલ છે તેમ પ્રાપ્ત થાય. જ્યારે પ્રસ્તુત ગ્રંથના શ્લોક-૧૫માં ગ્રંથકારશ્રીએ કહ્યું તેમ પ્રગટસેવીને જ્ઞાન માટે વંદન કરવામાં આવે તો ભાવવંદનની પ્રાપ્તિ થાય, જે દ્રવ્યવંદનને કહેનારા વચન સાથે વિરોધી થાય છે, આ પ્રકારે શંકાનું ઉદ્ભાવન કરીને તેમાં ગ્રંથકારશ્રી યુક્તિપૂર્વક સમાધાન આપે છે –

અપવાદથી દ્રવ્યવંદનને કહેનાર વચનો કયા કયા સ્થાનને આશ્રયી છે, તે બતાવતા બૃહત્કલ્પભાષ્યના ૪૫૫૦મા શ્લોકમાં કહ્યું તે શ્લોકમાં આગમનું ગ્રહણ છે. તેથી 'આગમ' શબ્દથી ભાવના સદ્ભાવકારણત્વની ઉક્તિ છે.

આશય એ છે કે આગમને આશ્રયીને પ્રગટસેવીને વંદન કરવાનું કહ્યું તે પુષ્ટ આલંબનને આશ્રયીને છે, અને પુષ્ટાલંબનથી જે વંદન કરવામાં આવે તે ભાવથી વંદન હોય છે. તેથી બૃહત્કલ્પભાષ્યના વચન પ્રમાણે પણ પ્રગટસેવી પાસે જ્ઞાન ગ્રહણ કરતી વખતે જે વંદનનું કથન છે, તે દ્રવ્યથી વંદનનું કથન નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અહીં પ્રશ્ન થાય કે બૃહત્કલ્પભાષ્યમાં પૂર્વના શ્લોકોમાં (૪૫૪૮ શ્લોકમાં) પ્રગટસેવીને દ્રવ્યથી વંદન કહ્યું, અને ઉપદેશપદાદિમાં પ્રગટસેવીને દ્રવ્યથી વંદન કહ્યું, તે કઈ અપેક્ષાએ છે ? તેથી ગ્રંથકારશ્રી કહે છે કે અસ્વારસિક કારણના સ્થળમાં પ્રગટસેવીને દ્રવ્યવંદનનો નિયમ છે.

આશય એ છે કે જે સ્થળમાં પોતાને જ્ઞાન-દર્શન-ચારિત્રની વૃદ્ધિનું પ્રયોજન ન હોય, પરંતુ પ્રગટસેવીને વંદન ન કરવાથી તેમના તરફથી કોઈ અનર્થ થવાની સંભાવના જણાય, અને તેના નિવારણ અર્થે પ્રગટસેવીને વંદન કરવું પડે, તો તે વંદનની પ્રવૃત્તિ સ્વરસથી નથી. તેથી તેવા સ્થળમાં તે પ્રગટસેવીને દ્રવ્યથી વંદન કરવાનું ઉપદેશપદાદિ ગ્રંથમાં કહેલ છે; પરંતુ જે પ્રગટસેવી પાસેથી જ્ઞાનની પ્રાપ્તિ કરવાની છે, તે સ્થાનમાં તો તે પ્રગટસેવીમાં વર્તતા જ્ઞાન પ્રત્યેના બહુમાનથી વંદન કરવાનું છે. માટે પ્રગટસેવીને જ્ઞાન અર્થે ભાવથી વંદન સ્વીકારવામાં કોઈ દોષ નથી.

વળી, જ્ઞાન અર્થે પ્રગટસેવીને ભાવથી વંદન કરવું ઉચિત છે, તેની પુષ્ટિ કરવા અર્થે બૃહત્કલ્પભાષ્યનું અન્ય વચન બતાવે છે.

જે કોઈપણ પુરુષમાં માર્ગાનુસારી ભાવલેશ હોય, તે ભાવલેશ પણ માર્ગના ઉદ્ભાસન માટે=ભગવાનના શાસનની વૃદ્ધિના નિમિત્તે, વંદન આદિ વિનયની યોગ્યતાનું નિમિત્ત જ છે, તેમ કલ્પભાષ્ય ગાથા ૪૫૫૩માં સંભળાય છે, આથી પાસત્થાદિમાં પણ કંઈક અંશથી દર્શનાદિ હોયતો તેટલા અંશથી તેમની ભક્તિ કરવી જોઈએ તેમ સિદ્ધ થાય માટે જે પાસત્થામાં શ્રુતજ્ઞાન છે તેની પાસેથી ભણવાના પ્રસંગે તેમને તેટલા શ્રુત પ્રત્યેના બહુમાનના ભાવથી વંદન કરવામાં દોષ નથી. **॥૧૬॥**

**અવતરણિકા :-**

**વિનયગુણ ભગવાનના શાસનની ઉન્નતિનો મુખ્ય ગુણ છે, તે બતાવતાં કહે છે –**

**શ્લોક :-**

**विनयेन विना न स्याज्जिनप्रवचनोन्नतिः ।**
**पयःसेकं विना किं वा वर्धते भुवि पादपः ।।१७।।**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અન્વયાર્થ :-**

विनयेन विना=વિનય વગર, जिनप्रवचनोन्नतिः न स्यात्=જિનપ્રવચનની ઉન્નતિ થાય નહિ. किं वा=શું, पयःसेकं विना=પાણીના સિંચન વગર, भुवि पादपः वर्धते=ભૂમિમાં વૃક્ષ વૃદ્ધિ પામે ? અર્થાત્ વૃદ્ધિ પામે નહિ. ॥૧૭॥

**શ્લોકાર્થ :-**

**વિનય વગર જિનપ્રવચનની ઉન્નતિ થાય નહિ. શું પાણીના સિંચન વગર ભૂમિમાં વૃક્ષ વૃદ્ધિ પામે ? અર્થાત્ વૃદ્ધિ પામે નહિ. ॥૧૭॥**

**ભાવાર્થ :-**

ચતુર્વિધ સંઘમાં રહેલા જીવોમાં જેટલા અંશે શ્રુતજ્ઞાન અને આચરણા પરિણમન પામે, તે જિનપ્રવચન છે, અને તે જિનપ્રવચનની ઉન્નતિ વિનય કરવાથી થાય છે અર્થાત્ ચતુર્વિધ સંઘમાં રહેલા જીવો તીર્થંકર આદિના ગુણનું અવલંબન લઈને જે વિનયની પ્રવૃત્તિ કરે, તેનાથી તેઓમાં વર્તતું જિનપ્રવચન અતિશયવાળું થાય છે. તેથી વિનયથી જિનપ્રવચનની ઉન્નતિ થાય છે, અને વિનય વગર જિનપ્રવચનની ઉન્નતિ થતી નથી.

જેમ ભૂમિમાં બીજ વાવેલું હોય અને પાણી સિંચન કરવામાં ન આવે અથવા વૃક્ષ કાંઈક વૃદ્ધિ પામેલું હોય અને પાણી સિંચન કરવામાં ન આવે તો વૃક્ષ વૃદ્ધિ પામતું નથી, તેમ ઉચિત વિનયની પ્રવૃત્તિ કરવામાં ન આવે તો જિનપ્રવચનની ઉન્નતિ થતી નથી. વળી, ઉચિત વિનયની પ્રવૃત્તિ જોઈને અન્ય જીવો પણ ભગવાનના શાસનને પામે છે. તેથી નવા જીવોને ધર્મની પ્રાપ્તિ થવારૂપ જિનપ્રવચનની ઉન્નતિ પણ વિનયથી થાય છે. **॥૧૭॥**

**અવતરણિકા :-**

વળી, વિનયનું જ મહત્ત્વ બતાવતાં કહે છે –

**શ્લોક :-**

**विनयं ग्राह्यमाणो यो मृदूपायेन कुप्यति ।**
**उत्तमां श्रियमायान्तीं दण्डेनापनयत्यसौ ।।१८।।**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અન્વયાર્થ :-**

विनयं ग्राह्यमाणो=વિનયને ગ્રહણ કરાવાતા=ગુરુ દ્વારા વિનયને ગ્રહણ કરાવાતા, यः=જે સાધુ, मृदूपायेन=મૃદુ ઉપાયથી, कुप्यति=કોપ પામે છે=વિનયઅર્થક મૃદુ એવા ગુરુવચનથી કોપ પામે છે, असौ=આ સાધુ आयान्तीं उत्तमां श्रियं=આવતી એવી ઉત્તમ કલ્યાણની પરંપરાને दण्डेन अपनयति=દંડ વડે દૂર કરે છે. ।।૧૮।।

**શ્લોકાર્થ :-**

**વિનયને ગ્રહણ કરાવાતા=ગુરુ દ્વારા વિનયને ગ્રહણ કરાવાતા, જે સાધુ મૃદુ ઉપાયથી કોપ પામે છે=વિનય અર્થક મૃદુ એવા ગુરુવચનથી કોપ પામે છે, આ સાધુ આવતી એવી ઉત્તમ કલ્યાણની પરંપરાને દંડ વડે દૂર કરે છે. ।।૧૮।।**

**ભાવાર્થ :-**

કોઈ સાધુ સંયમની અન્ય આચરણાઓ સુંદર પણ કરતા હોય, પરંતુ પ્રકૃતિ નમ્ર ન હોય તો ગુણવાનનો વિનય કરવો તેમને ફાવે નહિ. તેવા સાધુને કોઈ ગુરુ વિનય કરવાનો આગ્રહ કરે અને મૃદુ વચનથી તેમને વિનયનું મહત્ત્વ સમજાવે; છતાં અનમ્ર સ્વભાવના કારણે જો તે કોપ કરે, તો તે સાધુ પોતાની પાસે આવતી ઉત્તમ કલ્યાણની પરંપરાને કોપરૂપ દંડથી દૂર કરે છે અર્થાત્ જો તે સાધુએ ગુરુના વચનને સ્વીકારીને વિનયમાં પ્રવૃત્તિ કરી હોત, તો વિનય ગુણના કારણે પુણ્યાનુબંધી પુણ્ય દ્વારા અને નિર્જરાની પ્રાપ્તિ દ્વારા સદ્ગતિઓની પ્રાપ્તિ થાત અને અંતે મોક્ષની પ્રાપ્તિ થાત. તે સર્વ કલ્યાણની પરંપરા વિનય પ્રત્યેના અનાદરના કારણે દૂર થાય છે. **।।૧૮।।**

**શ્લોક :-**

**त्रैलोक्येऽपि विनीतानां दृश्यते सुखमङ्गिनाम् ।**
**त्रैलोक्येऽप्यविनीतानां दृश्यतेऽसुखमङ्गिनाम् ।।१९।।**

**અન્વયાર્થ :-**

विनीतानां अङ्गिनाम्=વિનયવાળા જીવોને, त्रैलोक्येऽपि=ત્રણે લોકમાં પણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सुखं दृश्यते=સુખ દેખાય છે. अविनीतानां अङ्गिनाम्= અવિનયવાળા જીવોને त्रैलोक्येऽपि=ત્રણે લોકમાં પણ, असुखं दृश्यते=અસુખ દેખાય છે=દુઃખ દેખાય છે. ॥૧૯॥

**શ્લોકાર્થ :-**

**વિનયવાળા જીવોને ત્રણે લોકમાં પણ સુખ દેખાય છે. અવિનયવાળા જીવોને ત્રણે લોકમાં પણ અસુખ=દુઃખ દેખાય છે. ॥૧૯॥**

**ભાવાર્થ :-**

સંસારમાં પણ જેઓ મોટા પુરુષો પાસે નમ્ર સ્વભાવવાળા છે, તેઓને સુખની પ્રાપ્તિ દેખાય છે. વળી, જેઓ ગુણવાન એવા તીર્થંકર આદિનો વિનય કરે છે, તેવા જીવોને ત્રણે લોકમાં જ્યાં જન્મે ત્યાં સુખની પ્રાપ્તિ દેખાય છે. વળી, મોટા પુરુષો પાસે જેઓ અવિનયવાળા છે, તેમને વર્તમાનમાં પણ અસુખની પ્રાપ્તિ દેખાય છે, અને ગુણવાન એવા તીર્થંકર આદિનો અવિનય કરનારા જીવો ત્રણે લોકમાં જ્યાં જન્મે ત્યાં દુઃખની પ્રાપ્તિને કરનારા દેખાય છે. માટે સર્વ ઉદ્યમથી વિનયમાં યત્ન કરવો ઉચિત છે. **॥૧૯॥**

**શ્લોક :-**

**ज्ञानादिविनयेनैव पूज्यत्वाप्तिः श्रुतोदिता ।**
**गुरुत्वं हि गुणाऽपेक्षं न स्वेच्छामनुधावति ॥२०॥**

**અન્વયાર્થ :-**

ज्ञानादिविनयेनैव=જ્ઞાનાદિ વિનયથી જ, श्रुतोदिता=શ્રુતમાં કહેવાયેલી पूज्यत्वाप्तिः=પૂજ્યત્વની પ્રાપ્તિ છે; हि=જે કારણથી, गुणाऽपेक्षं=ગુણની અપેક્ષાવાળું गुरुत्वं=ગુરુપણું, न स्वेच्छां अनुधावति=સ્વઈચ્છાને અનુસરતું નથી. ॥૨૦॥

**શ્લોકાર્થ :-**

**જ્ઞાનાદિ વિનયથી જ શ્રુતમાં કહેવાયેલી પૂજ્યત્વની પ્રાપ્તિ છે; જે કારણથી ગુણની અપેક્ષાવાળું ગુરુપણું સ્વઈચ્છાને અનુસરતું નથી. ॥૨૦॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ભાવાર્થ :-**

જ્ઞાન-દર્શન-ચારિત્રના પરિણામોનો આત્મામાં ઉત્કર્ષ થાય તે પ્રકારનો જે ઉચિત યત્ન તે જ્ઞાનાદિનો વિનય છે, અને શ્રુતમાં કહેવાયેલી પૂજ્યતા જ્ઞાનાદિના ઉત્કર્ષથી જ છે. તેથી કોઈ સાધુ જ્ઞાનાદિના અપકર્ષવાળા હોય તેના માટે જ્ઞાનાદિના ઉત્કર્ષવાળા સાધુ પૂજ્ય બને છે. તે પૂજ્યત્વની પ્રાપ્તિ જ્ઞાનાદિના વિનયથી જ થાય છે. માત્ર કેટલા દિવસનો દીક્ષાનો યત્ન થયો છે, તેની અપેક્ષાએ શ્રુતમાં કહેવાયેલી પૂજ્યતાની પ્રાપ્તિ નથી; જે કારણથી ગુણની અપેક્ષાએ ગુરુપણું છે અર્થાત્ જેનામાં અધિક ગુણો છે, તે ગુરુ છે=મોટા છે. જે મોટા હોય તે પૂજ્ય કહેવાય, પરંતુ દીક્ષાનો પર્યાય ઘણો થયો હોય, તેથી પોતાની ઇચ્છા પ્રમાણે તે માને કે હું ગુરુ છું=હું મોટો છું, એ પ્રકારે ગુરુત્વ આવતું નથી, જ્ઞાનાદિની વૃદ્ધિ માટેના કરાયેલા યત્નથી પ્રગટ થયેલા વિનય વડે જ પૂજ્યત્વની પ્રાપ્તિ છે. **॥૨૦॥**

**અવતરણિકા :-**

**જ્ઞાનાદિ ભાવોમાં વિનય કરવાથી આત્મામાં ચાર પ્રકારની સમાધિ પ્રગટે છે, તે બતાવીને, વિનય આત્માની ઉત્તમ સમાધિનું પરમ કારણ છે, તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**विनये च श्रुते चैव तपस्याचार एव च ।**
**चतुर्विधः समाधिस्तु दर्शितो मुनिपुङ्गवैः ।।२१।।**

**અન્વયાર્થ :-**

विनये च श्रुते चैव तपस्याचार एव च=**વિનયમાં, શ્રુતમાં તપમાં અને આચારમાં,** तु=**વળી,** चतुर्विधः=**ચાર પ્રકારની,** समाधिः=**સમાધિ,** मुनिपुङ्गवैः=**મુનિરૂપી વૃષભોએ=ગણધરોએ,** दर्शितः=**બતાવી છે. ॥૨૧॥**

**શ્લોકાર્થ :-**

**વિનયમાં, શ્રુતમાં, તપમાં અને આચારમાં ચાર પ્રકારની સમાધિ મુનિરૂપી વૃષભોએ=ગણધરોએ બતાવી છે. ॥૨૧॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ભાવાર્થ :-**

ચિત્ત સંસારના ભાવોથી નિવૃત્તિ પામીને આત્મભાવોમાં વિશ્રાંતિ પામે તે સમાધિ છે, અને તે સમાધિ શાસ્ત્રકારોએ ચાર પ્રકારની બતાવી છે :

(૧) વિનયવિષયક, (૨) શ્રુતવિષયક, (૩) તપવિષયક અને (૪) આચારવિષયક : આ ચારે સમાધિનું સ્વરૂપ સ્વયં ગ્રંથકાર આગળના શ્લોકોમાં બતાવે છે. **॥૨૧॥**

**શ્લોક :-**

**शुश्रूषति विनीतः सन् सम्यगेवावबुध्यते ।**
**यथावत् कुरुते चार्थं मदेन च न माद्यति ।।२२।।**

**અન્વયાર્થ :-**

**विनीतः सन्=વિનયવાળા છતા સાધુ शुश्रूषति=સાંભળે છે=શાસ્ત્રો સાંભળે છે, (તેથી) सम्यगेवावबुध्यते=સમ્યક્ જ બોધને પ્રાપ્ત કરે છે=જે પ્રમાણે સાંભળ્યું છે તે પ્રમાણે તે બોધને સમ્યક્ પરિણામ પમાડે છે, च=અને यथावत् अर्थं कुरुते=યથાવત્ અર્થને કરે છે=શાસ્ત્રોના અર્થો યથાર્થ કરે છે, च न मदेन माद्यति=અને મદને પામતા નથી. ।।૨૨।।**

**શ્લોકાર્થ :-**

**વિનયવાળા છતા સાધુ=શાસ્ત્રો સાંભળે છે, (તેથી) સમ્યક્ જ બોધને પ્રાપ્ત કરે છે=જે પ્રમાણે સાંભળ્યું છે તે પ્રમાણે જ બોધને સમ્યક્ પરિણામ પમાડે છે, યથાવત્ અર્થને કરે છે=શાસ્ત્રોના અર્થો યથાર્થ કરે છે અને મદને પામતા નથી. ।।૨૨।।**

**ભાવાર્થ :-**

ચાર પ્રકારની વિનય સમાધિ દશવૈકાલિક સૂત્રમાં કહેલ છે, તેને સામે રાખીને ગ્રંથકારે પ્રસ્તુત શ્લોક રચેલ છે. દશવૈકાલિક સૂત્રમાં ચાર પ્રકારની વિનય સમાધિનું સ્વરૂપ આ પ્રમાણે બતાવેલ છે –

(૧) ગુરુ દ્વારા અનુશાસન કરાયેલ સાધુ શાસ્ત્ર સાંભળે છે, તે વિનય સમાધિનું પ્રથમ પદ છે. (૨) શાસ્ત્ર સાંભળીને સમ્યગ્ અવબોધ કરે છે, તે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિનયસમાધિનું બીજું પદ છે. (૩) બોધ કર્યા પછી તે બોધ અનુસાર સમ્યક્ આરાધન કરે અર્થાત્ યથાવત્ અર્થનું સેવન કરે, તે વિનયસમાધિનું ત્રીજું પદ છે અને (૪) તેમ કરીને સાધુ આત્મસંપ્રગૃહિત થતા નથી=અભિમાની થતા નથી, તે વિનયસમાધિનું ચોથું પદ છે.

દશવૈકાલિકના કથન અનુસાર પ્રસ્તુત શ્લોકનો અર્થ વિચારીએ તો એ પ્રાપ્ત થાય કે (૧) ગુરુ શિષ્યની યોગ્યતા અનુસાર શિષ્યને શાસ્ત્ર ભણવાનું અનુશાસન કરે=આજ્ઞા કરે, અને વિનયપૂર્વક તે શિષ્ય શાસ્ત્રોને સાંભળે તે વિનયસમાધિનું પ્રથમ સ્થાન છે. (૨) શાસ્ત્રો સાંભળ્યા પછી જે તાત્પર્યમાં ગુરુ તે શાસ્ત્રવચન કહે છે, તે તાત્પર્યને યથાર્થ જાણે તે વિનયસમાધિનું બીજું સ્થાન છે. (૩) શાસ્ત્રનો સમ્યક્ બોધ થયા પછી તે શાસ્ત્રવચન અનુસાર આત્માને ભાવિત કરીને તે પ્રકારના સર્વ ઉચિત આચારોનું પાલન કરે તે યથાવત્ અર્થનું સેવન છે, તે વિનયસમાધિનું ત્રીજું સ્થાન છે, અને (૪) તે શાસ્ત્રવચનોનો પોતે યથાર્થ બોધ કર્યો છે, અને સર્વ આચારો શાસ્ત્રવચનાનુસાર પોતે યથાર્થ સેવન કરે છે, એ પ્રકારે અભિમાની થતા નથી તે વિનયસમાધિનું ચોથું સ્થાન છે.

આનાથી એ ફલિત થાય કે (૧) ગુરુની અનુજ્ઞાપૂર્વક વિનયથી યુક્ત થઈને શાસ્ત્ર સાંભળવાની ક્રિયા કરે, અને (૨) અત્યંત ઉપયોગપૂર્વક જાણવા માટેના યત્નના કારણે યથાર્થ બોધ થાય, અને (૩) બોધ કર્યા પછી તે પ્રમાણે તે શ્રુતને આત્મામાં સમ્યક્ પરિણમન પમાડવા માટે પ્રયત્ન કરે, અને (૪) મદરહિત સર્વ ઉચિત પ્રવૃત્તિ સાધુ કરે તે વિનયસમાધિનાં ચાર સ્થાનોની પ્રાપ્તિ છે. **॥૨૨॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૨૧માં વિનય આદિ ચાર સમાધિઓ છે, તેમ બતાવ્યું. ત્યારપછી વિનય સમાધિનાં ચાર સ્થાનો શ્લોક-૨૨માં બતાવ્યા. હવે ગ્રંથકાર શ્રુતસમાધિનાં ચાર સ્થાનો દશવૈકાલિક સૂત્રના આધારે બતાવે છે –**

**શ્લોક :-**

**श्रुतमेकाग्रता वा मे भवितात्मानमेव वा ।**
**स्थापयिष्यामि धर्मेऽन्यं वेत्यध्येति सदागमम् ।।२३।।**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અન્વયાર્થ :-**

श्रुतं एकाग्रता वा मे भविता=**શ્રુત અને એકાગ્રતા મને પ્રાપ્ત થશે,** आत्मानं एव वा धर्मे स्थापयिष्यामि=**અને આત્માને જ ધર્મમાં સ્થાપન કરીશ.** अन्यं वा= **અને અન્યને ધર્મમાં સ્થાપન કરીશ** इति सदागमम‌ध्येति=**એ હેતુથી સદાગમને ભણે છે. ॥૨૩॥**

**શ્લોકાર્થ :-**

**શ્રુત અને એકાગ્રતા મને પ્રાપ્ત થશે, અને મારા આત્માને જ ધર્મમાં સ્થાપન કરીશ, અને અન્યને ધર્મમાં સ્થાપન કરીશ, એ હેતુથી સદાગમને ભણે. ॥૨૩॥**

**ભાવાર્થ :-**

ચાર પ્રકારની શ્રુતસમાધિ દશવૈકાલિક સૂત્રમાં કહેલ છે, તેને સામે રાખીને ગ્રંથકારે પ્રસ્તુત શ્લોક રચેલ છે. દશવૈકાલિક સૂત્રમાં ચાર પ્રકારની શ્રુતસમાધિનું સ્વરૂપ આ પ્રમાણે બતાવેલ છે –

(૧) શ્રુત મને પ્રાપ્ત થશે, એથી અધ્યયન કરવું જોઈએ, આ શ્રુતસમાધિનું પ્રથમ પદ છે. (૨) એકાગ્રચિત્તવાળો હું થઈશ, એથી અધ્યયન કરવું જોઈએ, એ શ્રુતસમાધિનું બીજું પદ છે. (૩) સુખપૂર્વક આત્માને ધર્મમાં સ્થાપીશ, એથી અધ્યયન કરવું જોઈએ, એ શ્રુતસમાધિનું ત્રીજું પદ છે. (૪) શ્રુતમાં રહેલો એવો હું પરને ધર્મમાં સ્થાપન કરીશ, એથી અધ્યયન કરવું જોઈએ, એ શ્રુતસમાધિનું ચોથું પદ છે.

દશવૈકાલિકસૂત્રના કથન અનુસાર પ્રસ્તુત શ્લોકનો અર્થ વિચારીએ તો એ પ્રાપ્ત થાય કે શાસ્ત્રનું અધ્યયન કરનાર સાધુએ ચાર પ્રકારના અધ્યવસાય દ્વારા શ્રુતને સમ્યક્ પરિણમન પમાડવાને અનુકૂળ ચિત્તની સમાધિ પ્રાપ્ત કરીને શ્રુતઅધ્યયનમાં યત્ન કરવો જોઈએ, અને શ્રુતવિષયક ચાર પ્રકારની સમાધિ આ પ્રમાણે છે –

(૧) શાસ્ત્રઅધ્યયન દ્વારા મને શ્રુતની પ્રાપ્તિ થશે. (૨) શ્રુતની પ્રાપ્તિ થવાથી મારામાં એકાગ્રતા આવશે અર્થાત્ યોગમાર્ગને સમ્યક્ સેવવાને અનુકૂળ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્થિરતા મારામાં આવશે. (૩) શ્રુતનો સમ્યક્ બોધ થવાના કારણે હું સ્વ આત્માને જ ધર્મમાં સ્થાપન કરીશ. (૪) શ્રુતના પરમાર્થને જાણ્યા પછી અન્ય યોગ્ય જીવોને પણ હું ધર્મમાં સ્થાપન કરીશ. એ પ્રકારના પરિણામપૂર્વક સાધુ સદાગમ ભણે, જેથી લક્ષ્યવેધી એવી શાસ્ત્ર ભણવાની ક્રિયા થાય.

અહીં વિશેષ એ છે કે સદાગમને ભણવાથી મને શ્રુત પ્રાપ્ત થશે, એટલે ભગવાનના વચનનો પરમાર્થથી બોધ થશે, જે મહાકલ્યાણનું કારણ છે. વળી શ્રુતની પ્રાપ્તિ થવાને કારણે પોતાની બુદ્ધિ શ્રુતથી પરિકર્મિત બનશે, અને શ્રુતથી પરિકર્મિત થયેલી મતિ થવાથી આત્મામાં સ્થૈર્યભાવરૂપ એકાગ્રતા આવશે; કેમ કે શ્રુતના બોધથી આત્માને સિદ્ધ અવસ્થામાં વર્તતું પોતાનું પારમાર્થિક સ્વરૂપ મહાસ્થૈર્યરૂપ છે, અને તે જીવની પૂર્ણસુખમય અવસ્થારૂપ છે, તેનો વિશેષ પ્રકારે સૂક્ષ્મ બોધ થાય છે. તેથી તે અવસ્થાના બોધના કારણે શ્રુતપરિકર્મિત મતિમાં સિદ્ધ અવસ્થાની પ્રાપ્તિના કારણભૂત એવી વિશેષ પ્રકારની એકાગ્રતા આવે છે. વળી સદાગમને ભણ્યા પછી સમ્યક્ બોધના પરિબળથી સાધુનો આત્મા પોતાના આત્માને ધર્મમાં સ્થાપી શકે છે, જેથી ઉત્તરોત્તર ધર્મની વૃદ્ધિ દ્વારા સંસારનો અંત પ્રાપ્ત થાય છે. વળી, શ્રુતનો સમ્યક્ બોધ હોય તો દયાળુ સ્વભાવવાળા સાધુ જેમ સ્વહિત માટે પ્રયત્ન કરી શકે છે, તેમ અન્ય યોગ્ય જીવોને પણ ધર્મમાં સ્થાપન કરી શકે છે. તેથી શ્રુતઅધ્યયન કરતાં પૂર્વે શ્રુતની ચાર સમાધિના સ્થાનોરૂપ ચાર લક્ષ્યને ચિત્તમાં સ્થાપન કરવાથી શ્રુતઅધ્યયનની ક્રિયાથી પરિણમન પામતું એવું શ્રુત આત્માને ઇષ્ટ એવી તે ચાર સમાધિનું ક્રમશઃ કારણ બને છે. **॥૨૩॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૨૧માં વિનય, શ્રુત, તપ અને આચારવિષયક ચાર સમાધિ છે, એમ બતાવ્યું. ત્યારપછી વિનયસમાધિ અને શ્રુતસમાધિનું સ્વરૂપ બતાવ્યું. હવે તપસમાધિ અને આચારસમાધિનું સ્વરૂપ બતાવે છે –**

**શ્લોક :-**

कुर्यात्तपस्तथाचारं नैहिकामुष्मिकाशया ।
कीर्त्याद्यर्थं च नो किं तु निष्कामो निर्जराकृते ।।२४।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અન્વયાર્થ :-**

**ऐहिकामुष्मिकाशया=આલોકની કે પરલોકની આશાથી=આકાંક્ષાથી तपस्तथाचारं=તપને અને આચારને न कुर्यात्=સાધુ ન કરે, कीर्त्याद्यर्थं च= અને કીર્તિ આદિ માટે नो=કરે નહિ. किंतु=પરંતુ, निष्कामः=નિષ્કામ સાધુ निर्जराकृते= નિર્જરા માટે કરે છે. ॥૨૪॥**

**શ્લોકાર્થ :-**

**આલોકની કે પરલોકની આકાંક્ષાથી તપને અને આચારને સાધુ ન કરે અને કીર્તિ આદિ માટે કરે નહિ, પરંતુ નિષ્કામ સાધુ નિર્જરા માટે કરે. ॥૨૪॥**

**ભાવાર્થ :-**

ચાર પ્રકારની તપસમાધિનું સ્વરૂપ દશવૈકાલિકસૂત્રમાં આ પ્રમાણે બતાવેલ છે –

(૧) આલોક માટે=આલોકમાં લબ્ધિ આદિની ઇચ્છાથી, તપ કરવો જોઈએ નહિ, એ તપ સમાધિનું પ્રથમ પદ છે. (૨) પરલોક માટે=પારલૌકિક ભોગસુખ માટે તપ કરવો જોઈએ નહિ, એ તપસમાધિનું બીજું પદ છે. (૩) કીર્તિ, વર્ણ, શબ્દ, શ્લાઘા અર્થાત્ કોઈપણ પ્રકારના યશ માટે તપ કરવો જોઈએ નહિ, એ તપસમાધિનું ત્રીજું પદ છે. (૪) નિર્જરાથી અન્યત્ર=નિર્જરાને છોડીને અન્ય આશયથી, તપ કરવો જોઈએ નહિ, એ તપસમાધિનું ચોથું પદ છે.

તથા દશવૈકાલિકસૂત્રમાં ચાર પ્રકારની આચારસમાધિનું સ્વરૂપ આ પ્રમાણે બતાવેલ છે –

(૧) આલોક માટે=આલોકમાં લબ્ધિ આદિની ઇચ્છાથી, સંયમના આચારને સેવવા જોઈએ નહિ, એ આચારસમાધિનું પ્રથમ પદ છે. (૨) પરલોક માટે= પારલૌકિક ભોગસુખ માટે સંયમના આચારને સેવવા જોઈએ નહિ, એ આચારસમાધિનું બીજું પદ છે. (૩) કીર્તિ, વર્ણ, શબ્દ અને શ્લાઘા માટે=યશ માટે સંયમના આચારને સેવવા જોઈએ નહિ, એ આચારસમાધિનું ત્રીજું પદ છે. (૪) આર્હન્ત્યહેતુઓથી અન્યત્ર=ભાવશત્રુના નાશરૂપ હેતુઓથી અન્ય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રયોજનથી, સંયમના આચારને સેવવા જોઈએ નહિ, એ આચારસમાધિનું ચોથું પદ છે.

દશવૈકાલિકસૂત્રના કથન અનુસાર પ્રસ્તુત શ્લોકનો અર્થ વિચારીએ તો એ પ્રાપ્ત થાય કે (૧) સાધુએ તપ અને સંયમના આચાર સેવવા જોઈએ અને તપ-સંયમ વિષયક ઐહિક આશંસા કરવી જોઈએ નહિ, એ તપ અને આચારસમાધિનું પ્રથમ સ્થાન છે.

(૨) વળી, સાધુએ આમુષ્મિક પદાર્થો વિષયક આશંસાથી તપ-સંયમ કરવા જોઈએ નહિ અર્થાત્ પરલોક સંબંધી સાંસારિક સુખની આશંસાથી તપ-સંયમ કરવા જોઈએ નહિ, એ તપ અને આચારસમાધિનું બીજું સ્થાન છે.

(૩) વળી, સાધુએ કીર્તિ આદિ માટે તપ અને સંયમના આચાર સેવવા જોઈએ નહિ, એ તપ અને આચારસમાધિનું ત્રીજું સ્થાન છે.

(૪) વળી, નિષ્કામ એવા સાધુએ નિર્જરા માટે તપ અને સંયમના આચારો સેવવા જોઈએ, એ તપ અને આચારસમાધિનું ચોથું સ્થાન છે.

અહીં વિશેષ એ છે કે શ્લોક-૨માં જ્ઞાનવિનય, દર્શનવિનય, ચારિત્રવિનય અને તપવિનય : એમ ચાર પ્રકારનો વિનય બતાવ્યો અને પાંચમો ઉપચારવિનય બતાવ્યો. તેમાંથી જ્ઞાનના, દર્શનના, ચારિત્રના અને તપના વિનયથી આત્મામાં પૂજ્યતાની પ્રાપ્તિ થાય છે, તે શ્લોક-૨૦માં બતાવ્યું. ત્યારપછી જ્ઞાનાદિવિષયક વિનયનું સ્વરૂપ સ્પષ્ટ કરવા માટે શ્લોક-૨૧માં વિનયસમાધિ, શ્રુતસમાધિ, તપસમાધિ અને આચારસમાધિ, એમ ચાર સમાધિના ભેદો બતાવ્યા, અને તેનું સ્વરૂપ સ્પષ્ટ કરવા માટે શ્લોક-૨૨ થી ૨૪ સુધી તે ચારે સમાધિનું સ્વરૂપ બતાવ્યું.

તેનાથી એ ફલિત થયું કે જ્ઞાન-દર્શન-ચારિત્ર અને તપના સેવનથી કર્મના વિનયનની પ્રાપ્તિ કરવા અર્થે સાધુએ વિનયપૂર્વક શાસ્ત્રશ્રવણ કરવું જોઈએ. જેનાથી શાસ્ત્રનો સમ્યક્ બોધ થાય અને તે બોધ થયા પછી શાસ્ત્રાનુસારી ઉચિત પ્રવૃત્તિઓ કરવી જોઈએ અને લેશ પણ મદ કરવો જોઈએ નહિ, જેની સ્પષ્ટતા ગ્રંથકારે શ્લોક-૨૨માં કરેલ છે અને આ રીતે (૧) કોઈ સાધુ વિનયપૂર્વક શાસ્ત્રશ્રવણ કરે તે વિનયસમાધિનું પહેલું સ્થાન છે અને (૨) શાસ્ત્ર ભણતી વખતે શ્રુતમાં કેવી રીતે યત્ન કરવો જોઈએ, તે બતાવવા માટે શ્લોક-૨૩માં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચાર પ્રકારની શ્રુતસમાધિ બતાવી, અને તે શ્રુતસમાધિ અનુસાર ચાર લક્ષ્યને સામે રાખીને શ્રુત ભણવામાં આવે તો ક્રમે કરીને શાસ્ત્રનો યથાર્થ બોધ થાય છે, તે વિનયસમાધિનું બીજું સ્થાન છે, અને (૩) તે શાસ્ત્રનો યથાર્થ બોધ થયા પછી શ્લોક-૨૪માં તપ અને આચારવિષયક ચાર સમાધિ બતાવી. તે સમાધિપૂર્વક તપ અને આચારનું સેવન કરવામાં આવે તો શ્લોક-૨૨માં કહ્યું તેમ યથાવત્ અર્થનું સેવન કરવારૂપ વિનયસમાધિનું ત્રીજું સ્થાન પ્રાપ્ત થાય, અને (૪) આ રીતે વિનયસમાધિને પ્રાપ્ત કર્યા પછી લેશ પણ મદરહિત સાધુ સર્વ ઉચિત પ્રવૃત્તિ કરે તો વિનયસમાધિનું ચોથું સ્થાન પ્રાપ્ત થાય છે અને આ ચારે સમાધિમાં યત્ન થાય તો શ્લોક-૨માં બતાવેલ જ્ઞાનવિનય, દર્શનવિનય, ચારિત્રવિનય અને તપવિનયની પ્રાપ્તિ થાય છે.

આ પ્રકારે શ્લોક-૨૧ થી ૨૪નો પરસ્પર સંબંધ જોડવો, જેથી એ ફલિત થાય કે શ્લોક-૨૨માં બતાવેલ વિનયસમાધિના ચાર ભેદોમાંથી વિનયસમાધિના બીજા અંગરૂપે શ્રુતસમાધિના ચાર ભેદો છે અને ત્રીજા ભેદના અંગરૂપે તપસમાધિ અને આચારસમાધિના ચાર ભેદો છે, અને શ્લોક-૨૨માં બતાવેલ ચારે પ્રકારની વિનયસમાધિના સેવનથી શ્લોક-૨માં બતાવેલ જ્ઞાન, દર્શન, તપ અને ચારિત્ર એમ ચાર પ્રકારના વિનયની વૃદ્ધિ થાય છે અર્થાત્ નિર્જરાને અનુકૂળ એવા જ્ઞાનાદિ પરિણામો આત્મામાં વૃદ્ધિ પામે છે. અહીં સમાધિ એટલે આત્મકલ્યાણને અનુકૂળ ચિત્તની સ્વસ્થતા અને વિનય એટલે કર્મના વિનયનને અનુકૂળ એવો જીવનો પરિણામ. તેથી જે જે પ્રવૃત્તિ કરવાની હોય તે તે પ્રવૃત્તિને અનુકૂળ જીવમાં સ્વસ્થતા હોય તો તે પ્રવૃત્તિ સમ્યક્ બને છે, અને જીવ મોહથી આકુળ હોય તો તે પ્રવૃત્તિ સમ્યક્ બનતી નથી. જેમ શ્રુતસમાધિમાં ચાર પ્રકારના અધ્યવસાયો બતાવ્યા. તે કરવાથી શ્રુતને સમ્યક્ પરિણમન પમાડવાને અનુકૂળ એવી સમાધિ પ્રગટે છે, અને તે સમાધિપૂર્વક શ્રુત ભણવાથી સમ્યક્ બોધ થાય છે, અને સમ્યક્ બોધ થયા પછી તપ અને આચાર માટે અપેક્ષિત ચાર સમાધિમાં યત્ન કરવામાં આવે અર્થાત્ આલોક આદિની આશંસારહિત નિર્જરાને અનુકૂળ સમ્યક્ યત્ન થાય તે પ્રકારે ચિત્તની સ્વસ્થતા પ્રગટ કરવામાં આવે, તો તપ-સંયમની સર્વ ઉચિત આચરણાથી જ્ઞાનાદિની વૃદ્ધિ થાય છે. **॥૨૪॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**વિનય, શ્રુત, તપ અને આચાર સમાધિ (૨૧થી ૨૪)**

| વિનયસમાધિ (શ્લોક-૨૨) ચાર સ્થાન | શ્રુતસમાધિ (શ્લોક-૨૩) ચાર સ્થાન | તપસમાધિ અને આચારસમાધિ (શ્લોક-૨૪) ચાર સ્થાન |
|---|---|---|
| (i) વિનયવાળા સાધુ સમ્યક્ શાસ્ત્રશ્રવણ કરે. | (1) મને શાસ્ત્ર અધ્યયનથી શ્રુતની પ્રાપ્તિ થશે. | (i) આલોકની આશંસાથી તપ અને સંયમના આચારોને સેવે નહિ. |
| (ii) શાસ્ત્રનો સમ્યક્ બોધ કરે. | (2) મારામાં એકાગ્રતા આવશે. | (ii) પરલોકની આશંસાથી તપ અને સંયમના આચોરને સેવે નહિ. |
| (iii) બોધઅનુસાર યથાવત્ અર્થનું સેવન કરે. | (3) સ્વઆત્માને જ ધર્મમાં સ્થાપન કરીશ. | (iii) યશ માટે તપ અને સંયમના આચારોને સેવે નહિ. |
| (iv) પોતાને યથાર્થબોધ, સમ્યક્ સેવન છતાં સાધુ અભિમાની થતા નથી. | (4) યોગ્ય જીવોને હું ધર્મમાં સ્થાપન કરીશ. | (iv) નિર્જરા છોડીને અન્ય આશયથી તપ અને સંયમનાં આચારોને સેવે નહિ. |

**અવતરણિકા :-**

શ્લોક-૨૦માં જ્ઞાનાદિવિનયથી જ પૂજ્યતાની પ્રાપ્તિ થાય છે, તેમ બતાવ્યું, અને તેની નિષ્પત્તિનાં અંગભૂત વિનયાદિ ચાર પ્રકારની સમાધિ શ્લોક-૨૧માં બતાવી અને શ્લોક-૨૨માં વિનયસમાધિનું સ્વરૂપ બતાવ્યું, જે વિનયસમાધિ જ્ઞાનવિનય, દર્શનવિનય, ચારિત્રવિનય અને તપવિનયની નિષ્પત્તિનું કારણ છે. વળી, શ્લોક-૨૨માં બતાવેલ વિનયસમાધિના અંગભૂત શ્રુતસમાધિ, તપસમાધિ અને આચારસમાધિનું સ્વરૂપ શ્લોક-૨૩-૨૪થી બતાવ્યું. તેથી હવે જે સાધુ શ્લોક-૨૨, ૨૩, ૨૪માં બતાવ્યા પ્રમાણે વિનયસમાધિમાં ઉદ્યમ કરે છે, તેઓને વિનયસમાધિનું કેવું ફળ પ્રાપ્ત થાય છે ? તે બતાવવા અર્થે કહે છે –

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**શ્લોક :-**

**इत्थं समाहिते स्वान्ते विनयस्य फलं भवेत् ।**
**स्पर्शाख्यं स हि तत्त्वाप्तिर्बोधमात्रं परः पुनः ।।२५।।**

**અન્વયાર્થ :-**

**इत्थं=આ રીતે=શ્લોક-૨૨થી ૨૪માં બતાવ્યું એ રીતે, समाहिते स्वान्ते= સમાધિને પામેલ સ્વઅંતઃકરણ હોતે છતે, विनयस्य फलं भवेत्=વિનયનું ફળ થાય છે. स हि=તે જ स्पर्शाख्यं=સ્પર્શ નામની तत्त्वाप्तिः=તત્ત્વની પ્રાપ્તિ છે. पुनः=વળી, परः=બીજો બોધ=શ્લોક-૨૨થી ૨૪માં બતાવી એવી સમાધિ વગર શાસ્ત્રથી થયેલો બોધ, बोधमात्रं=બોધમાત્ર છે. ।।૨૫।।**

**શ્લોકાર્થ :-**

**આ રીતે=શ્લોક-૨૨, ૨૩, ૨૪માં બતાવ્યું એ રીતે, સમાધિને પામેલ સ્વઅંતઃકરણ હોતે છતે વિનયનું ફળ થાય છે, તે જ સ્પર્શ નામની તત્ત્વની પ્રાપ્તિ છે. વળી, બીજો બોધ=શ્લોક-૨૨, ૨૩, ૨૪માં બતાવી એવી સમાધિ વગર શાસ્ત્રથી થયેલો બોધ, બોધમાત્ર છે. ।।૨૫।।**

**ભાવાર્થ :-**

શ્લોક-૨૦માં કહ્યું એ રીતે સાધુ જ્ઞાનાદિવિનય દ્વારા પોતાની પૂજ્યતાને અર્થાત્ મોક્ષપ્રાપ્તિની વિશિષ્ટ યોગ્યતાને, પ્રાપ્ત કરે છે. તે પૂજ્યતાને પ્રાપ્ત કરવા માટે સાધુ તેના ઉપાયભૂત શ્લોક-૨૧માં કહ્યું તેમ વિનયાદિ ચાર પ્રકારની સમાધિનું સ્વરૂપ જાણીને, શ્લોક-૨૩માં કહ્યું, તેમ ચાર પ્રકારના અધ્યવસાયપૂર્વક સદાગમ ભણવાનો સંકલ્પ કરે છે, અને વિનયપૂર્વક ગીતાર્થ પાસે શાસ્ત્ર સાંભળે છે. ત્યારપછી શ્લોક-૨૨માં કહ્યું તેમ શાસ્ત્રનો સમ્યક્ બોધ કરે છે, અને શ્લોક-૨૪માં કહ્યું તેમ તપ અને આચારની સમાધિમાં યત્ન કરીને આત્માને ધર્મમાં સ્થાપન કરવા માટે ઉદ્યમ કરે, તેવા સાધુને શ્લોક-૨૨માં કહ્યું એ પ્રમાણે યથાવત્ અર્થનું સેવન પ્રાપ્ત થાય છે, અને આવા સાધુ મદરહિત સર્વ પ્રવૃત્તિ કરતા હોય છે, તેથી શ્લોક-૨૧ થી ૨૪માં બતાવ્યું એ રીતે સમાધિથી યુક્ત અંતઃકરણવાળા છે, તેથી વિનયના ફળને પ્રાપ્ત કરે છે અર્થાત્ વિનયના સેવનથી કર્મની નિર્જરા થવાને કારણે સ્પર્શ નામના તત્ત્વની પ્રાપ્તિ કરે છે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને તે સ્પર્શ નામના તત્ત્વની પ્રાપ્તિ કેવી છે ? તે સ્વયં ગ્રંથકારશ્રી આગળના શ્લોકમાં બતાવે છે.

વળી, જે સાધુ શ્લોક-૨૧ થી ૨૪માં બતાવ્યું એ રીતે સમાધિમાં યત્ન કર્યા વગર આત્મકલ્યાણના અર્થે ગુરુ પાસેથી શાસ્ત્રો ભણે છે, તેમને સ્પર્શ નામના તત્ત્વની પ્રાપ્તિ થતી નથી, પરંતુ બોધ માત્ર થાય છે અર્થાત્ સંસારના ઉચ્છેદનું એક કારણ બને તેવો સ્પર્શાત્મક પરિણામ થતો નથી, પરંતુ શાસ્ત્રમાં કહેલા શબ્દોના અર્થનો બોધ માત્ર થાય છે. **॥૨૫॥**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં કહ્યું કે સમાધિવાળું અંતઃકરણ હોતે છતે સ્પર્શ નામના તત્ત્વની પ્રાપ્તિ થાય છે. તેથી હવે સ્પર્શ નામના તત્ત્વની પ્રાપ્તિ કેવી છે ? તે સ્પષ્ટ કરે છે –**

**શ્લોક :-**

**अक्षेपफलदः स्पर्शस्तन्मयीभावतो मतः ।**
**यथा सिद्धरसस्पर्शस्ताम्रे सर्वानुवेधतः ।।२६।।**

**અન્વયાર્થ :-**

**तन्मयीभावतः=તન્મયભાવ હોવાને કારણે=શ્રુત જે ભાવની અપેક્ષા રાખે છે તે ભાવ સાથે તન્મયભાવ હોવાને કારણે, स्पर्शः=સ્પર્શ નામનું જ્ઞાન, अक्षेपफलदः मतः=અક્ષેપફળને દેનારું મનાય છે=વિલંબ વગર ફળને દેનારું મનાયું છે, यथा=જે પ્રમાણે, ताम्रे=તામ્રમાં, सिद्धरसस्पर्शः=સિદ્ધરસનો સ્પર્શ, सर्वानुवेधतः=સર્વ અનુવેધને કારણે, અક્ષેપસુવર્ણફળને દેનારો છે. ।।૨૬।।**

**શ્લોકાર્થ :-**

**તન્મયભાવ હોવાને કારણે=શ્રુત જે ભાવની અપેક્ષા રાખે છે તે ભાવ સાથે તન્મયભાવ હોવાને કારણે, સ્પર્શ નામનું જ્ઞાન અક્ષેપફળને દેનારું મનાય છે=વિલંબ વગર ફળને દેનારું મનાયું છે, જે પ્રમાણે તામ્રમાં સિદ્ધરસનો સ્પર્શ સર્વ અનુવેધને કારણે અક્ષેપ સુવર્ણફળને દેનારો છે. ।।૨૬।।**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ભાવાર્થ :-**

શ્લોક-૨૧થી ૨૪માં વિનય, શ્રુત, તપ અને આચારસમાધિના ચાર ચાર ભેદો બતાવ્યા. તે સમાધિમાં સમ્યક્ યત્ન કરીને શાસ્ત્રઅધ્યયન કરવાથી સાધુને સમ્યક્ બોધ થાય છે અને તે બોધ અનુસાર સર્વ ઉચિત પ્રવૃત્તિ થાય છે જે પ્રવૃત્તિ માત્ર પ્રવૃત્તિરૂપ બનતી નથી, પરંતુ ભગવાને શ્રુતથી જે ભાવો નિષ્પન્ન કરવાના કહ્યા છે, તે ભાવો સાથે તન્મયીભાવવાળી બને છે, જેથી સ્પર્શ નામના જ્ઞાનની પરિણતિ પ્રગટે છે અર્થાત્ તત્ત્વને સ્પર્શનાર એવો જ્ઞાનનો પરિણામ પ્રગટે છે. અને તે સ્પર્શ નામનો જ્ઞાનનો પરિણામ અક્ષેપફળને દેનારો છે અર્થાત્ અવિલંબથી વીતરાગભાવની પ્રાપ્તિનું કારણ બને છે. જેમ તામ્ર ઉપર સિદ્ધરસ નાખવામાં આવે તો તે સિદ્ધરસ તામ્ર સાથે એકમેક ભાવને પામે છે, જેથી તે તામ્ર સુવર્ણભાવને પામે છે, તેમ સ્પર્શ નામની જ્ઞાનની પરિણતિથી યોગીનો આત્મા વીતરાગ સાથે તન્મયભાવવાળો બને છે, તેથી તે યોગી શીઘ્ર વીતરાગભાવને પામે છે. **॥૨૬॥**

**અવતરણિકા :-**

**અત્યાર સુધી પાંચ પ્રકારના વિનયોનું સ્વરૂપ અને તેનું ફળ વિસ્તારથી બતાવ્યું. તેનાથી શું ફલિત થાય છે ? તે બતાવે છે –**

**શ્લોક :-**

**इत्थं च विनयो मुख्यः सर्वानुगमशक्तितः ।**
**मिष्टान्नेष्विव सर्वेषु निपतन्निक्षुजो रसः ।।२७।।**

**અન્વયાર્થ :-**

**इत्थं च=અને આ રીતે=પૂર્વશ્લોકોમાં પાંચ પ્રકારના વિનયનું સ્વરૂપ અને તેનું ફળ બતાવ્યું એ રીતે, सर्वानुगमशक्तितः=સર્વમાં અનુગમશક્તિને કારણે=યોગમાર્ગની સર્વ પ્રવૃત્તિમાં વિનયની અનુસરણશક્તિ હોવાને કારણે, विनयो मुख्यः=વિનય મુખ્ય છે=યોગમાર્ગની સર્વ પ્રવૃત્તિઓમાં વિનય મુખ્ય છે, मिष्टान्नेषु इव सर्वेषु=જેમ સર્વ મિષ્ટાન્નોમાં, निपतन् इक्षुजो रसो=પડતો એવો ઈક્ષુનો રસ મુખ્ય છે. ।।૨૭।।**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**શ્લોકાર્થ :-**

**અને આ રીતે=પૂર્વના શ્લોકોમાં પાંચ પ્રકારના વિનયનું સ્વરૂપ અને તેનું ફળ બતાવ્યું એ રીતે, સર્વમાં અનુગમશક્તિને કારણે= યોગમાર્ગની સર્વ પ્રવૃત્તિમાં વિનયની અનુસરણની શક્તિ હોવાને કારણે, વિનય મુખ્ય છે=યોગમાર્ગની સર્વ પ્રવૃત્તિઓમાં વિનય મુખ્ય છે. જેમ સર્વ મિષ્ટાન્નોમાં પડતો=નંખાતો એવો ઈક્ષુનો રસ મુખ્ય છે. ।।૨૭।।**

**ભાવાર્થ :-**

'વિનય' શબ્દનો અર્થ કર્યો કે જેનાથી કર્મનું વિનયન થાય તે વિનય. આ રીતે વિનયનો અર્થ કર્યા પછી જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપમાં શાસ્ત્રાનુસાર કરાતા યત્નને 'વિનય' કહ્યો; કેમ કે તેમાં કરાતા યત્નથી કર્મનું વિનયન થાય છે. વળી, જ્ઞાનાદિમાં કરાતા યત્નની પુષ્ટિ અર્થે બે પ્રકારનો ઉપચારવિનય બતાવ્યો.

આ રીતે પાંચ પ્રકારના વિનયો પૂર્વમાં બતાવ્યા. તેનાથી શું ફલિત થાય છે ? તે બતાવતાં કહે છે –

યોગમાર્ગની સર્વ પ્રવૃત્તિઓમાં વિનયની અનુસરણ શક્તિ છે, માટે યોગમાર્ગની સર્વ પ્રવૃત્તિઓમાં વિનય મુખ્ય છે. તેમાં દૃષ્ટાંત બતાવે છે –

જેમ ઇક્ષુરસથી ઉત્પન્ન થયેલ સાકર સર્વ મિષ્ટાન્નોમાં અવશ્ય હોય છે, તેથી મિષ્ટાન્નોમાં અન્ય સર્વ પદાર્થો કરતાં સાકરની મુખ્યતા છે, તેમ યોગમાર્ગની સર્વ પ્રવૃત્તિઓમાં વિનયની મુખ્યતા છે.

અહીં વિશેષ એ છે કે શ્લોક-૨૨માં કહેલ કે સાધુને વિનયપૂર્વક શાસ્ત્રો સાંભળવાથી અવશ્ય સમ્યક્ બોધ થાય છે, અને સમ્યક્ બોધ થયા પછી સર્વ પ્રવૃત્તિ યથાર્થ કરે છે, અને તેથી મદરહિત થઈ તે સાધુ સ્પર્શ નામની જ્ઞાનની પરિણતિને પ્રાપ્ત કરે છે, જેથી શીઘ્ર તે સાધુ વીતરાગ બને છે. આ સર્વ પ્રવૃત્તિમાં વિનય અનુશ્રુત છે. તેથી એ ફલિત થયું કે વીતરાગના વિનયપૂર્વક કરાયેલા શાસ્ત્રઅધ્યયનથી જીવ શીઘ્ર વીતરાગ બને છે. માટે યોગમાર્ગની સર્વ પ્રવૃત્તિઓમાં વિનય અનુશ્રુત છે, તેથી વિનય મુખ્ય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંક્ષેપથી એ પ્રાપ્ત થાય કે (૧) વિનયપૂર્વક શાસ્ત્રઅધ્યયન કરવામાં આવે અને શાસ્ત્ર જે તાત્પર્યમાં છે, તે તાત્પર્યનો યથાર્થ બોધ કરવા માટે સમ્યક્ યત્ન કરવામાં આવે, તો અધ્યયનકાળમાં ભગવાનના વચનનો વિનય થાય છે; પરંતુ જો યથાર્થ બોધ કરવા માટે સમ્યગ્ યત્ન ન કરવામાં આવે તો ભગવાનના વચન પ્રત્યે અનાદર થાય છે. વળી, (૨) બોધ કર્યા પછી સર્વ શક્તિથી તે બોધ અનુસાર તપ-સંયમની આચરણા કરવામાં આવે તો તે બોધને જીવનમાં સમ્યક્ પરિણમન પમાડવાના વિષયમાં ભગવાનના વચનનો વિનય થાય છે, અને જો શક્તિ અનુસાર તપ-સંયમમાં ઉદ્યમ ન કરવામાં આવે તો ભગવાનના વચનનો તેટલા અંશમાં અનાદર થાય છે. વળી, (૩) તપ-સંયમમાં કરાતો યત્ન અસંગભાવની પ્રાપ્તિનું કારણ બને તે પ્રકારે ન કરવામાં આવે તો તપ-સંયમની આચરણાકાળમાં ભગવાનના વચન અનુસાર લક્ષ્યવેધી યત્ન કરવાને અનુકૂળ વીતરાગનો વિનય થતો નથી, પરંતુ તપ-સંયમના યત્નથી અસંગભાવની પરિણતિ ઉલ્લસિત થાય તે રીતે યત્ન કરવામાં આવે તો લક્ષ્યવેધી યત્ન કરવાને અનુકૂળ વીતરાગનો વિનય થાય છે.

તેથી એ ફલિત થાય કે શાસ્ત્ર ભણવાની ક્રિયાથી માંડીને અસંગભાવની પરિણતિ સુધીના સર્વ યત્નમાં જો વિનયનું અનુસરણ હોય તો તે સર્વ પરિણતિ વીતરાગતાનું કારણ બને છે, અને કોઈપણ પ્રવૃત્તિમાં વિનયનું અનુસરણ ન હોય તો તે પ્રવૃત્તિ ઉત્તરની પરિણતિનું કારણ બનતી નથી. જેમ વિનયપૂર્વક અધ્યયન ન કરવામાં આવે તો સમ્યક્ બોધ થતો નથી, વળી સમ્યક્ બોધ થયા પછી તે બોધ અનુસાર સમ્યક્ યત્ન ન કરવામાં આવે તો વિનયના અભાવના કારણે તે શ્રુતનો બોધ ઉત્તરની ચારિત્રની પરિણતિનું કારણ બનતો નથી. માટે યોગમાર્ગની સર્વ પ્રવૃત્તિઓમાં વિનયનું અનુસરણ છે, માટે વિનય મુખ્ય છે. **॥૨૭॥**

**અવતરણિકા :-**

**યોગમાર્ગમાં વિનયનું માહાત્મ્ય બતાવે છે –**

**શ્લોક :-**

**दोषाः किल तमांसीव क्षीयन्ते विनयेन च ।**
**प्रसृतेनांशुजालेन चण्डमार्तण्डमण्डलात् ।।२८।।**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અન્વયાર્થ :-**

च चण्डमार्तण्डमण्डलात्=અને પ્રચંડ એવા સૂર્યના મંડળમાંથી, प्रसृतेन अंशुजालेन=નીકળેલ કિરણોના સમૂહથી, तमांसीव=અંધકારની જેમ किल=ખરેખર, विनयेन दोषाः=વિનયથી દોષો=મોહના પરિણામરૂપ દોષો, क्षीयन्ते=ક્ષીણ પામે છે. ॥૨૮॥

**શ્લોકાર્થ :-**

**અને પ્રચંડ એવા સૂર્યના મંડળમાંથી નીકળેલાં કિરણોના સમૂહથી અંધકારની જેમ, ખરેખર વિનયથી દોષો=મોહના પરિણામરૂપ દોષો, ક્ષય પામે છે. ॥૨૮॥**

**ભાવાર્થ :-**

યોગમાર્ગના પ્રારંભથી યોગમાર્ગની નિષ્ઠા સુધી સર્વ પ્રવૃત્તિઓમાં વિનય મુખ્ય કઈ રીતે છે ? તે દૃષ્ટાંતથી બતાવતાં કહે છે –

જેમ પ્રચંડ સૂર્યના મંડળમાંથી કિરણો નીકળતાં હોય ત્યારે પૃથ્વી ઉપર અંધકાર નાશ પામે છે, તેમ કોઈ સાધક શાસ્ત્રઅધ્યયનની ક્રિયાથી માંડીને શાસ્ત્રને સમ્યક્ પરિણમન પમાડવા માટે શક્તિના પ્રકર્ષથી ઉદ્યમ કરતો હોય, તો તેનામાં વર્તતો વીતરાગ પ્રત્યેનો વિનય વીતરાગભાવની નિષ્પત્તિનું પ્રબળ કારણ બને છે. તેથી તે પ્રવૃત્તિમાં વર્તતો વિનયનો પરિણામ વીતરાગભાવને પ્રતિકૂળ એવા મોહના સંસ્કારો પ્રતિક્ષણ નાશ કરીને યોગમાર્ગનો વિસ્તાર ફેલાવે છે. **॥૨૮॥**

**અવતરણિકા :-**

વળી, વિનયનું માહાત્મ્ય બતાવે છે –

**શ્લોક :-**

**श्रुतस्याप्यतिदोषाय ग्रहणं विनयं विना ।**
**यथा महानिधानस्य विना साधनसन्निधिम् ॥२९॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અન્વયાર્થ :-**

विना साधनसन्निधिम्=સાધનની સંનિધિ વગર=મહાનિધાનના ગ્રહણવિષયક ઉચિત ઉપચારરૂપ સાધનની સંનિધિ વગર, यथा महानिधानस्य=જે પ્રમાણે મહાનિધાનનું ગ્રહણ અતિદોષ માટે છે=મૃત્યુ માટે છે, તે પ્રમાણે विनयं विना=વિનય વગર, श्रुतस्य अपि ग्रहणं=શ્રુતનું પણ ગ્રહણ अतिदोषाय= અતિદોષ માટે છે=સંસારના પરિભ્રમણનું કારણ છે. ॥૨૯॥

**શ્લોકાર્થ :-**

**સાધનની સંનિધિ વગર=મહાનિધાનના ગ્રહણવિષયક ઉચિત ઉપચારરૂપ સાધનની સંનિધિ વગર, જે પ્રમાણે મહાનિધાનનું ગ્રહણ અતિદોષ માટે છે=મૃત્યુ માટે છે, તે પ્રમાણે વિનય વગર શ્રુતનું પણ ગ્રહણ અતિદોષ માટે છે=સંસારના પરિભ્રમણનું કારણ છે. ॥૨૯॥**

**ભાવાર્થ :-**

મહાનિધાન પ્રાયઃ દેવોથી અધિષ્ઠિત હોય છે, અને તેવા નિધાનને ગ્રહણ કરવા માટે પ્રવૃત્ત પુરુષ તે દેવના કોપના નિવારણ માટે ઉચિત ઉપાયનું સંનિધાન કર્યા વગર અર્થાત્ ઉચિત ઉપાયનું સેવન કર્યા વગર જો તે નિધાનને ગ્રહણ કરવા માટે યત્ન કરે, તો કુપિત થયેલા એવા દેવ તેનો વિનાશ કરે છે. તેમ જે સાધક આત્મકલ્યાણ માટે શ્રુતગ્રહણ અર્થે પ્રવૃત્તિ કરે છે, આમ છતાં ઉચિત વિનયપૂર્વક શ્રુત ગ્રહણ ન કરે તો અતિદોષની પ્રાપ્તિ થાય છે.

આશય એ છે કે શ્લોક-૨૨માં વિનય સમાધિના જે ચાર ભેદો બતાવ્યા, તે પ્રમાણે જો સાધુ ગુરુ આદિનો ઉચિત વિનય કરીને શાસ્ત્ર ભણવા માટે યત્ન કરે, અને શાસ્ત્ર ભણતી વખતે સમ્યક્ અવધારણ માટે ઉપયુક્ત થઈને યત્ન કરે, તો સમ્યક્ બોધ થાય છે, અને સમ્યક્ બોધ થયા પછી મદના ત્યાગપૂર્વક તે શ્રુત અનુસાર ઉચિત આચરણા કરે તો શ્રુતનો વિનય થાય છે; અને તે વિનયમાં ક્યાંય કચાશ રહે તો તેટલા અંશમાં શ્રુતનું સમ્યક્ ફળ મળતું નથી, ઊલટું ગુણવાન પુરુષના ઉચિત વિનય વગર શ્રુતનો અભ્યાસ કરે તો શ્રુતનો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનાદર થવાથી શ્રુતની આશાતનાના કારણે દીર્ઘ સંસારના પરિભ્રમણની પ્રાપ્તિ થાય છે. માટે સર્વ કલ્યાણનું એક કારણ વિનય છે, તેથી કલ્યાણના અર્થીએ વિનય માટે ઉદ્યમ કરવો જોઈએ. **॥૨૯॥**

**અવતરણિકા :-**

**યોગમાર્ગમાં વિનયની પ્રધાનતાને બતાવવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**विनयस्य प्रधानत्वद्योतनायैव पर्षदि ।**
**तीर्थं तीर्थपतिर्नत्वा कृतार्थोऽपि कथां जगौ ।।३०।।**

**અન્વયાર્થ :-**

विनयस्य प्रधानत्वद्योतनायैव=વિનયનું પ્રધાનપણું બતાવવા માટે જ, कृतार्थोऽपि तीर्थपतिः=કૃતાર્થ પણ તીર્થંકરો, पर्षदि=પર્ષદામાં तीर्थं नत्वा=તીર્થને નમીને कथां जगौ=ધર્મદેશના આપે છે. ।।૩૦।।

**શ્લોકાર્થ :-**

**વિનયનું પ્રધાનપણું બતાવવા માટે જ કૃતાર્થ પણ તીર્થંકરો પર્ષદામાં તીર્થને નમીને ધર્મદેશના આપે છે. ॥૩૦॥**

**ભાવાર્થ :-**

તીર્થંકરના જીવો કોઈક તીર્થમાં ઉત્પન્ન થઈને ધર્મની સાધના કરીને તીર્થંકર નામકર્મ બાંધે છે. તેથી તીર્થંકરની નિષ્પત્તિનું બીજ કોઈક તીર્થંકરે સ્થાપેલું તીર્થ છે. માટે પોતાની તીર્થંકરપણાની પ્રાપ્તિનું બીજ જે તીર્થ છે, તેનો વિનય કરવો તીર્થંકરને પણ ઉચિત છે. વળી તીર્થનું સ્થાપન કરનારા તીર્થંકરો પણ જે તીર્થનો વિનય કરે છે, તે તીર્થ પ્રત્યેનો વિનય "કલ્યાણનું પ્રધાન કારણ છે" તેવો લોકોને બોધ કરાવવા માટે કૃતાર્થ એવા પણ તીર્થંકરો પર્ષદામાં 'નમો તિત્થસ્સ' એમ કહીને તીર્થને નમસ્કાર કરે છે, અને ત્યારપછી દેશના આપે છે. તેથી વિનય સર્વ યોગમાર્ગમાં પ્રધાન કારણ છે, એમ ફલિત થાય છે. **॥૩૦॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અવતરણિકા :-**

વિનય વગરની સંયમની સર્વ ક્રિયાઓ નિષ્ફળ છે, તે બતાવીને મોક્ષમાર્ગમાં વિનય પ્રધાન છે, તે સ્પષ્ટ કરે છે –

**શ્લોક :-**

छिद्यते विनयो यैस्तु शुद्धोञ्छादिपरैरपि ।
तैरप्यग्रेसरीभूय मोक्षमार्गो विलुप्यते ।।३१।।

**અન્વયાર્થ :-**

शुद्धोञ्छादिपरैरपि=શુદ્ધઉંછાદિમાં તત્પર એવા પણ જે સાધુઓ વડે=નિર્દોષ ભિક્ષાચર્યાદિમાં યત્નપરાયણ એવા પણ જે સાધુઓ વડે विनयः=વિનયનો छिद्यते=ત્યાગ કરાય છે, तैरपि अग्रेसरीभूय=તેઓ વડે પણ અગ્રેસર થઈને=ધર્મની પ્રવૃત્તિમાં અગ્રેસર થઈને, मोक्षमार्गः विलुप्यते=મોક્ષમાર્ગનો વિલોપ કરાય છે. ।।૩૧।।

**શ્લોકાર્થ :-**

**શુદ્ધઉંછાદિમાં તત્પર એવા પણ જે સાધુઓ વડે=નિર્દોષ ભિક્ષાચર્યાદિમાં યત્નપરાયણ એવા પણ જે સાધુઓ વડે, વિનયનો ત્યાગ કરાય છે, તેઓ વડે પણ અગ્રેસર થઈને=ધર્મની પ્રવૃત્તિમાં અગ્રેસર થઈને મોક્ષમાર્ગનો વિલોપ કરાય છે. ।।૩૧।।**

**ભાવાર્થ :-**

જે સાધુઓ આત્મકલ્યાણના અર્થી છે, તેથી નિર્દોષ ભિક્ષાચર્યાદિ સંયમની ઉચિત પ્રવૃત્તિઓ કરવામાં તત્પર છે, આમ છતાં પારમાર્થિક બોધના અભાવના કારણે ગીતાર્થ ગુરુના પારતંત્ર્યનો ત્યાગ કરે છે અને સ્વમતિ અનુસાર સંયમની પ્રવૃત્તિઓ કરે છે, તેઓના વડે ગુરુપારતંત્ર્યના ત્યાગથી ગુણવાન એવા ગુરુના વિનયનો પણ ત્યાગ કરાયો છે. તેથી તેવા સાધુ સંયમજીવનમાં અગ્રેસર હોવા છતાં મોક્ષમાર્ગનો વિનાશ કરે છે અર્થાત્ મોક્ષમાર્ગને અનુકૂળ એવી રત્નત્રયીની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વૃદ્ધિ તો કરતા નથી, પરંતુ ગુણવાન ગુરુનો અવિનય કરીને ભવાંતરમાં યોગમાર્ગની અપ્રાપ્તિ થાય, તેવાં ક્લિષ્ટ કર્મો બાંધે છે. તેથી તેઓની સંયમની આચરણા પણ અફળ છે. **॥૩૧॥**

**અવતરણિકા :-**

વિનયનું વિશિષ્ટ ફળ બતાવે છે –

**શ્લોક :-**

नियुंक्ते यो यथास्थानमेनं तस्य तु सन्निधौ ।
स्वयंवरा समायान्ति परमानन्दसम्पदः ।।३२।।

**અન્વયાર્થ :-**

**યઃ=જે સાધક एनं=આને=વિનયને, यथास्थानं नियुंक्ते=યથાસ્થાને યોજે છે=યથાસ્થાને વિનય કરે છે, तस्य तु सन्निधो=તેની જ સંનિધિમાં परमानन्द-सम्पदः=પરમાનંદની સંપત્તિ=મોક્ષની સંપત્તિ, स्वयंवरा समायान्ति=સામેથી આવે છે. ॥૩૨॥**

**શ્લોકાર્થ :-**

**જે સાધક આને=વિનયને, યથાસ્થાને યોજે છે=યથાસ્થાને વિનય કરે છે, તેની જ સંનિધિમાં પરમાનંદસંપત્તિ=મોક્ષની સંપત્તિ, સામેથી આવે છે. ॥૩૨॥**

**ટીકા :-**

शिष्टमर्थं स्पष्टम् ।।३२।।

**ટીકાર્થ :-**

વર્ણન કરાયેલ અર્થ સ્પષ્ટ છે માટે ટીકાકારે **શ્લોક-૧૭થી ૩૨ની ટીકા** કરેલ નથી. ॥૩૨॥

**ભાવાર્થ :-**

યોગમાર્ગ જ્ઞાન-ક્રિયા સ્વરૂપ છે, અને જ્ઞાનપ્રાપ્તિના પ્રારંભથી વિનયપૂર્વક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જેઓ ભણે છે અને જ્ઞાનનો સહેજ પણ અન્યથા અર્થ ન થાય તે પ્રકારે ઉપયુક્ત થઈને શાસ્ત્રવચનોનો સમ્યક્ બોધ કરે છે, અને સમ્યક્ બોધ કર્યા પછી તે બોધને પરિણમન પમાડવા માટે સર્વ ઉચિત આચારોમાં યત્ન કરે છે તેઓ જ્ઞાનવિનય કરીને જ્ઞાનના પરમાર્થને પ્રાપ્ત કરે છે, અને પ્રાપ્ત થયેલા બોધથી નિયંત્રિત થઈને અપ્રમાદભાવથી સર્વ ક્રિયાઓમાં યત્ન કરે છે, તેઓ જ્ઞાનાદિ સર્વવિનય કરીને વિનયના ફળને પામે છે. અને અંતે શાસ્ત્રઅધ્યયનને સમ્યક્ પરિણમન પમાડીને ક્રમસર વીતરાગ સર્વજ્ઞ બને છે. તેવા મહાત્માઓને મોક્ષની સંપત્તિ સ્વયં પ્રાપ્ત થાય છે. તેથી સર્વ કલ્યાણની પરંપરાનું પ્રબળ કારણ વિનય છે. **॥૩૨॥**

**।। इति विनयद्वात्रिंशिका ।।२९।।**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"विनयेन विना न स्याज्जिनप्रवचनोन्नतिः ।
पयःसेकं विना किं वा वर्धते भुवि पादपः ॥"

"વિનય વગર જિનપ્રવચનની
ઉન્નતિ થાય નહિ. શું પાણીના સિંચન
વગર ભૂમિમાં વૃક્ષ વૃદ્ધિ પામે ?
અર્થાત્ વૃદ્ધિ પામે નહિ."

: પ્રકાશક :

ગીતાર્થ ગંગા

૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
ટેલિ./ફેક્સ : (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ફોન : (૦૭૯) ૩૨૯૧૧૪૭૧
E-mail : gitarthganga@yahoo.co.in

DESIGN BY
9824048680

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org